કુમાર

સંસ્થાપક
રવિશંકર રાવળ

તંત્રી : બચુભાઈ રાવત · સળંગ અંક ૩૮૭
આવતી કાલનાં નાગરિકોનું માસિક · માર્ચ ૧૯૫૬

ભારતીય પાર્લામેન્ટના પિતા • ગણેશ વાસુદેવ માવળંકર

આ લોકસભાના પ્રારંભના અને કપરા ઘડતરકાળમાં શ્રી માવળંકરે જ એક પથપ્રદર્શક દેવતાની જેમ આપણને દોર્યા છે, સહારો દીધો છે, ટોક્યા છે ને સાચે રસ્તે રાખ્યા કર્યા છે, અને ઉચ્ચ પ્રણાલિકાઓ પાડીને આપણી લોકસભાનું જ નહિ પણ અન્ય સ્થળોનાં પાર્લામેન્ટરી જીવનનું ઘડતર કર્યું છે. સંસદમાં આવી પડતી કોઈ પણ પરિસ્થિતિમાં શાંતિ, સૌજન્ય અને છતાં નિશ્ચલતાથી કામ લેવાની એમની શક્તિ પર આપણે એટલો બધો આધાર રાખતા કે આ લોકસભાને એમના વિનાની આપણે કહી જ શકીએ નહિ. લોકસભાનું તે એક અવિભાજ્ય અંગ હતા, આપણને સૌને એકબીજા સાથે સાંધનારી કડી હતા અને તેથી, એમના મૃત્યુથી જાણે એક પ્રણાલિકા નંદવાઇ ગઇ છે, જાણે એક સંસ્થાનો લોપ થઈ ગયો છે એમ લાગે છે. લોકસભાના એ લગભગ પિતા સમાન હતા, અને મારી ખાતરી છે કે એમનું નામ આ લોકસભાનું ઘડતર કરીને તેના ઉપર પોતાના વ્યક્તિત્વની ઊંડી મહોર મૂકી જનાર તરીકે દીર્ઘ કાળ સુધી તેની સાથે સંકળાએલું રહેશે.


—પં૦ જવાહરલાલ નેહરુ





ભક્ત કવિ નરસિંહ

કલાકાર શ્રી રવિશંકર મ. રાવળના સૌજન્યથી



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા


લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

અહીં પ્રગટ થતા દરેક પત્ર તથા ચિત્ર માટે એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.



ફેબ્રુઆરી અંકમા ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીનો પ્રોસ્ટેટ વ્યાધિ ઉપરનો લેખ વાંચીને મને એ વ્યાધિ હતો એની ખાતરી થઈ, અને અહીં સર્જન પાસે ખાતરી કરી લીધી પણ 'આ વ્યાધિનો એકમાત્ર ઉપાય ઑપરેશનથી એ ગ્રંથિ કઢાવવાનો છે' એનાથી સંતોષ નહોતો થયો. ત્યાં એક મિત્રના કહેવાથી મેં કેસૂડાંના ફૂલનું ફોમેન્ટેશન ચાર વખત કર્યું ને પાંચેક વખત એમાંનાં કુમળાં ફૂલ ચાર પાંચ લઈને કચરીને સોડા સાથે પીધાં, એટલે એ વ્યાધિ મૂળથી ગયો, કારણકે પેશાબની હાજત પહેલાંની માફક પૂરી થવા લાગી, ને જાણે એ વ્યાધિ મને થયો જ નથી, એમ અનુભવવા લાગ્યો.

આવી રીતે એક કરતાં વધુ ઉપાયો(ઍલોપૅથિક, આયુર્વેદિક વગેરે)નું સિન્થેસિસ કરવામાં આવે તો વધારે સારું. આપણા ઘરગથુ ઉપાયોમાં એવા કંઈક છે કે જેના ઉપચારથી કંઈક વ્યાધિઓ મટી શકે છે.

(મુંબાઇ) —ચંદુલાલ સી. શાહ

'કુમાર'માં 'ચિત્રમાં રહસ્યકથા' ચાલુ કરી તેથી બહુ જ આનંદ થયો. મને પોતાને આ વિષયમાં રસ છે. બીજું મારા એક પોલીસ ઈન્સ્પેક્ટર મિત્ર હોઈ અમો આવા વિષય પર અવારનવાર ચર્ચા કરીએ છીએ તેઓને પણ મેં 'કુમાર'માંની ચિત્રમય રહસ્યકથાઓ બતાવી. થોડી વાર વિચાર કરી તેઓએ બરાબર ઉત્તરો શોધી આપ્યા. અને તેઓને પણ આ તમારી યોજના ઘણી જ ગમી તેમજ આવી રહસ્યમય કથાઓ આવતી રહે તો બહુ જ સારું એમ કહ્યું. વળી 'કુમાર'ના અંકો ખાસ સાથે લઇ જઈ પોતાના ડિપાર્ટમેંટના બીજા અધિકારીઓને બતાવી તેઓને ઉત્તરો શોધી આપવા કહ્યું, અને દરેક વખતે 'કુમાર'ના અંકો પોતાને બતાવવા મને ખાસ આગ્રહ કર્યો છે.

સાથે સાથે 'કુમાર'માં સાચી બનેલી ઘટનાઓની રહસ્ય-કથાઓ આવતી રહે તો બહુ જ સારું એમ ઇચ્છીએ છીએ. ઇંગ્લિશમાં એવી સાચી બીનાઓનાં ખાસ માસિકો નીકળે છે તેમાંથી ભાષાંતર કરી એવી વાર્તાઓ લઇ શકાય. દરેક વાચકને સંતોષવા બહુ જ મુશ્કેલ છે પણ આ વિભાગ 'કુમાર'માં ચાલુ થશે તો એને બધા જ વધાવી લેશે એમાં લેશ પણ શંકા નથી.

(કારંજા વરાડ) —તુલસીદાસ સંપટ

જાન્યુઆરી અંકમાં શ્રી 'સુકાની'ની વાર્તાના પ્રવેશમાં લખ્યું છે કે 'આપણા સાહિત્યમાં ઇતિહાસમાં, આપણા ત્રણ હજાર વર્ષના સળંગ વહાણવટામાં એકેય સાગરવીરના નામનો ઉલ્લેખ નથી.' તેઓ વલસાડના સાગરવીર શ્રી અમુલખ દેસાઈને ભૂલી ગયા લાગે છે. ગોલાગીરીને નાબૂદ કરવા મુઠીભર સાગરીતો સાથે દરિયાલાલની ગોદે ચઢ્યા. મુંબઈના એ યુગના પ્રખ્યાત કોટ્યાધિપતિ શ્રી રણમલ લાખાએ એમને આડકતરી મદદ કરેલી, અને પોતાનું જગપ્રખ્યાત કચ્છી જહાજ 'રણમલ લાખા' પણ શ્રી અમુલખ દેસાઇને ભેટ આપેલું, જેના અવશેષો પણ હાલ એક ટાપુમાંથી મળી આવ્યા છે. શ્રી અમુલખ દેસાઇને આરબો, ચીનાઓ ને ઈરાનીઓ 'શકેઅલબહાર' યાને 'સક્કરબાર' તરીકે ઓળખતા 'સામ્રાજ્યની મહારાણી' તરીકે ઓળખતા. બ્રિટનની તેજીલી આરમારો અને જંજીનાં શાહનાં પ્રખ્યાત બેડા પણ તેના 'રણમલ લાખા'ની ધ્વજા જોઈ કાંપતા. તેણે ગોલાગીરીને કંપની સરકારની મદદ બંધ કરાવી.

સ્વ. શેઠશ્રી રણમલ લાખાના વખતથી શરૂ થએલી કેટલીક ધાર્મિક સંસ્થાઓને અપાતી સખાવતો હજુ પણ મુંબઈ વગેરે સ્થળોમાં ચાલુ છે. તદુપરાંત 'સક્કરબાર'ના જીવન વિષે શ્રી ગુણવંતરાય આચાર્યે ચાર ભાગમાં એક નવલકથા પણ લખી છે, જેના પરથી ફિલ્મ ઊતરવાની છે. આખરે તે દગાથી મિસરમાં પકડાયો અને તેને ત્યાં ફાંસી દેવામાં આવી.

(ગઢડા સ્વામીના) —સંતોષકુમાર પુ. ભટ્ટ

[આના ઉત્તરમાં શ્રી 'સુકાની' લખે છે: 'શ્રી સન્તોષકુમાર ભટ્ટ ઇતિહાસ અને નવલકથા વચ્ચેનો ભેદ તપાસી જોશે તો જણાશે, કે એમણે નિર્દેશેલાં પાત્રો કેવળ શ્રી ગુણવંતરાય આચાર્યનાં સરજાવેલાં નવલ પાત્રો છે. આપણી શાળાઓ ને વિદ્યાપીઠોનાં પાઠ્યપુસ્તકોમાં દાખલ થઈ શકે એવાં આધારભૂત નથી.']

શ્રી 'સુકાની'ની વાર્તા ગત વહાણવટાની યાદ આપી જાય છે. આજે જ્યારે મહાગુજરાતની રચના સાકાર થઈ રહી છે ત્યારે આ યાદ અત્યંત જરૂરી છે. મહાગુજરાતનાં કંડલા, સુરત, ખંભાત વગેરે બંદરોથી ભારતનો ધ્વજ દુનિયાભરમાં ફરકાવવાની ઉમેદ લઈને ગુજરાતના યુવાનો બહાર પડશે એવી આશા રાખીએ.

શ્રી સુકાની વર્તમાન દરિયાઇ સાહસોની વાર્તા પણ આલેખશે એ સમાચારથી આનંદ થયો. તેમની શૈલીમાં એવાં જાદુ છે કે એક વાર વાર્તા હાથમાં આવે પછી મૂકવાનું મન જ નથી થતું. તેમને અભિનંદન પાઠવશો.

(મુંબાઇ) —ગિરીશ દેસાઇ

'કુમાર'માં છબીકલા માટે ઇનામો વગેરે અપાય છે. મને એક વિચાર આવ્યો. શાળાઓ કે કૉલેજોમાં મઢાવીને રાખવા માટે ગુજરાતી લેખકોની છબીઓ મળતી નથી; તો લેખકોની લાક્ષણિક ભાવવાહી તસ્વીર માટેની એક હરીફાઈ 'કુમાર' યોજે તો?

મહિને મહિને 'કુમાર'ના પૂરા પૃષ્ઠ જેવડી એક એક છબી છપાતી જાય અને સાથે લેખકનું ટૂંકું જીવન. તો બે વરસમાં એક સરસ આલ્બમ તૈયાર થાય. અને તેમાં ય જો રંગીન ફોટોગ્રાફ છાપવાની વ્યવસ્થા થાય(એ માટેનાં શાં સાધનો 'કુમાર'ને વસાવવાં પડે તેની ખબર નથી) તો તો વિદ્યાર્થીઓને આનંદ આનંદ થઈ પડે.

હજારો વિદ્યાર્થીઓને આજે માત્ર ગાઇડોમાં છપાએલાં જીવનચરિત્રો વાંચીને ચલાવવું પડે છે. સાહિત્યકારના જીવનમાંથી તેને કંઈક પ્રેરણા લેવાની છે એ તેને યાદ શી રીતે આવે?

(મોરબી) —નાથાલાલ દવે

ફેબ્રુઆરી અંકમાં નાગપુરના એસ. વાઈ. મલક લખે છે કે 'મસ્તફકીરનો જન્મ ૧૮૮૨ માં થયો તે ગણતરીએ તેમના મરણ સમયે ઉમર ૫૮ વર્ષની નહિ, પણ ૬૪ની થઈ કહેવાય.'

જાન્યુઆરી અંક જોતાં તમે લખ્યું છે કે 'એમનો જન્મ ૧૮૯૨માં રાજકોટમાં થયો હતો.' આ તારીખ સાચી છે, પણ બાદબાકીમાં ગોથું ખાધું છે. ભાઈ મલકે કે છાપનારે ૧૮૯૨ના ૧૮૮૨ કર્યા (છાપનારે કર્યા,—તંત્રી). પ્રમાણે ૬૪ નથી પણ ૭૪ છે! આમ ગંમત થઈ છે.

૧૮૯૨ની સાલ જન્મની સાચી છે, ને ૬૪ વર્ષે અવસાન થયું એ ય સાચું છે. એમના એક સગા ને મારા મિત્રની ય સાક્ષી મારી પાસે છે.

(ખારા મુંબાઇ) —કાંતિલાલ છ. પંડ્યા

અંક ૩૪૮માં '૨૫ વર્ષ પહેલાં'ના વિભાગમાં ગોમતેશ્વરની મૂર્તિનું વર્ણન છે તેમાં તેની ઊંચાઈ ૬૦ ફીટ બતાવી છે. પણ તે બરાબર નથી. તેનાં ખરાં માપ નીચે પ્રમાણે છે: મૂર્તિની કુલ ઊંચાઇ ૫૮ ફીટ; કાનના અધોભાગ સુધી ઊંચાઇ ૫૦ ફીટ; પગની લંબાઈ ૯ા ફીટ; પગના અંગુઠાની લંબાઈ ૨ાા ફીટ; જાંગના ઉપરના ભાગની (અનુ. પૃ. ૧૨૨મે)

કહી શકો તો

· મિશ્ર ·

આ જોઇ લો, શોધી દિયો, શકો તો:
આ મૂળ સોતો અહીં છોડ છે ઢળ્યો:
આ એક છેડે વળગેલ મિટ્ટી ને
ત્યાં અન્ય છેડે ફુલડાં રહ્યાં ખિલી.

અને અહીં પાસ પડ્યો છ ક્યારડે
ખાડો જરા, જ્યાં હતુ અલ્પ આ તરુ,
ને વાયરા, ને જલ, તેજ સૂર્યનાં
બધાં અહીં–બાજી સમસ્ત ખુલ્લી આ
મૂકી દીધી છે જગ સર્જનારે.

હું પૂછું: કહો આ અહીં શું બની ગયું?
આ એક છેડે જલ-માટીના રસો,
આ વાયુ ને તેજ તણા તરંગ સૌ
પ્રવેશી આ બીજ વિષે વધી વધી

ત્યાં અંકુર્યાં, પાંગરિયા, અને બીજે
છેડે જતાં કો નવરંગનાં ભર્યાં
કો બીજથી પારની સૌરભે પૂર્યાં
પુષ્પો થઇને મલકી હસી રહ્યાં.

બે વેંતની એ વચમાં અરે કશી
અગમ્ય આ ગંમત કો ગયું કરી?

સુન્દરમ્

ફાગ રે!

· ગાન ·

ફાગ રે!
તારે તે પગલે સારી યે સૃષ્ટિનો
મ્હેકી રહે મઘમઘ શો બાગ રે!–ફાગ રે૦

તારી તે આગમાં ખીલે અંકુર અને જાય ખૂલી કોકિલના કંઠ,
ફૂણા આ કાળજાને હળવેથી જાય કોરી મ્હોરંતી મંજરીની ગંધ;
તારી શરણાઇના સૂરે શરમાઇ હું તો
વણસુણ્યો સુણું કોઈ રાગ રે!–ફાગ રે૦

આવી પડી હું જાણે કોઇ નવી ભોમમાં ને જોતાં જડાઇ ગઈ માયા,
રોમરોમમાં મારા પ્રકટે રોમાંચ, ભલા એવા શા વાયરા વાયા?
ઝેરનું તો નામ કે નિશાન રહ્યું આજ નહીં,
આસવના ડંખ દિયે નાગ રે!–ફાગ રે૦

સુરેશ દલાલ

ઓરતો

· ગાન ·

અબ તો રે આવી જાજ્યો હો જીવણ!
રગફગતો ફરી ફાગણ આયો, ફોર્યાં ફોર્યાં ફરી વન!

કુંજગલીમાં સૈયરૂં સરખી પિયું સંગ હોરી ખેલે,
વરસે રે રંગ રંગનાં વાદળ ગંધ ચડી છે હેલે:
હાય રે વ્હાલા!—
ઊમટયા આ કોડ ઉમંગોને સંગમેળે
અવરને અમીપાન ને મારે કાં ગરલ ઘૂંટનાં પીવણ?!

વીત્યા ફાગણ કૈંક આવા ને વીતી હો કૈંક હોરી,
તો ય ન પૂર્યો ઓરતો ઉરનો રૈ' ગૈ હું એક કોરી!
હજી યે આવો!—
મોડી મોડી એક ફેરી દ્યો રંગે ઝબોળી,
બેઠી છું જરતી જાતનાં કરતી ધીરને ધાગે સીવણ!

પદ્યુમ્ન તન્ના

એક ને એક

· પૃથ્વી ·

હતી ઘરમહીં હું એક જ ન કોઇ બીજું અહીં,
તદા ગૃહની વસ્તી 'એક' પણ શૂન્યતામાં ભળી
જતાં ઘર બધું ય નિર્જન અસહ્ય થાતું લહ્યું.
અને ફકત 'એક' અન્ય વધતાં ગૃહે શું થયું?
લહું સભર ગેહ આ, સકલ વિશ્વ જાણે અહીં
જ આવી વસ્યું!
પ્રિયે, હૃદય જાણતું કયમ ન–એક ને એક શું?

ગીતા પરીખ

બૌદ્ધિક ગણતરી મુજબ ૧+૧=૨; પણ હૃદયનું ગણિત તો ૧+૧=અનેક–એટલે કે વિશ્વસમસ્ત ગણે છે. આમ કેમ?

સોયમાં નયનો કેરી દૃષ્ટિ-દોર પરોવીને
ચાલને આપણે પ્રિય! ઉરનાં વસ્ત્ર સાંધીએ.

અમૃત શુક્લ


સ્વપ્નસિદ્ધિ

· પરંપરિત ઝૂલણા ·

સ્વપ્ન તો વારિનાં અલ્પતમ સીકરો છે છતાં,
શ્રમતણો સૂર્ય જ્યારે કસોટી તણાં રશ્મિઓ પાથરે;
ઇન્દ્રના ચાપ શી
સ્વપ્નસિદ્ધિ તણી રંગલીલા તદા વિસ્તરે!

ભગવતીકુમાર શર્મા

ફોટો : નરેન્દ્ર રાવળ



ભારતની પાર્લામેન્ટના

વડા પ્રધાન શ્રી નેહરુએ જેમને માટે 'લોકસભાના પિતા' એ બિરુદ યોજીને સર્વથા સમુચિત અંજલિ આપી છે એ, ભારતની લોકસભાના પહેલા અધ્યક્ષ, માનનીય ગણેશ વાસુદેવ માવળંકર—જેઓ એમના નિકટવર્તીઓ અને પરિચિતોમાં 'દાદાસાહેબ'ના માનભર્યા નામથી જાણીતા હતા તેમનું, ગયા માસ (ફેબ્રુઆરી)ની ૨૭મી તારીખે સવારે અવસાન થતાં દેશ પોતાના એક સમર્થ અને મહાનુભાવ પુત્રની ખોટથી ગમગીન અને ગરીબ બન્યો છે. ◐ જેણે એમની ઊજળી કારકિર્દીને કળશ ચડાવ્યો એ, ભારતની લોકસભાના અધ્યક્ષપદે તો તેઓ જીવનનાં છેલ્લાં વર્ષોમાં આવ્યા, પરંતુ ઈ. ૧૯૧૪માં એ કારકિર્દીની શરૂઆત થઈ ત્યારથી સતત એમણે જે અણીશુદ્ધ પ્રામાણિકતા, એકાગ્રતા, કાર્યક્ષમતા, સિદ્ધાંતનિષ્ઠા, ભાવનામયતા, અને પ્રોજ્જ્વલ ચારિત્ર્યબળથી એનું નિર્માણ અને ઘડતર કર્યું તે સર્વજન–સર્વકાળ માટે આદર્શરૂપ છે. અમદાવાદથી એની શરૂઆત કરીને ગુજરાત અને ભારતભરમાં આ ચાળીસ વર્ષમાં વ્યાપેલી એમની સેવાઓએ રાજકીય, સામાજિક, શિક્ષણ, સંસ્કાર અને જનસેવા, સર્વ ક્ષેત્રોને આવરી લઇને ઊજળાં કર્યાં હતાં અને તે દરમ્યાન પોતાનાં સેવાતત્પર પુરુષાર્થ ઊંડી સમજણ, દીર્ઘદૃષ્ટિ, વ્યવહારુ બુદ્ધિ અને પ્રગાઢ પ્રતિભાથી તેઓ અનેક મહત્ત્વની સંસ્થાઓના સર્જક, સંચાલક તથા માર્ગદર્શક તેમજ અનેકાનેક વ્યક્તિઓના સ્વજન, પ્રેરક, સલાહકાર અને સમાધાનસ્થાન બની રહ્યા હતા.

આજથી એક સૈકા ઉપર, મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના માવલણ ગામેથી ગુજરાતમાં આવી વસેલા સત્ત્વશુદ્ધ મહારાષ્ટ્રીય બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ ઈ. ૧૮૮૮ની ૨૭મી નવેમ્બરે પોતાના મોસાળ વડોદરામાં થએલો. પેશ્વાઈ કાળે એમના પૂર્વજોને અમદાવાદ પાસેનું એક ગામ ત્રણ પેઢીના ભોગવટા પૂરતું મળ્યું હતું. તે મુદ્દત તેમના પિતાના વખતમાં પૂરી થતાં તેમણે સરકારના ન્યાયખાતામાં નોકરી લીધેલી. આથી દાદાસાહેબને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કોંકણમાં દેવરૂખ, રાજાપુર, મહાડ, સંગમેશ્વર, ગોધરા વગેરે સ્થળે જ્યાંજ્યાં એમના પિતાની બદલી થઇ ત્યાં ત્યાં મેળવવું પડ્યું. પરિણામે, ઈ. ૧૯૦૩માં તેઓ અમદાવાદ જઇને મૅટ્રિક થયા અને ગુજરાત કૉલેજમાં ઉચ્ચ કેળવણી માટે દાખલ થયા ત્યાં સુધી ગુજરાતીનું એમનું જ્ઞાન સાધારણ જ રહેલું. પરંતુ વિશાળ વાચન, સૂક્ષ્મ દૃષ્ટિ અને સતત ચર્ચાઓ દ્વારા એમાં એમણે પારંગતતા અને પ્રભુત્વ મેળવી લીધાં.

એમના પિતા નિષ્ઠાવાન અને ચારિત્ર્યશીલ પુરુષ હતા. તેમનાં સ્મરણો ને આદેશોની અસર દાદાસાહેબના જીવન પર ખૂબ ઊતરી છે. ઇ. ૧૯૦૪માં એમણે બહુ નાની ઉંમરે તેમની છાયા ગુમાવતાં માતાનું શાસન એક ચુસ્ત આજ્ઞાધીન પુત્ર પેઠે સ્વીકાર્યું હતું અને માતા નારાજ થાય એવું કશું એ આચરતા નહિ. માતાને પ્રસન્ન રાખવા અંગત સિદ્ધાંતો સુદ્ધાંનો એમણે ભોગ આપેલો.

એમનું વિદ્યાર્થીજીવન બહુ તેજસ્વી હતું અને કૉલેજની ત્રણે શ્રેણીમાં સર્વદેશીય પ્રવીણતા માટે એમણે સ્કૉલરશિપ મેળવી હતી. દેશભક્તિની ભાવના પણ એ વયે પાંગરી હતી. બંગભંગની ચળવળે અને ટિળક મહારાજની દેશનિકાલી વગેરે બાબતોએ એમને દેશસેવામાં ઝંપલાવવા પ્રેર્યા, અને ઈ. ૧૯૦૬માં તેઓ બી.એ.ના વર્ગમાં આવ્યા ત્યારે ઐચ્છિક વિષયો લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં દેશની ઔદ્યોગિક સાધનામાં સહાયભૂત થવાય એ હેતુથી એમણે ખાસ પદાર્થવિજ્ઞાન અને રસાયનવિજ્ઞાનના વિષયો લીધા. ઇ. ૧૯૦૮માં કૉલેજમાં બીજે નંબરે આવી તેઓ બી.એ. થયા ને દક્ષિણા ફેલો નિમાયા. એમની અંતરેચ્છા તો રસાયનશાસ્ત્ર લઈને એમ.એ. થવાની કે ડૉક્ટર થવાની હતી, ને સરકારી નોકરી કે વકાલત માટે એમને જરા યે ઉમળકો ન હતો.

છતાં કુટુંબીઓના આગ્રહને વશ થઇ, અને ખાસ તો માતાની ઇચ્છાને માન આપી, એ મુંબાઈની કાયદાની કૉલેજમાં જોડાઈ ૧૯૧૧-૧૨માં તેમણે કાયદાની બંને પરીક્ષાઓ ફર્સ્ટ ક્લાસમાં પસાર કરી.

આ પછી દેશસેવાની તકો હાથ લેવા એમણે પૂનાની સાર્વજનિક સંસ્થાઓ જોઇ, 'હિંદ સેવક સમાજ' (સર્વન્ટ્સ ઑવ ઇંડિયા સોસાએટી) અવલોકી; પણ અનુભવીઓની સલાહ મળી કે પરોપજીવી સંસ્થાઓમાં રહી ધંધાદારી રાજદ્વારી બનવા કરતાં સ્વાવલંબી લોકસેવક બનવું. આથી ડૉક્ટર, રસાયણશાસ્ત્રી કે પ્રોફેસર બનવાની અભિલાષાવાળા આ યુવાને ઈ. ૧૯૧૩માં અમદાવાદમાં વકાલત આદરી. પરંતુ વકાલતમાં એમણે કદી પર્યાપ્તિ માની ન હતી. વકાલત સેવા અર્થે છે એ વિચાર તેઓ હમેશાં આગળ રાખતા અને અનેક પ્રસંગોએ તે પ્રત્યક્ષ કરી બતાવ્યો.

વકાલત જેવા ધંધામાં રહીને પણ જીવનના આદર્શો અનુસાર સેવા કરવાનું ઉત્તેજન અને ક્ષેત્ર એમને સ્વ. દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇ પાસેથી મળી ગયું અને ગુજરાત કેળવણીમંડળના તે સેક્રેટરી બન્યા. ગુજરાતના એ મહાભાગ પુરુષના નિકટ સહવાસનાં મીઠાં સ્મરણો અને જીવનતત્ત્વો તેમણે સાચવી રાખેલાં.

વકાલત શરૂ કર્યા પછી એકાદ વરસમાં જ, ૧૯૧૪માં તેઓ સરદાર વલ્લભભાઈ(જેઓ તે સમયે અમદાવાદમાં બૅરિસ્ટર હતા તે)ના સંપર્કમાં પણ આવ્યા અને ૧૯૧૫માં ગુજરાતની પ્રાંતિક રાજકીય પરિષદના પત્રવ્યવહારના મંત્રી તરીકેની કામગીરી બજાવી.

એ સમયે ગુજરાતના રાજકીય, આર્થિક, શૈક્ષણિક, સામાજિક વગેરે પ્રશ્નો હલ કરવા માટે 'ગુજરાત સભા' નામની સંસ્થા અમદાવાદમાં ચાલતી અને તાજેતરમાં જ અમદાવાદમાં કોચરબ પાસે આશ્રમ સ્થાપી રહેલા મહાત્મા ગાંધીજી એ સંસ્થાના પ્રમુખ હતા. દાદાસાહેબની કામગીરીથી મુગ્ધ બનેલા કાર્યકરોએ એમને ૧૯૧૬માં આ ગુજરાત સભાના સહમંત્રી નીમ્યા. આમ ગાંધીજી તથા વલ્લભભાઈના હસ્તે જાહેર સેવાની દીક્ષા પામ્યા બાદ પોતાની નિર્વ્યાજ નિષ્ઠા અને પારદર્શક પ્રામાણિકતાથી તેઓ ગાંધીજી તથા સરદારના અંતેવાસી થવા જેટલા ઘનિષ્ઠ સંબંધમાં આવ્યા. છતાં પોતાના વિચારસ્વાતંત્ર્ય

પિતા : ગણેશ વાસુદેવ માવલંકર

કે વ્યક્તિત્વના તેજને તેમણે કદી ઝાંખું પડવા દીધું ન હતું. બુદ્ધિનિષ્ઠ અને વ્યવહારુ દૃષ્ટિ તેમનામાં પહેલેથી જ કેળવાઇ હતી. કોઈ પણ કામમાં તેઓ કદી આવેશથી પગલું ભરતા નહિ. વિદ્યુતના ઝગમગાટ કરતાં નંદાદીપનું શાંત સ્થિર તેજ એમને વધુ માન્ય હતું. એમના જીવનમાં ભાવનાનાં તોફાનને નહિ પણ બુદ્ધિની કસોટીએ ચડાવેલા સ્વસ્થ નિર્ણયને હમેશાં સ્થાન મળતું. કોઇના પણ વ્યક્તિત્વના પ્રભાવમાં આવેશથી અંજાઇને તે ખેંચાતા નહિ, અને તેથી જ સરદાર ને ગાંધીજી જેવી મહાન વિભૂતિઓના ઘનિષ્ટ સંબંધમાં આવ્યા છતાં એમણે પોતાના વ્યક્તિત્વને મહાદેવભાઈની પેઠે કદી વિલીન થવા દીધું ન હતું.

ગુજરાત સભા દ્વારા એમની પહેલી જાહેર પ્રવૃત્તિ તે ઈ. ૧૯૧૬ની પ્રથમ ગુજરાત રાજકીય પરિષદની કામગીરી. ત્યાર પછી ૧૯૧૮માં વ્યાપેલા ઇન્ફ્લ્યુએન્ઝાના નિવારણની સેવાપ્રવૃત્તિ, ૧૯૧૯માં દુષ્કાળ-નિવારણનું કાર્ય, તથા એ જ સાલમાં ખેડા જિલ્લામાં ગાંધીજીએ શરૂ કરેલા સત્યાગ્રહની કામગીરીએ એમને ક્ષેત્રબદ્ધ અને નિષ્ઠાવાન કાર્યકરોની આગલી હરોળમાં મૂકી દીધા, અને ૧૯૨૦માં અસહકારના આંદોલન સાથે ગુજરાત પ્રાંતિક સમિતિની સ્થાપના થતાં તેનું સંચાલન એમને સોંપાયું. એ સ્થાનેથી એમણે દર્શાવેલી અવિરત અને અડગ કર્તવ્યનિષ્ઠા તથા વિશુદ્ધ નાણાંવહીવટ એટલાં પ્રતીતિજનક નીવડ્યાં કે ૧૯૨૧માં અમદાવાદમાં ભરાએલી કોંગ્રેસનું મંત્રીપદ પણ એમને જ સોંપાયું. એ વખતે તેમણે અતુલ ભાર ઉઠાવ્યો અને જાતજાતના વિરોધો ને ઉશ્કેરાએલા વાતાવરણ વચ્ચે પણ કડક નિયમન અને હિસાબી ચોખ્ખાઈ રાખીને પોતાની સિપાહીગીરી અને શિસ્તનો અચ્છો ખયાલ આપ્યો. તેમના સહમંત્રી શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક મતભેદને કારણે ખસી જતાં એમના પર બેવડો બોજો આવ્યો છતાં પણ પોતાની કારવાઇ એમણે જરા પણ વિચ્છિન્ન બનવા દીધી ન હતી. અગાઉના કોઈ પણ પ્રસંગે અશક્ય લાગેલી એવી હિસાબી વ્યવસ્થા એમણે બતાવી, ને કોંગ્રેસ પૂરી થતાં બીજે જ દિવસે પૂરો હિસાબ બહાર પાડી બતાવ્યો.


ઈ. ૧૯૨૦માં ટૂંકા લગ્નજીવન બાદ એક નાની બાળકી મૂકીને એમનાં પ્રથમ પત્ની વિદેહ થયાં. આથી એમના જીવનમાં ઉદાસીનતા છવાઈ ગઇ અને સેવામાં જ જીવન ગાળવાનો નિશ્ચય કર્યો. પરંતુ પુત્રસંતતિ ન હોવાથી માતુશ્રીનું દબાણ થયું. એ એક જ વ્યક્તિ આગળ તે પોતાનું શાણપણ છોડી દેતા, એટલે ૧૯૨૧માં એમણે બીજું લગ્ન કર્યું.

આ પછી એમની સેવાઓનું સાતત્ય ધારાવાહી જ રહ્યું. ૧૯૨૭માં ગુજરાતના રેલસંકટનિવારણની કામગીરી પછી ૧૯૩૦થી અમદાવાદ મ્યુનિસિપાલિટીની ઝળકતી કામગીરી શરૂ થઈ ને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જ લોકશાહીનાં સાચાં ઘડતરસ્થાન છે એ એમની દૃઢમૂલ પ્રતીતિના પાયાનું મંડાણ થયું.

આમ તો અમદાવાદ મ્યુનિસિપાલિટીના વહીવટમાં એમનો સેવારંભ ૧૯૧૭થી સરદાર વલ્લભભાઈની સાથે જ થએલો. ત્યારથી અમદાવાદના અગ્રણી નાગરિક સ્વ. બલવંતરાય ઠાકોર, સરદાર વલ્લભભાઈ ને દાદાસાહેબ, એ ત્રણની ત્રિપુટી એકસૂત્રે પરોવાઇ, અને અમદાવાદના જાહેર જીવનનું એક પણ ક્ષેત્ર એવું ન રહ્યું કે જેમાં એ ત્રણેનો સાથ ન હોય. ૧૯૧૭માં અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં એ ત્રણેએ જ મળીને કોંગ્રેસપક્ષ ઊભો કર્યો અને અંગ્રેજ અમલના પોલાદી ચોકઠા સામે સરદારે તેના પ્રમુખપદેથી કરેલા ઉજ્જ્વલ ને અનન્યસાધારણ વહીવટ પછી એ ઊજળાપણાને જરા પણ આંચ ન આવે—બલકે જેબ આપે એવો વહીવટ દાદાસાહેબે ૧૯૩૦થી ૧૯૩૫ સુધી તેના પ્રમુખસ્થાને રહી ચલાવ્યો, અને તે દ્વારા અમદાવાદ શહેરના ઘડતરમાં અપૂર્વ ફાળો આપ્યો. એ વખતે ઘણા વિકટ ને બુદ્ધિની વિચક્ષણતાની કસોટી કરે એવા પ્રસંગો આવેલા. તેમાં કેટલાંક ખાસ ફંડોની બાબતમાં જિલ્લા કમિશ્નર તરફથી જે સવાલો થએલા તેના જવાબ આપવામાં એમણે જે મક્કમતા બતાવી તેના ઇનામ તરીકે વિના કાનૂને તેમને રત્નાગિરિનો એકાંતવાસ લગભગ સોળ માસ સુધી ભોગવવો પડેલો!

લોકશાહી તંત્ર અને પાર્લામેન્ટરી પદ્ધતિની એ સ્થાનેથી એમણે મેળવેલી તાલીમ તથા ઘડતરનો ઉત્તરોત્તર અવિરત વિકાસ થતો રહ્યો અને ૧૯૩૭માં કોંગ્રેસે પ્રધાનપદાં સ્વીકાર્યાં ત્યારે મુંબાઇ ધારાસભાના અધ્યક્ષ–સ્પીકર–તરીકે એકમતે તેમની જ નિમણૂક થઈ. એ સ્થાનેથી એમણે જે ન્યાયપ્રિયતા, દક્ષતા પ્રત્યેક પ્રશ્નનો બારીક અભ્યાસ કરીને નિર્ણય લાવવાની ચોકસાઈ, અને લોકશાહીના તટસ્થ સંરક્ષક તરીકેની પ્રશસ્ય કારવાઈ બજાવી, તથા દેશના ધારાકીય અંગની સ્વતંત્રતા, ગુણવત્તા અને સર્વોપરિતા સ્થાપવાના જે આગ્રહી પ્રયત્નો કર્યા તેને લીધે એમના વ્યક્તિત્વનું એક અદ્ભુત અંગ ઝળકી ઊઠ્યું, અને તે પછીની એમની કારકિર્દીને શિખર પર મૂકી દીધી.

આ દરમ્યાન ભલે તેઓ કોંગ્રેસના પહેલી હરોળના નેતાઓ પૈકી એક તરીકે સ્વીકારાઇ ગયા હતા તથાપિ એમની કીર્તિને કળશ તો એમની આ સિદ્ધાંતનિષ્ઠ ધારાકીય કારવાઇએ જ ચડાવ્યો. એટલે જ, ભારતનું



દાદાસાહેબ માવળંકર ઈ. ૧૯૦૨માં ૧૪ વર્ષના કુમારકાળે

ઈ. સ. ૧૯૧૦થી '૧૨માં હું એલએલ.બી.માં હતો ત્યારે હિંદી સરકારનાં કાયદાનાં માસિકો (ઇન્ડિયન લૉ રિપોર્ટર) વાર્ષિક રૂા. ૨૨-૮-૦ના બદલે રૂા. ૧૦-૦-૦ના લવાજમે વિદ્યાર્થીઓને મળતાં. ૧૯૧૨માં એલએલ.બી. થઇ '૧૩માં મેં વકાલત શરૂ કરી, ત્યારે જે એક ભાઇને મૅટ્રિકથી બી.એ. સુધી મેં ચોપડીઓ આપી મદદ કરેલી તેણે મને લખ્યું: 'હું હવે એલએલ.બી.નો વિદ્યાર્થી છું. મને 'ઇન્ડિયન લૉ રિપોર્ટર' વાર્ષિક રૂા. ૧૦માં મળશે, ને તમારે વકીલ તરીકે રૂા. ૧૦ને બદલે ૨૨-૮-૦ આપવા પડશે. તમારી ઇચ્છા હોય તો હું તે મારા નામથી મંગાવીશ. રૂપિયા દસ મોકલી આપશો.'

આ પત્રનો હું જવાબ લખવા બેઠો કે, 'તમારો ઘણો આભારી છું. રૂપિયા દસ મોકલું છું. જરૂર તમે એ રિપોર્ટો મારા માટે તમારા નામથી લેજો.' ને આ પ્રમાણે પત્તું લખવું મેં શરૂ કર્યું: 'પ્રિય ભાઈ, તમારો પત્ર મળ્યો. આભારી છું...' આટલું લખ્યું, અને કોણ જાણે શાથી, પણ મનમાં એકદમ વિચાર પ્રગટ્યો: 'અરે! આ હું શું કરવા બેઠો છું? સરકારે વિદ્યાર્થીઓને માટે આપેલી, છૂટનો મારે આમ લાભ ઉઠાવવો એ નૈતિક દૃષ્ટિએ મારું કેટલું પતન! ને આ જૂઠાણું હું શાના માટે કરું છું? કેવળ વાર્ષિક સાડાબાર રૂપિયાના લોભે? તો પછી કોઇ મને સાડા બારસો આપે તો શું કરું? સાડા બાર હજાર આપે તો ક્યાં સુધી જાઉં? અને સાડા બાર લાખ આપે તો તો કોઈ પણ કાળું કૃત્ય કરતાં અચકાઉં નહિ!'

આ પ્રકારની વિચારઘટમાળ બહુ જોરથી શરૂ થઈ. અને હું તરત જાગૃત થઈ ગયો. હું 'હા' પાડવાનો હતો ત્યારે પણ વિચાર કર્યો નહિ, અને એકદમ આ વિચાર આવ્યો, તે પણ વગર પ્રયત્ને, આને જ હું પૂર્વ-સંસ્કાર, વડીલોનો વારસો અગર ઈશ્વરની કૃપા સમજું છું. આવો સુંદર વિચાર શાથી આવ્યો એ મારે મન એક કોયડો છે.

પછી તો મેં એ મિત્રને નીચે પ્રમાણે જવાબ આપ્યો: 'તારી મારા પ્રત્યેની શુભેચ્છાની હું કદર કરું છું, પણ મને લાગે છે કે તું ને હું કેળવાએલા ગણાઈએ. આપણે યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટો. હું તો વળી બેવડો ગ્રૅજ્યુએટ. પૈસાને ખાતર સરકારને છેતરવાનું કાવતરું કરીએ તે આપણને ને આપણી કેળવણીને શોભે? સરકાર પરદેશી હોય તેથી છળકપટમાં પડીએ તે આપણા માટે સારું ખરું? માટે હું તારી સૂચના સ્વીકારી શકતો નથી. તું પણ આવા પ્રકારની સૂચના બીજા કોઇને ન કરતો.'

આ બનાવ બહુ નાનો હતો, પણ એણે મારા જીવનમાં એક ધ્રુવતારા તરીકે માર્ગદર્શન કર્યું. નૈતિક જાગૃતિ એણે કાયમ રાખી, કોઈ પણ પ્રશ્નમાં હું કાંઈ પણ કરવા જાઉં તો નૈતિક દૃષ્ટિએ બરાબર છે કે નહિ તે જોવાની સદાની ટેવ મને પડી. એથી ધંધામાં અને જાહેર જીવનમાં હું આત્મસંતોષ લઈ શકું છું. મારા ઘડતરમાંનો આ એક મહત્ત્વનો કિસ્સો છે. ('કુમાર' અંક ૩૦૦માંથી)

સ્વરાજ રચનારી બંધારણ સભાનું પ્રમુખસ્થાન ભલે રાજેન્દ્રબાબુને અપાયું, પરંતુ તેના કાયદામંડળનું અને તે પછી જ્યારે દેશની પહેલી પાર્લામેન્ટ અસ્તિત્વમાં આવી ત્યારે તેના સ્પીકર–અધ્યક્ષ–નું પદ તો સૌએ એક અવાજે એમને જ સોંપ્યું.

ભારત જેવો અફાટ લોકસંખ્યાવાળો દેશ, જેની પ્રજા લોકશાહી તંત્રથી તદ્દન અજાણ હતી અને જેનાં રાજકીય પક્ષોનાં બળાબળ વચ્ચે આસમાન-જમીનનું અંતર હતું તેમજ જેના સભ્યોમાં શિસ્ત કે જવાબદારીનો પણ ઘણી વાર અભાવ વર્તાતો, એવી લોકસભાના પહેલા અધ્યક્ષપદની કપરી કામગીરી દાદાસાહેબે સદા જાગ્રત ન્યાયબુદ્ધિ, સિદ્ધાંતનિષ્ઠ દૃઢતા, બારીકી અને કાયદાની કુનેહભરી દોરવણીથી સો ટકા સફળરીતે બજાવીને પાર ઉતારી અને ભારતની લોકશાહીને વીર્યવાન બનાવવાની મહાન પ્રણાલિકા સ્થાપી.

ધંધે ધારાશાસ્ત્રી દાદાસાહેબનાં મન અને બુદ્ધિ એટલાં સ્વચ્છ અને ચોક્કસ હતાં કે એમના પોશાક ને આચાર જેટલી જ અણીશુદ્ધ સ્વચ્છતા ને ચોક્કસાઈ લોકસભામાંના એમના નિર્ણયો—રૂલિંગ—માં જણાતાં, ને એમનામાંના મહારાષ્ટ્રી તથા ગુજરાતી સંસ્કારોના સુમેળનો જાણે એમાં પડઘા પડતો. પાર્લામેન્ટરી પ્રણાલીઓની ઝીણવટમાં એમની મહારાષ્ટ્રીય અભ્યાસી વૃત્તિ વર્તાતી, અને પ્રત્યેક પ્રશ્નનો પ્રશાંત નિશ્ચલતા તથા ગૌરવભરી મીઠાશથી ઉકેલ આણવામાં ગુજરાતીનું સૌજન્ય સોહતું. લોકસભામાંના પોતાના આસન પર કોતરાએલું 'ધર્મચક્ર-પ્રવર્તનાય'નું સૂત્ર સદા નજર સામે રાખીને એમણે જે તટસ્થતા, દૃઢતા અને ગૌરવથી લોકસભાનું સંચાલન કર્યું એને લીધે દેશઆખામાં એમનું નામ 'સ્પીકર માવલંકર' તરીકે વ્યાપ્ત થઈ ગયું, એટલું જ નહિ પણ ભારતની લોકશાહીનું શૈશવ આવા મહાન પાર્લામેન્ટરીઅનના હાથે આટલી અદાથી ઊછરેલું જોઇને એ નામ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યું અને જગતની પ્રસિદ્ધ પાર્લામેન્ટોની હરોળમાં ભારતની પાર્લામેન્ટને પ્રતિષ્ઠા મળી. એમની શક્તિ અને પ્રતિભાએ દેશદેશના પાર્લામેન્ટરીઅનોનાં આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં પણ ભાગ મુકાવ્યા હતો, અને ગયા જાન્યુઆરીમાં જમૈકામાં મળેલી કૉમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનના સંમેલનમાં નરમ તબિયતને કારણે તેઓ હાજરી આપી શકે તેમ ન હોવા છતાં જનરલ કાઉન્સિલે એમને સર્વાનુમતે પ્રમુખ તરીકે ચૂંટ્યા હતા.

પણ રાજકારણ કરતાં યે વધુ મહત્ત્વનું ક્ષેત્ર એમને મન રચનાત્મક સમાજસેવાઓનું હતું અને એમનું સેવાતુર હૃદય ભારતની લોકસભા કરતાં નાનીનાની સમાજસેવાની સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, અમદાવાદ-ગુજરાતની શિક્ષણ-સંસ્થાઓ અને દૂરદૂરનાં ગામડાંમાં રચનાત્મક કામ કરતી સંસ્થાઓમાં હતું. લોકસભા ચાલુ ન હોય ત્યારે ગ્રામ દક્ષિણામૂર્તિ કે લોકભારતી, વેડછી–બારડોલી આશ્રમ કે ચરોતર એજ્યુકેશન સોસાએટીમાં એ ડોકિયું કરવાના જ. સામાજિક સેવા માટેના એમના પક્ષપાત અને રચનાત્મક કામ માટેની એમની અડગ શ્રદ્ધાને કારણે જ ગાંધીજીના અવસાન પછી દેશની ઘણીખરી રચનાત્મક પ્રવૃત્તિઓ એમની જ સીધી દેખરેખ તળે ચાલતી. મહાત્માજીની પાછળ દેશના શ્રેય માટે રચાએલાં 'મહાત્મા ગાંધી સ્મારકનિધિ' અને 'કસ્તુરબા સ્મારક ટ્રસ્ટ જેવી અગત્યની તથા જંગી અને ભંડોળો ધરાવતી સંસ્થાઓનાં ટ્રસ્ટીમંડળોના પ્રમુખ તરીકેની જવાબદારી સરદાર પટેલ પછી એમણે જ સંભાળી હતી, અને સમર્થ વ્યવસ્થાશક્તિ તથા વિશુદ્ધ વહીવટથી તેનું સંચાલન કરી દેશભરમાં વિશાળ પાયા પર થઈ રહેલા એના રચનાત્મક કાર્યને એમણે દોરવણી આપી હતી. આ ઉપરાંત ગાંધીજીના સાબરમતીના (અનુ. પૃ. ૧૨૧)

આદિકવિ ભક્ત નરસિંહ અને તેની કવિતા

જેનાં પદ અને પ્રભાતિયાં આજ સૈકાઓ પછી પણ ગુજરાતને ઘેરઘેર ગુંજતાં રહ્યાં છે અને જેના આદર્શ માનવીનું આલેખન કરતા મહાત્માજીના પ્રિયભજન 'વૈષ્ણવજન'ે તો આખા દેશમાં પ્રખ્યાતિ મેળવી છે, તે નરસિંહ મહેતો માત્ર ગુજરાતમાં જ નહિ પણ સમસ્ત ભારતમાં ભક્ત તરીકે પ્રખ્યાત છે. ગુજરાતી ભાષાનો તે આદિ કવિ હતો એ વાત, સમયદૃષ્ટિએ, તો હવે તેની પહેલાંની (વિશેષતઃ જૈન સાધુઓની) ગુજરાતી કાવ્યકૃતિઓ મળી હોવાથી, હવે સાચી નથી રહી એ ખરું; પરંતુ ભક્તિશૃંગારના રસિક કવિ તરીકે તેમજ વેદાન્તજ્ઞાની કવિ તરીકે તો સમયદૃષ્ટિએ તેમ ગુણદૃષ્ટિએ નરસિંહ આપણો આદિ કવિ છે. એનાં કલ્પનાબળ, કવિત્વ, રસિકતા, શબ્દભંડોળ, વાણીમાધુર્ય, ભાષાપ્રભુત્વ, પદો માંહેનું રાગવૈવિધ્ય ને ચિત્રકૌશલ એના સમકાલીનો ને અનુગામીઓમાંથી બહુ ઓછા દેખાડે છે. પ્રાચીન ગુજરાતી પદ્યસાહિત્યનો એ અસામાન્ય યુગવર રહ્યો છે. હેમચન્દ્રાચાર્ય પછી ગુજરાતની અસ્મિતાનો બીજો પ્રતિભાવંત જ્યોતિર્ધર તે નરસિંહ મહેતો. ગુજરાતી કાવ્યસાહિત્યમાં ઊર્મિગત આત્મલક્ષી પ્રકારનાં કાવ્યો આપનાર નરસિંહ મહેતો પહેલો છે. એની પહેલાં કોઈ પણ કવિએ ઊર્મિના ઉછાળાનો ગુજરાતને પરિચય કરાવ્યો નથી. કથાત્મક—વર્ણનાત્મક કવિતા જ તેની પહેલાં માત્ર ખેડાઈ હતી. આ નવો પ્રઘાત તેણે પોતાનું આત્મલક્ષી પ્રતિભાવૈશિષ્ટ્ય ઉમેરીને ગુજરાતી ભાષાને સાંધી આપ્યો, ને 'આદિકવિ'નું અનન્ય બિરુદ એ એકલો જ લઈ ગયો. તેના જીવનમાં બનેલી 'હારમાળા'ની ચમત્કારી ઘટનાને ગયા માગશર માસની સુદ સાતમે પાંચસો વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે સમસ્ત ગુજરાતમાં નરસિંહ મહેતાનો પંચશતાબ્દી ઉત્સવ ઊજવાઈ ગયો.

નરસિંહ જ્ઞાતિએ વડનગરો નાગર હતો. તેના પિતાનું નામ કૃષ્ણદાસ, માતાનું નામ દયાકુંવર ને મોટા ભાઈનું નામ બંસીધર, જીવણરામ કે મંગળજી હતું. નરસિંહનો કાકો પર્વતદાસ એક સારો ભગવદ્ભક્ત હતો, જેને ભગવદ્ભક્તિનો રંગ પાછળથી નરસિંહ પરથી જ લાગેલો. નરસિંહનો જન્મ ઈ. ૧૪૧૪-૧૫(વિ. સં. ૧૪૬૯-૭૦)ની આસપાસ જૂનાગઢ પાસે આવેલા તળાજા ગામમાં થયો હતો. તેની ત્રણ વરસની ઉંમરે તેના પિતાનું અવસાન થતાં તે મોટા ભાઈને ત્યાં જૂનાગઢ જઈ રહ્યો. બાળક નરસિંહને સાધુઓનાં ઝુંડ અને ત્યાં જઈને કીર્તન કરવાં બહુ ગમતાં. ભણતર-ઉદ્યમ પ્રત્યે તો એ ઉદાસીન જ રહેતો. તેનું સગપણ ૧૧મે વર્ષે કરવામાં આવેલું, જે તેના રખડુપણાને કારણે તોડી નાખવામાં આવ્યું. પાછળથી સં. ૧૪૮૪ પહેલાં તેનું લગ્ન કોઈ રઘુનાથરામની પુત્રી માણેકબાઇ સાથે થયું. નરસિંહની ભગવદ્ભક્તિ, રખડુપણું ને નિષ્ક્રિયતા હજી પણ ઘટેલાં નહિ. આથી તેને ભાભી તરફથી સતત મહેણાં સાંભળવાં પડતાં. નરસિંહ પોતેજ એનાં પદોમાં કહે છે:

'ગામ તળાજામાં જન્મ મારો થયો, ભાભીએ મૂરખ કહી મેહેણું દીધું,
વચન માગ્યું, એક અપૂજ શિવલિંગનું, વંન માંહે જઈ પૂજન કીધું.'
ગરમ વચન કહ્યાં મુજને ભાભીએ તે મારા મનમાં રહ્યાં વલૂધી;
શિવજી આગળ જઈ એક મનોરથ, સ્તુત્ય કીધી દિવસ સાત સુધી.'
'હરજીએ ધરી, દીન જાણી કરી, પ્રગટ દરશન દીધાં શૂલપાણિ;
તારી ભક્તિ ઉપર હું જ પ્રસન્ન થયો, માગ રે માગ મુખે વદત વાણી.
ગદ્ગદ કંઠે હું બોલી શકું નહીં, મસ્તક કર ધર્યો મુગ્ધ જાણી;
અચેત ચેતન થયો, ભવ તણો ભય ગયો સ્તુતિ ઊઠી મારી આદ્યવાણી.'

ભાભી સાથે ભાઇની રીસ પણ તપમાં કારણભૂત હતી.

'ભાઈ ભોજાઈઈ રીસ જ કીધી : નરસિંહાની કેહી પિરિ?
રિસાંણો ગયો વનમાં, ત્યહાં સેવા સાચી શિવની કરી.
ચૈત્ર સુદિ સપ્તમી સોમવાર નરસિંઈ મન્ય કીધું વ્યચાર;
તપ માંડયું મહા ઉગ્ર મોટું; હું રહ્યો (નિરંતર) વન મોઝાર.'

આ ચૈત્ર સુદિ સપ્તમી ને સોમવારને પ્રમાણ લેતાં ગણિત પ્રમાણે તે સાલ સં. ૧૪૮૪ આવે છે.

આ જ પદના ઉત્તર ભાગમાં ઉપર્યુક્ત પ્રસંગે નરસિંહના જીવન પર આણેલો જબ્બર પલટો જોવા મળે છે:

'ગોપેશ્વરિ કહ્યું સ્વપ્ન માંહિઃ માગાં તે આપૂં તુંહનિ.
મિં માગ્યૂં :(જ્યે) સ્વામી, તમનિં વહાલું, તે ક્રિપા કરીનિં દીજિ મુને
ભોલા ચક્રવત્ય પ્રસન્ન હુઆ નિ આવી મસ્તકય દીજિ હાથ;
સોલ સહસ્ર ગોપીવૃંદ રમતાં રાસ દેખાડયો વૈકુંઠનાથ.
હિત જાણી પોતાના માટે મહાદેવ બોલ્યા વચન તે વાર:
નરસિંઆ, તૂં લીલા ગાજે, યે કીધી કૃષ્ણ-અવતાર.'

અહીં 'સ્વપ્ન' જેમ 'દિવ્યચક્ષુ'નો ઉલ્લેખ પણ જોવા મળે છે:

'અનાથ હુંને સનાથ કીધો પાર્વતીને નાથ;
દિવ્યચક્ષુ આપ્યાં મુજને, મસ્તક મેલ્યો હાથ.'

અસાધારણ પ્રતિભાબળ રૂપી આ દિવ્યચક્ષુ મળતાં નરસિંહના કવનનાં ઝરણાં અહીંથી જ ફૂટે છે. પોતાના પર દિવ્ય કૃપા ઊતરી એ સજ્જન ભાભીને જ પ્રતાપે તેમ તે માને છે.

'ધન્ય ભાભી, તમે ધન્ય માતાપિતા, કષ્ટ જાણી મને દયા રે કીધી;
તમારી કૃપા થકી હરિહર ભેટિયા, કૃષ્ણજીએ મારી વાર લીધી.'
અને પછી—

'સ્તુતિ કીધી ઘણી, સમરિયા શ્રીહરિ, ગૃહસ્થના ધરમ મરણ આણી;
મંદિર લીધું જહાં નાત છે નાગરી, સુખદુઃખ કરમચા ભેદ જાણી.'

આમ એ જૂનાગઢમાં નાગરવાડામાં હાલ જ્યાં 'નરસિંહ મહેતાનો ચોરો' નામની જગ્યા છે ત્યાં સં. ૧૪૮૭ની વૈશાખી પૂર્ણિમાએ ઘર લઈ રહ્યો. એનું ભક્તજીવન સાચા સ્વરૂપમાં ત્યારથી શરૂ થયું.

'લક્ષ્મીનાથની નિત્ય સેવા કરું, સાધુનો સાથ જ્યાં આવે ધાઈ;
આણી દયા મન ભાવશું વીનવું, લેય પ્રસાદ કીરતન પાઈ.'

એના ઈષ્ટદેવ દામોદરજી સુવર્ણરેખાના કાંઠા ઉપર દામોદરકુંડને મથાળે એક શિખરબંધમાં બિરાજતા હતા. તેમનાં નિત્ય દર્શને જવાનું નરસિંહને નીમ હતું. દામોદરકુંડમાં નિત્ય નાહવા જવાનું વર્ણન 'ગિરિ તળાટી ને કુંડ દામોદર ત્યાં મહેતાજી નાહવા જાય' એ પદમાં સુપ્રસિદ્ધ છે. આમ તેનું જીવન નચિંત દશામાં પ્રવર્તતું હતું. નાગર જ્ઞાતિમાં એની ખૂબ હાંસી થતી હતી. ભજન કરવાને નરસિંહ ઢેઢવાડે પણ જતો, ત્યાંથી પાછો ફરતાં—

'ઘેર પધાર્યા હરિજશ ગાતા, વા'તા તાલ ને શંખ મૃદંગ,
હસિ હસિ નાગર તાળિયો લે છે, આ શા રે બ્રાહ્મણના ઢંગ?
મૌન ગ્રહીને મહેતાજી ચાલ્યા, અબવબરાને શો ઉત્તર દઉં.
જાગ્યા લોક નરનારી પૂછે, મહેતાજી તમે એવા શું?
નાત ન જાણો ને જાત ન જાણો, ન જાણો કાંઈ વિવેક વિચાર,
કર જોડીને કહે નરસૈંયો, વૈષ્ણવ તણો મને છે આધાર.'

જેનો વધુ જવાબ ભક્ત આપે છે:

'એવા રે અમો એવા રે તમે કહો છો વળી તેવા રે,
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો કરશું દામોદરની સેવા રે.'

'સઘળા સાથમાં હું એક ભૂંડો, ભૂંડાથી વળી ભૂંડો રે,
તમારે મન માને તે કહેજો, સ્નેહ લાગ્યો છે મને ઊંડો રે.'

ધંધાધાપા વિનાનો નરસિંહ પ્રભુ પર અડગ શ્રદ્ધા રાખી પોતાનું જીવનનાવ તેને જ ભરોંસે સંસારસાગરમાં તરતું મૂકે છે:

'હરિગુણ ગાય ને ન મળે ખાવા, ત્યાં હરિની ઇચ્છાનો સંતોષ લાવી;
કરમચા ભોગ દેહે ભોગવે છૂટકો, નીપજે સરવથા હોય ભાવિ.'

પરિવારનો પરિચય આપતાં નરસિંહ કહે છે:

'ઘેર દારા એક સુંદર સાધ્વી, હરિઅંશ તો એને અધિક વાહાલો;
નહીં કોઈ વેગ વિચાર મનમાં ધરે, ન લહે પરપંચ સ્ત્રીનો ચાળો.
એક છે પુત્ર ને એક પુત્રી થઈ.'

નરસિંહની પુત્રી કુંવરબાઇનો સં. ૧૪૯૫માં અને પુત્ર શામળદાસનો સં. ૧૪૯૭માં જન્મ થએલો. ભક્ત નરસિંહની અનેક રીતે પજવણી ટીખળી નાગરો તરફથી થયા જ કરતી હતી. એક વાર—

'નાગરી નાતના નેષ્ટ નાગર હુતા, તીરથવાસીયે પૂછ્યું તેહને,
કોઈ હૂંડી લિખે દ્વારકા નગરની, ચાલો ભાઇઓ જઇ દ્વાર તેહને.
એ તો બોલિયા ઠગ કરી ભક્તવછલ હરી, કોટિધ્વજ નરસૈંયો કહાવે,
આડત ચાલે ઘણી, શેઠ સમરથ ધણી, ઓ પેલું ઘર કીરતન ગાવે.
તે તો હરખીને ચાલીઆ, ધાઇ મંદિર ગયા, વેરાગીઓ મલીને ટોલી,
તિલક છાપાં કર્યાં, હરિમંદિરમાં ધર્યાં, કૃષ્ણકીરતન માંહે રહ્યા ઝકોલી.
નીચાં મંદિર ને નિપટ જૂનાં ઘણાં, નહીં દ્વારે રીધસિધ ઘર માંહિ.
ચોપડા નહિ, નાણાવટી કોથળી, એકા મેહેતાજી ગુણ હરિના ગાહિ.
તીરથવાસી તિહાં હરખીને બોલિયા, અમારે શ્રીદ્વારકાં નગર જાવું,
નાહવું છે ગોમતી, નીરખવા જદુપતિ, રાય રણછોડને ચરણે ધાવું.
(અમે) આવિયા તમ ભણી, ગરથ લીજે ગણી, રૂપૈયા સાતસેં એક થોકે.
હૂંડિયામણ ઘટે તો લિયો રોકડું, હૈયે પત્ર વાંચીને રોકે,
હૂંડિયામણ તો નામ છે હરિ તણું, કરવું કારજ તમો સંત જાણી.'

નરસિંહ દ્વારકાના શામળશા જોગ રૂ. ૭૦૦)ની હૂંડી લખી આપે છે. અને—

'તીરથવાસિયો પોહોતા છે પુરીમાં, દ્વારકા નગર સુખધામ ભાળ્યું,
નાહ્યા છે ગોમતી, નીરખ્યા છે શ્રી જદુપતિ, રાય રણછોડને ચરણે ધાવું.
લીધો પ્રસાદ ને મન માંહે હરખિયા, ચાલો જઈ બેસિયે મધ્ય ચોહોટે,
શામલશાહની પેહેડીયે ભેટિયે, ધન ઘડી આપણું ભાગ્ય મોહોટું.
ચોકમાં જોઇ નાણાવટી કોથળી, એક વણિકને પૂછ્યું તેડી:
નારસૈહે નાગરે ગઢ થકી મોકલ્યા, શામલશાહની કોણ પેહેડી.'

પણ ત્યાં નથી કોઇ શામળશાહ કે નથી કોઈ પેઢી. તીર્થવાસીઓ ગભરાઇને જૂનાગઢ તરફ વળે છે. ત્યાં તો—

'વણિક થયો વિઠ્ઠલો, શેઠ શોભે ભલો, સનમુખ શેઠને રહ્યા નિહાળે.
કુણ ભાઇઓ તમો શામલશા અમો, અમ સરખું કાંઈ કેહેજો જાણી,
ધાઈ ચરણે નમ્યા, શેઠ સાથે મલ્યા, ધન મમ ભાગ તે ચાલી આવ્યા.
નરસૈહે નાગરે ગઢ થકી મોકલ્યા, પત્ર હૂંડીનું લિખાવી લાવ્યા.
શેઠ સમરથ ધણી અધિક આપ્યા ગણી, માંડીને વારતા સરવે કીધી,
નરસૈહો ફૂલિયો, અતિ રસ ઝૂલિયો, આપ્યો પરસાદ ને માલા દીધી.'

લગભગ સં. ૧૫૦૬માં બનેલો આ આખો પ્રસંગ નરસિંહના ભક્તત્વની પ્રતીતિ કરાવે છે. ખુદ પરમાત્મા ન આવ્યા હોય અને કોઈ દ્વારકાવાસી શેઠે જ ભક્ત નરસિંહની અવજ્ઞા ન થવા દેવા હૂંડીનાં નાણાં ભરી દીધાં હોય એમાં કોઈ આશ્ચર્યની વાત નથી.

રણછોડરાયના એક ઉત્સવ વખતે નરસિંહે આખી રાત્રિ કીર્તનમાં મસ્ત બની ગાળી હતી, જેમાં નરસિંહને તૃષા લાગતાં પાણી માગ્યું ત્યારે ભક્ત સખી રતનબાઇએ આવી પાણી પાયું હતું. આ પાણી ખુદ ભગવાન રતનબાઇ રૂપે આવી આપી ગયા એવી પ્રતીતિ ભક્ત નરસિંહને થઈ હતી, જે એણે એ પ્રસંગનાં ચાર પદોમાં ગાઈ છે:

'આ જોને કોઈ ઊભી રે આળસ મોડે,
બાંયે બાજુબંધ બેરખા પુંચી, મનડું મોહ્યું છે એને મોઢે.
ઝાંઝર ઝમકે ને વિછુવા ઠમકે, હિંડે છે વાંકે અંબોડે.
સુવર્ણ ઝારી તે અતિ રે સમારી, માંહી નીર ગંગોદક તોલે.
નરસૈંયાને પાણી પાવાને કારણ, હરિજી પધારિયા કોડે.'

આ નિરૂપણમાં કવિ એક નવી જ સૃષ્ટિમાં આપણને લઈ જાય છે.

સં. ૧૫૦૪માં કુંવરબાઇનું લગ્ન થયું. પછી લગભગ ચારેક વર્ષમાં તેનું 'મામેરું' પૂરવાનો પ્રસંગ આવ્યો, તે પણ એવી જ અચિંત્ય રીતે પાર પડે છે. કુંવરબાઇને ઊના કે માંગરોળ વરાવી તે વિષે ચોક્કસ વિધાન પુરાવાને અભાવે કરી શકાય તેમ નથી. 'શામળદાસ'ના વિવાહમાં 'મામેરા' વિષે નીચે મુજબ નિદ્દશ છે:

'એક છે પુત્ર ને એક પુત્રી થઈ, તેનું મામેરું પૂર્યું લક્ષ્મીનાથે.'

નરસિંહે એ વખતે અનેક પ્રકારની અગવડો વેઠેલી:

'કોણે કહ્યો કપટી, કોણે કહ્યો કામી, કોણે કહ્યો તાલકૂટિયો રે આવ્યો.
આપવા મૂકવા નહિ કાંઈ એહને, કહો રે મામેરૂં શું રે લાવ્યે,
ગોપાલજી! તમચી ભક્તિ છે દોહલી, પણ દાસનિ સદા સોહ્યલી.
તિણિ સમિ' પુત્રીઇં વચન એહવૂં કહ્યું: સભા માંહિ બેઠો શું તાલ વાયે?
સાસરા માહરાં માંહિ મિહિણૂં દિ છે, તે વચન મિં ખમ્યાં ન જાયે.
ચંગ નિ તાલ અહમ્યો દેહ સાથિ મૂકશું, ધરણી આકાશ યવારિ એક થાશિ.
લાકડાં બોલશિ, તે પણ સહીશિ, કૃષ્ણજીનું ભજન કયમ મેહલ્યૂં જાશિ?
તિણિ સમિ વહેવાઇઇં હાસ્ય એહવૂં કર્યૂં, મેહલ્યૂં ઉષ્ણોદક ત્યારિ પાણી.
રાત્ય દિવસ જ્યેહની સેવા કરાં છાં, સમણ આપશિ તે રે આણી.
ચૈત્ર સુદિ દ્વાદશી મેઘઘટા ચઢી, ગડગડીને કૂંડી માંહિ વૂઠું,
સમણ ધાતી જેહવો નરસિંહો સૂઝવ્યું, તેહવો સમસ્ત વૈષ્ણવનિ ત્રૂઠો.'

ઊના પાણીમાં મેઘથી આવેલા સમોવણને જાદુ માનનારા નાગર ભાઇઓએ જ નહિ વેવાઇઓએ પણ એની પજવણી કરી:

'કેટલાએક મ્યલી વાત એહવી કરિ; દુષ્ટ બોલિ મુક્ય અસત વાણી:
કામણ મોહણ છિ કાંઇ એહ કનિ, મેત્રનિ બિલિ અણાવ્યૂં પાણી;
તિણિ સમિ વહેવાઇઇં વિચારજ કીધો, ટીપ આપી આણી ત્યાહારે માંડી.
તિણિ સમિ જમાઇં વાત એહવી કહી: તાહરી દીકરીની સહૂઇ ઢીક માંડી.
સેહિસ બિ સેહિસ આપૂં અછીના તૂંનિં, રાત્ય મોહિં પહરો જાનાં છાંડી.'

એ સૌને નરસિંહ જવાબ આપે છે:

'દીકરીનૂં લ્યે તે કુમ્ભીપાકે જાઇ; ચાલતૂં હલાહલ કુણ ખાયે?
કૃષ્ણ સરખો છે માહરે સખાઇઓ: માહમિરૂં કીધા વિના નહિ રે જાયે.'

નરસિંહને તો દૃઢ શ્રદ્ધા છે કે એનું કાર્ય સરી જ જશે.

'ચૈત્ર સુદિ ત્રયોદશી દિવસ સીમન્ત તણો, છાબમાંહિ મહારાજ બિઠો.
નાગર સઘળા દ્વેષ કરતા હૂતા, તેણે પણ ચતુર્ભુજ-રૂપ દીઠો.

એ તો એક અદ્‌ભુત હોયે અવતારિં; એહની વાત કોણિ ન થાઈ.
તિણિ સમિં પુત્રીનિ' વચન એવૂં કહ્યું : 'રખે બાઇ! કાંઇ મનોરથ રખાયે.'
કીધૂ માહમિરૂં નિ આરત્ય ભાગી, સહૂ કોણે વિશ્વરૂપ દીઠો.
નરસિંઆનિં જહોહરૂં કીધું માહમિરૂં, તેહત્રો સમસ્ત વૈષ્ણવને ત્રૂઠો.'

આ પ્રસંગે નરસિંહે ભક્તની આર્તિના વિદારક ભગવાનની ભક્તની દઃકામના પૂર્ણ કરવાની તાલાવેલી વિષેનું જે પદ ગાયું છે તે સુપ્રસિદ્ધ છે : 'ઊપડકી ઊઠિયો વેગિ વૈકુંઠપતિ'. 'હૂંડી' કાવ્યમાંના એક ઉલ્લેખથી સમજાય છે કે નરસિંહના વેવાઇનું નામ શ્રીરંગ હતું.

પુત્રની વિવાહ જેવડી ઉમર થઈ ભક્તને તો ખાતરી જ હતી—
'સુત તણું નામ તે દાસ શામળ થયું, વિવાહમાં કૃષ્ણજી રહેશે સાથે.'

પરંતુ જ્યાં ખાવાના યે સાંસા હોય ત્યાં વિવાહની શી વાત?
'દ્વાદશ વરસ વીતી ગયાં કુંવરને, કામની આવીને ઊભી પાસે,
આપણું ઘર તો આદિ ગોટું ઘણું, નિરધન વિવાહ તે કેમ થાશે?'

પણ નરસૈંયો નચિંત છે.
'દુખ મ કર કામની, વાત સુણ ભામિની, પૂરશે મનોરથ કૃષ્ણ કામી,
ધ્યાન ધર કૃષ્ણનું, રાખ મન કૃષ્ણ શું, સાર કરશે નરસહીંયાચો સ્વામી.'

વડનગરના નાગર ગૃહસ્થ મદન મહેતા(જે 'અધિપતિ રાયનો કહાવે નામી')એ પોતાની પુત્રીના વેવિશાળ માટે દીક્ષિત ગોરને કહ્યું : 'જીરણગઢ તમે જાઓ ચાલી.' જૂનાગઢમાં દીક્ષિતને કોઈ ઘર નજરમાં આવ્યું નહિ—

'ધનવંત ત્યાંહાં કુલાચાર દેખે નહિ, નિરધન તે કુલવંત કહાવે.
સામુદ્રિક પણ નહીં તે પુરુષમાં કોહોજી દીક્ષિત મન કેમ આવે.
પાછા વળી તતપર થયા ચાલવા, બેસવા વાહન સજ્જ કીધું.
નષ્ટ ત્યાંનાગરી,કીધી ત્યાં ઠેકડી,નરસહીંયાનું નામ પ્રસિદ્ધ લીધું.'

દીક્ષિતને ગળે વાત ઊતરી ગઈ. એણે 'મહેતા તણી ભક્તિ જાણી', સામુદ્રિક લક્ષણો જોઈ શામળદાસને ચાંદલો કર્યો અને નરસિંહે ફોફળ-પાન 'વેહેંચીને દીધાં.' દીક્ષિત ગોરે શામળદાસનું સગપણ કરી વડનગર જઇ મદન મહેતાને નરસિંહ વિષે જાણ કરી :

'નાગરી નાતમાં સાવ મોટું ઘર, કુલ પાવન ને સરવ જાણે;
કુલ પાવન ને ઉજ્જવળતા અતિ ઘણી, મેહેતોજી નિત્ય આનંદ માણે.
ઘર અબળા તેનું નામ માણેક વદે, પુત્રી કુંવરબાઇ કહી બોલે,
શામળદાસ છે નામ કુંવર તણું, જોડ જોતાં કોઈ ન આવે તોલે.'

પણ મદન મહેતા ને એની મહેતી આ વાત જાણી ઝાંખાં પડી ગયાં.
'વાત કહેતાં નરનારી ધરણી ઢળ્યાં, સાંભળી ચટકો ચિત્ત લાગ્યો.
કાં રે હવે દૈવ તેં દુ:ખ અમને કર્યું, ગોર માબાપ થૈ કીધ્રો ઠાગો.'

પરંતુ ગોરે ખુલાસો આપી મન મનાવ્યું અને જાન જોડી લાવવાને મદન મહેતે કંકોતરી લખીને ગોરને આપી વળાવ્યો. લગ્નનો લગભગ સં. ૧૫૦૭નો દિન—

'વઇશાખ સુદ દિન શુભ છે પંચમી, વાર ગુરુ લગ્ન નિરધાર કીધું.'

માણેકમહેતી બિચારાં સગાંવહાલાંનાં મોંમન કેમ રાખવાં એની ચિંતામાં પડ્યાં, પણ ભક્તે ખુલાસો કરી આપ્યો :

'શેઠ મમ શામળો સરવથી છે ભલો, રાખ વિશ્વાસ તે દેશે આણી;
નરસહીંયો નાગર રંક છે બાપડો, કરશે સંભાળ પોતાનો જાણી.'

શ્રદ્ધાળુ ભક્ત દ્વારિકા ચાલી નીકળ્યો. અહીં તેણે દ્વારિકાપુરીનું કવિત્વભર્યું વર્ણન અને એનો પ્રભુએ કરેલો સત્કાર સુંદર વાણીમાં આપ્યો છે. પ્રભુ પાસેથી એ વચન લઈ આવે છે અને પછી સગાંવહાલાંને તેડી જાન સાબદી કરે છે. પ્રભુ એની સાથેસાથે છે :

'અંત્રિક્ષ મારગે પલકમાં પરવર્યા, રથ તણી ગર્જના સર્વે જાણી,
અવર બીજું કોઇ દષ્ટે આવે નહિ, નરસીંહો નીરખે સારંગપાણિ.'

'બાર દિવસ થયા જાનને ચાલતાં, આવી પહોંચી વડનગર પાસે.'

રાજાશાહી ઠાઠથી ભક્તપુત્રનાં લગ્ન ઊકલે છે; મદન મહેતાનો ગર્વ ઊતરી જાય છે; લગ્નની પહેરામણી આપી જાન વોળાવે છે :

'વાગ્યાં નિશાન ને જાન ચાલી ત્યાંહાં, સ્વજન કુટુંબને વિદાય કીધાં,
ચાર જોજન લગી રાયજી આવિયા, મદન મેહેતે તાંહાં શીખ માગી.'
'તેર દિવસ થયા પછી પૂરણ જાન જૂનાગઢ બાહાર આવી.'

આપણને અવિશ્વાસનું કાંઈ કારણ નથી કે એના પુત્રનું લગ્ન પણ અચિંત્ય મદદે પાર ઊતર્યું. આમ જ્યારે જ્યારે નરસિંહને ભીડ પડી ત્યારે ત્યારે એને અણધારી મદદ મળી છે. પુત્રના લગ્ન બાદ થોડે સમયે પત્નીનું અને પુત્રનું અવસાન થયું. નરસિંહે તો ગાયું :

'સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વે કાચું.'

એની શક્તિઓની આંકણીનો જબ્બર પ્રસંગ માંડલિક દરબારમાં નરસિંહના કંઠમાં દામોદર ભગવાને હાર પહેરાવ્યા વગેરેનો છે. એ સમયનાં પદ તે 'હાર સમેનાં પદ' તરીકે જાહેર હતાં. પાછળથી પ્રેમાનંદના ઓખાહરણમાં જેમ પુષ્કળ ઘાલમેલ થઇ છે તે પ્રમાણે 'હાર સમેનાં પદો'માં પણ થઇ છે. મૂળ પ્રસંગનાં પદોને વ્યવસ્થિત કરી સૌથી પ્રથમ ૫૦ પદની માળા ગૂંથી જણાય છે, જે પછી ૬૫,૭૬,૮૪, ૧૦૮ પદની વગેરે અનેક માળાના રૂપમાં પાછળથી ૩૨૬ પદ જેટલે પહોંચી છે. કવિએ મૂળ હાર પ્રસંગે જે પદ ગાયાં હશે તે નરસિંહની વાણીના અભ્યાસીઓ તારવી શકે તેમ છે.

કોઇના ચડાવ્યાથી સં. ૧૫૧૨માં રા'માંડલિકે નરસિંહને પકડી મંગાવ્યો ને એના ભક્તત્વની ખાતરી માટે 'દામોદર ભગવાન આવી હાર આપી જાય તો તું સાચો' એવું કહી રોકી રાખ્યો.

'દુરિજન લોક કહે નરસિંઓ લંપટી, વાધતી વાત રાજાએ જાણી.
દુષ્ટને વચન મંડલિક વિહવળ થયું.
કિહિ : લ્યાલો નરસિંયાનિં આંહાં તાણી.
શીઘ્ર સેવક નરસિંનિ લ્યાવિઆ,
કિહિ મહીપાલ : તૂં નિં દાસ કરીઇં.
તાહરિ પ્રીત્ય દામોદરશૂં બ્યહૂ, માગી લિ હાર જ્યમ અહ્મ્યો લહીઇં.
તે માટિ કરૂં વીનતી ત્રિકમા, પાલશો બરદ તો કાજ થાશિ.
ભણે નરસિંઓ : તૂં ભક્તવચ્છલ સદા, હઠ કરશો તો(મુઝ)પ્રાણ જાશિ.'

પુષ્કળ સ્તુતિ કર્યા બાદ—

'દામોદરે કીધી દયા : મુગટ સહિત મુનિ આપ્યો હાર.
બાજુબન્ધ બિરખા આપ્યા, ત્રિભુવન વરત્યો જેજેકાર.
રાજા, તૂં ગિહિલો થયો છાં, ખડ્ગ લેઇને આવ્યો સંગ્ય,
જે વ્હાલાશૂં રંગભરિ રમતાં. તે ગોપાલજીઆં રાખ્યો રંગ.'

આ પ્રસંગની દિનનોંધ આ પ્રમાણે મળે છે :

સંવત પન્નર બારોતર, સપતમી અને સોમવાર રે;
માર્ગશીર્ષ—અજુઆલિ પખે (આ) નરસિંનિહાર આપ્યો રે.'

પાછળની પ્રતોમાં માસમાં ફેરફાર મળે છે, પણ નરસિંહના એક પદમાં મૃગશીર્ષ નક્ષત્ર આથમવા જાય છે એવો ઉલ્લેખ છે, જે માગશર વિના સંભવી ન શકે :

'જાગ્યનાં જાદવા! રાત્ય થોડી રહી મંડલિક રા મુને બીહ્રાવે;
અરુણ ઉદિયો અને હરણલી આથમી તૂહને તો ય કરુણા ન આવે.'

મહેતાનું ભક્તમંડળ બહુ મોટું હતું. સં. ૧૫૧૨ પછી આપણને એના વિષયમાં કશી માહિતી મળતી નથી. એ સં. ૧૫૩૬ આસપાસમાં ગુજરી ગયો, એટલાં વર્ષ એણે જૂનાગઢમાં ગાળ્યાં કે અન્યત્ર એ વિષે સ્પષ્ટ કશી માહિતી મળતી નથી. ઢેઢવાડાના પ્રસંગને કારણે નરસિંહને જૂનાગઢના નાગરોએ જ્ઞાતિબહિષ્કૃત કર્યો કહેવાય છે. આથી

કદાચ તે કાકા પર્વતદાસને ત્યાં માંગરોળ જઇ રહ્યો હોય. વળી વિશ્વનાથ જાનીના જણાવ્યા પ્રમાણે કુંવરબાઈનું સાસરું પણ માંગરોળમાં હતું. માંગરોળનું જૂનું સ્મશાન 'નરસિંહનું સ્મશાન' કહેવાય છે, એ જોતાં એનું શેષ જીવન માંગરોળમાં વીત્યું હોઈ શકે. આજે નરસિંહનો વંશ રહ્યો નથી, પણ તેના કાકા પર્વતદાસનો વંશ છે ને તે 'વૈષ્ણવ' અવટંકથી ઓળખાય છે.

નરસિંહ મહેતો ઉચ્ચ કોટિનો ભક્ત, કવિ અને ગાયક હોવા ઉપરાંત પોતાના જમાનાનો એક સમર્થ ચિંતક, પ્રખર સુધારક અને એથી યે માનવતાનો મોટો ઉપાસક હતો. પંદરમી સદીના એ રૂઢિચુસ્ત જમાનામાં નરસિંહ જેવા નાગર તો શું, તેનાથી નીચા વર્ણનો યે કોઈ વ્યક્તિને ઢેઢવાડે જઇ નિઃસંકોચે હરિકીર્તન કરતી કલ્પી શકાતી નથી.

આમ તો એના કે એના સમકાલીનોના હાથની લખેલી એનાં કાવ્યોની પ્રતો (અને તેથી તેમાં હોવી સંભવિત એના વિષેની સમયનિર્દેશક માહિતી) મળતી નથી, પણ એની 'હારમાળા'માંની ઈ. ૧૪૫૬ (સં. ૧૫૧૨)ની સાલ તથા રા'માંડલિક (ઇ. ૧૪૫૧–૭૨) સાથેની એની સમકાલીનતાને આધારે એનો આયુષ્યકાળ ઈ. ૧૪૧૪-૧૫ થી ૧૪૮૦ સુધીનો મનાયો છે. કબીરનાં પદ જોડે સામ્ય ધરાવતાં નરસિંહનાં કોઈ કોઇ પદને લીધે કબીરની, અને 'સુરત-સંગ્રામ'માં આવતાં રાધાની સખીઓનાં નામ પરથી ચૈતન્ય સંપ્રદાયની અસર નરસિંહ પર થઈ હોવાનો વહેમ શ્રી આનંદશંકર ધ્રુવને આવેલો. તેમનો એ સંશય સાચો માનતા શ્રી કનૈયાલાલ મુનશીએ 'હારમાળા' નરસિંહની નહિ પણ પાછળથી બીજાની કૃતિ છે, માંડલિકવાળા પ્રસંગને માટે એ કાવ્ય સિવાય બીજા પુરાવા નથી, ૧૫–૧૬મા શતકના કવિઓ નરસિંહની અસર બતાવતા નથી અને તેનો ઉલ્લેખ કરતા નથી, ચૈતન્યશિષ્ય ગોવિંદદાસ પોતાના 'કડ્ચા' નામના ચૈતન્ય-ચરિત્રમાં જૂનાગઢ-દ્વારકાની ચૈતન્યની યાત્રાના વર્ણનમાં નરસિંહ જેવા તરતમાં થઈ ગએલા અને તેથી ખૂબ સંભારવા-ગવાવા યોગ્ય ભક્તનો ઉલ્લેખ કરતો નથી, અને નરસિંહની ભક્તિમાં 'શુદ્ધ કે વૃંદાવનીય ભાવ' અને તેથી ચૈતન્યની અસર છે, એવી દલીલો કરી સોળમા શતકના મોટા ભાગને નરસિંહનો આયુષ્યકાળ ઠરાવવાનો પ્રયાસ કર્યો છે. પણ ચૈતન્યે સૌરાષ્ટ્રની યાત્રા કરી જ નથી અને ગોવિંદદાસની 'કડ્ચા' એ કૃતિ પાછળથી લખાએલી બનાવટી કૃતિ છે એ જોતાં, તેમજ 'સુરત-સંગ્રામ'માંનાં રાધાની સખીઓનાં નામ ચૈતન્યના શિષ્ય રૂપ ગોસ્વામીના 'વિદગ્ધમાધવ' (ઇ. ૧૫૩૩) અને 'ઉજ્જ્વલનીલમણિ'માંથી મળ્યાં હોવાને બદલે 'બ્રહ્મવૈવર્ત' ને 'ભવિષ્યોત્તર' જેવાં પુરાણમાંની અથવા 'ગર્ગસંહિતા', 'નારદપંચરાત્ર' ને 'પ્રભાસખંડ'માંથીનરસિંહનેમળ્યાં હોવાનું અનુમાન તથા 'સુરતસંગ્રામ' જ નરસિંહની નહિ પણ એને નામે ચડાવી દેવાએલી અર્વાચીન કૃતિ હોવાનો પૂરતો સંભવ સ્વીકારતાં, શ્રી મુનશીનો મત બહુ સ્વીકાર્ય બને તેમ નથી. સૌરાષ્ટ્રમાં કૃષ્ણભક્તિ તો નરસિંહ પહેલાં ઘણા વખતની જૂની હતી. સખીભાવ ચૈતન્ય પહેલાં બહુ દેખાતો નથી અને નરસિંહનાં કેટલાંક પદો એનો સખીભાવ ગાનારાં છે એ ખરું, પણ એ જયદેવના 'ગીતગોવિંદ'ના ભક્તિ-શૃંગારનું એણે પોતાની રીતે કરેલું અનુકરણ કે વિસ્તરણ હોય, કે અનુગામીઓનું એને નામે ચડાવી દેવાએલું સર્જન હોય. સમકાલીન કબીરનો ઉલ્લેખ નરસિંહના એક પદમાં છે તે તો કબીરની એમના જીવતાં જ દેશભરમાં ફેલાઇ ગએલી ખ્યાતિનું પરિણામ હોય, અથવા મીરાંનો ઉલ્લેખ જેમ એ ઉલ્લેખવાળા પદને નરસિંહ પછીના કોઈની કૃતિ ઠરાવે છે તેમ એ પદનું પણ હોય. સાધકબાધક વિશેષ પુરાવા મળે નહિ ત્યાં સુધી નરસિંહનો સમય પંદરમામાંથી સોળમા શતકમાં લઈ જવાની જરૂર નથી. એ જ રીતે, પ્રો. બલવંતરાય ઠાકોરની માફક, નરસિંહ નામની કોઇ ઐતિહાસિક વ્યક્તિ થઇ જ નથી અને પુષ્ટિસંપ્રદાયે પાછળથી ઊભી કરેલી કલ્પિત વ્યક્તિ જ એ છે એમ માનવાની હદ સુધી જવાની પણ જરૂર નથી.

આમ છે, તો નરસિંહ પર ચૈતન્ય કે વલ્લભાચાર્યની અસર હોવાનો સંભવ નથી. તેની ઉપર મુખ્ય અસર 'ભાગવત' અને 'ગીતગોવિંદ'ની છે, જેના કર્તાઓને તે માનપૂર્વક સંભારે પણ છે. કૃષ્ણના નામ તરીકે 'વિઠ્ઠલ' શબ્દના પ્રયોગથી, અકારાન્ત નામોના મરાઠી પદ્ધતિનાં આકારાન્ત સંબોધનોથી, 'નામા મ્હણે' અને 'નામ્યાચા સ્વામી'ની યાદ આપતાં 'ભણે નરસૈંયો' અને 'નરસૈંયાચા સ્વામી' જેવા પ્રયોગોથી, 'દેવા અમચી વાર કાં બધિર હોઇલા આપુલા ભક્ત કાં વીસરી ગૈલા' જેવી પંક્તિઓથી, અને મરાઠી ઓવી ને અભંગની પરોક્ષ અસર એના ઝૂલણા બંધ પર હોવાના શ્રી કેશવરામ કા. શાસ્ત્રીએ કલ્પેલા સંભવથી, નરસિંહ પર મહારાષ્ટ્રના નામદેવ જેવા ભક્તોની વિઠ્ઠલભક્તિની અસર હોવાનું અનુમાન થઇ શકે. દ્વારિકા તથા પ્રભાસ આવતા મહારાષ્ટ્રના યાત્રિકો,ને સાધુસંતોની મંડળીઓના સંપર્ક અને તેમનાં ભજનકીર્તનના શ્રવણ દ્વારા નરસિંહે એ અસર ઝીલી હોવાનો તર્ક થાય.

નરસિંહનું સાહિત્ય ખૂબ જ સમૃદ્ધ છે,–ભાવવૈભવ, ગુણવત્તા ને સંખ્યા ત્રણે દૃષ્ટિએ. 'ઝૂલણા' છંદને ગુજરાતી સાહિત્યમાં નરસિંહે જ પ્રથમ વાર પ્રચલિત અને પ્રતિષ્ઠિત કર્યો. ઝૂલણા છંદનું પોતાનું સાહિત્યિક વૈશિષ્ટ્ય છે. આજ સુધી પદ્યસાહિત્યમાં તે ભાવવહનનો અવિરત પ્રવાહ ઝીલતો આવ્યો છે. ઉપરાંત તે છંદ નવીન કવિતામાં તો ભાવવહન માટે મહત્ત્વનું વાહન બની રહ્યો છે. ગુજરાતી પદ્ય-સાહિત્યમાં આખ્યાનનું બીજારોપણ નરસિંહે જ કર્યું. સળંગ કાવ્યબંધમાં નહિ પરંતુ છૂટક પદોની માળા રૂપે નરસિંહે લખેલું 'સુદામાચરિત્ર' લઘુ આખ્યાન જ છે. સોંસરાપણું તે તેનો ગુણ છે. નરસિંહનાં પોતાનાં આત્મચરિતાત્મક કાવ્યો પણ આખ્યાનો જ છે, જે પણ પદોમાં લખાયાં છે અને જેમાં 'શામળદાસનો વિવાહ'માં પ્રસંગવર્ણનની સળંગતા બીજાને મુકાબલે વિશેષ જળવાઈ છે. સુંદર ઊર્મિગીતો તો નરસિંહનાં પદોએ ગુજરાતી સાહિત્યને સંખ્યાબંધ પૂરાં પાડ્યાં છે.

તેના વિપુલ સાહિત્યસર્જનમાં 'શામળદાસનો વિવાહ' હાર, હૂંડી, મામેરું ને શ્રાદ્ધના પ્રસંગોનાં ચરિત્રાત્મક પદો, 'રાસસહસ્રપદી', 'શૃંગારમાળા', 'ચાતુરીઓ', 'હિંડોળનાં પદો', 'વસંતનાં પદો', બાળલીલા જેવાં કૃષ્ણલીલાનાં પદો, સુદામાચરિત્રનાં પદો, અને ભક્તિ-જ્ઞાનનાં પદોનો સમાવેશ થાય છે. પદનો પદ્યરચનાપ્રકાર નરસિંહને ઘણો જ ફાવતો. આત્મચરિત્રાત્મક કાવ્યો, 'સુદામાચરિત્ર' અને 'ચાતુરીઓ' જેવાં કથાત્મક કાવ્યોમાં યે નરસિંહે પદોની હારમાળા જ આપી છે. તેનાં કેટલાંક પદો ગરબી તરીકે પણ વાપરી શકાય તેવાં છે. 'ચાતુરીઓ', 'વસંતનાં પદ' વગેરેમાં સુંદર કવિત્વભર્યા રસમય નિરૂપણ સાથે ઉત્કટભાવે આલેખાએલો સંભોગશૃંગાર 'સુરતસંગ્રામ'માં પરાકાષ્ઠાએ પહોંચે છે. એ શૃંગાર ક્યારેક એવી ઉત્કટતાથી આલેખાયો છે કે 'હારમાળા'માંના સાધુના 'તારી પેઠે કોઇએ ન ગાયો નાગો ભૂંડો શૃંગાર' એમ નરસિંહને કહેવાનું વાચકોને મન થઈ જાય. પણ નરસિંહે એનો ખુલાસો આપ્યો જ છે:

'તમે જાણો વિષયરસ ગાયો, મારો હરિ શું પ્રેમ ઊભરાય;
હરિલીલા શણગાર જ ગાતાં વિષયી નહિ કહેવાય.'

'વિવિધ વિલાસ ગાયા મેં ગોવિંદના' એમ કહેતા નરસિંહની શ્રોતાઓને સલાહ છે: 'વ્યભિચાર મૂકી જુઓ વિચારી.' નરસિંહના મનમાં તો ગોપીઓ એટલે વૃત્તિઓ, તેમનું આત્મામાં (અનુ. પૃ. ૧૨૦)

જે એક જ અક્ષરના ઉચ્ચારણ પાછળ એનું નવું જીવન અને મરણ આધાર રાખતાં હતાં તે

‘ના’

લેખક · ચંદ્રકાંત બક્ષી

કૅપ્ટન રોશનલાલ મેહરાએ સળિયાની બહાર સિગારેટનું છેલ્લું ઠૂંઠું ફેંકી દીધું. જેલની મુખ્ય સર્ચલાઈટ કમ્પાઉન્ડના તારમાં અજવાળું લાવી રહી હતી. બહાર હવા ઠંડી હતી અને કોટડીની જાળીના સળિયા નાના બચ્ચાના ઠરી ગએલા મુડદાની આંગળીઓ જેવા ઠંડા થઇ ગયા હતા. સંત્રીઓના વજનદાર બૂટના અવાજ અને પથ્થરની ફર્શ પર બેદરકારીથી પટકાતી બંદૂકોના ખખડાટ વાતાવરણને ચીરતા કેદીઓની કોટડીઓ સુધી આવી જતા હતા. સુકાઈ ગએલા ગુલમહોરના ઝાડ પરથી રોજ રાતે બોલતી ચીબરી આજે શાંત હતી. બાજુની કોટડીમાં વૉલ્ટર પરેરા પ્રાર્થના કરી રહ્યો હતો. કૅપ્ટન મેહરાએ ઠંડી પથારીમાં લંબાવ્યું.

નજર સામેથી ચિત્રો સરકવા માંડયાં. ક્યાંગ ક્યાંગથી છ માઈલ દૂર ફીલ્ડ ઍમ્બ્યુલન્સ કોરનું સ્ટેશન હતું. તાજા વ્હાઈટવૉશ કરેલા તંબૂમાં ઘાયલો ખડકાયા હતા–જાણે લાશોનું ગોદામ હતું! એક જૂના, ભીના ટેબલ પર સ્ટ્રેચરો એક પછી એક ઝપાટાબંધ ગોઠવાતાં હતાં. પાસે ગરમ પાણી ઊકળી રહ્યું હતું. એક તરફ પાટાઓ અને ખૂનથી લાલ થઇ ગએલા રૂનો ઢગલો પડયો હતો. ક્લૉરોફૉર્મની ગરજ સારે એવા ચાર મજબૂત શીખ ટેબલ પાસે ઊભા હતા. ઘાયલો પાગલની જેમ ચીસો પાડતા હતા, શીખો હાથપગ દબાવી રાખતા અને ડૉ. મેહરાનાં હથિયારો સિફતથી ફરી જતાં. ગાળો, પ્રાર્થનાઓ, ચીસો વચ્ચે ડૉ. મેહરાનો ઠંડો હાથ ઊભા પાકમાં ફરતા દાતરડાની જેમ કામ કરી રહ્યો હતો. ચીફ સર્જન ડૉ. સ્મિથ હસતોહસતો કહી રહ્યો હતો, ‘લડાઈમાં એક એક ઘાયલ એક એક ગીની-પિગ બની જાય છે. રોશન અત્યારે હાથ જમાવી લે. પછી શાંતિના સમયમાં શસ્ત્રક્રિયાનો આવો અનુભવ નહિ મળે!’

સરકારે સેવાઓના બદલામાં રોશનલાલ મેહરાને કૅપ્ટન બનાવ્યો હતો... કૅપ્ટન મેહરાએ પડખું ફેરવ્યું. ચિત્રો ખરી પડયાં. જાળીની બહાર સંત્રી શેરખાનની લાંબી આકૃતિ પસાર થઈ રહી હતી. સંત્રીનો કાળો ઓવરકોટ કોટડીમાં અંધકાર પાથરતો ગયો.

ચિત્રો ફરી હાજર થઈ ગયાં. મેડિકલ કૉલેજ ઑસ્પિટલમાં કમલા સરકાર એના હાથ નીચેની નર્સ હતી. ઑપરેશન હૉલમાં, મેસમાં, ક્લબમાં... પરિચય વધતો ગયો. નર્સિસ ક્વાર્ટર્સ, બ્લૉક ‘સી’, રૂમ નં. ૬ની નર્સ કમલા સરકાર હવે પાર્ક સ્ટ્રીટમાં રહેતી હતી અને મિસીસ રોશનલાલ મેહરા બની ગઈ હતી. કૅપ્ટન મેહરાના વિચારો ચક્કર ખાવા લાગ્યા–ઔરતો કેવી બેવફા હોય છે! અને કમલા... નાઈટ ક્લબમાં કમલાએ સ્કૉચનો ગ્લાસ ફેંક્યો હતો ત્યારે પ્યાર ક્યારનો ય બુઝાઈ ચૂક્યો હતો. મોડી રાત્રે ગાડીમાં કમલાના મોઢામાંથી શરાબની વાસ આવી રહી હતી... કૅપ્ટને એને ક્લૉરોફૉર્મ સૂંઘાડયું હતું. ટેબલ પર કમલા બેહોશ પડી હતી, સામે કૅપ્ટન સિગારેટ ફૂંકતો બે કલાક સુધી સોફામાં બેસી રહ્યો હતો, છેવટે નિશ્ચય થઈ ચૂક્યો હતો...

બીજી રાત્રે લેક પર બિહારી દરવાને પૂછ્યું હતું, ‘ક્યોં સાહબ, રાતકે વક્ત ક્યા કર રહે હો ઇધર?’

કૅપ્ટને સફાઈથી જવાબ આપ્યો હતો, ‘જરા મછલિયોં કો ખુરાક દે રહા હૂં, કલ આકે પકડની હૈં.’ પરોઢિયે ઈન્સ્પેક્ટર આનંદે દરોડો પાડયો ત્યારે કૅપ્ટન મેહરાને પોતાની ભૂલ યાદ આવી. ગૅસલાઇટની નીચે ઊભેલી મોટરનો નંબર દરવાને પોલીસને આપ્યો હતો! સાંજે કૅમિકલ એક્ઝામિનરનો રિપોર્ટ આવ્યો હતો–નમૂનો મનુષ્યના માંસનો હતો! પોલીસે બધી વાત કઢાવી હતી–પરાંઓનાં તળાવોમાંથી કમલાનાં છૂટાંછવાયાં અંગો હાથ લાગ્યાં હતાં. ટેબલના ખાનામાંથી એક પડીકું નીકળ્યું હતું. ઇન્સ્પેક્ટર આનંદ એ ખોલતાં ધ્રુજી ઊઠયા હતા—શો-રૂમમાં સજાવેલી કીમતી ઘડિયાળોની જેમ રેશમી રૂમાં કમલાની બે આંખો સફાઈથી ગોઠવાએલી હતી...

કૅપ્ટન મેહરાએ પડખું બદલ્યું. સામેની કાળી દીવાલના પથ્થરો પર જૂના કેદીઓએ ચૂનાથી કરેલી રેખાઓ એક્સ-રેમાંથી દેખાતા તૂટેલા હાડપિંજર જેવી લાગતી હતી...

કૉરોનરની કોર્ટથી હાઈકોર્ટ સુધી જતાંજતાં રોશનલાલનું નામ પ્રખ્યાત થઈ ચૂક્યું હતું. કોર્ટ-રૂમમાં સ્ત્રીઓ પાંજરા સુધી આવીને જોઇ જતી; કુતૂહલથી, ભયથી, નફરતથી. જજે પ્રશ્ન કર્યો હતો, ‘કૅપ્ટન મેહરા, તમારા પર આ પહેલાં પાગલપણાની કોઇ અસર થઇ હોય એવું તમને યાદ છે?’ રોશનલાલે કહ્યું હતું, ‘મેં જે કર્યું છે એ બે કલાકના વિચાર પછી શાંતિથી કર્યું છે. હું જિંદગીમાં કોઈ દિવસ પાગલ ન હતો.’

ફેંસલો આવ્યો ત્યારે જજે કહ્યું હતું કે, ‘આ ભયંકર બુદ્ધિશાળી ખૂની છે. એક હોશિયાર ડૉક્ટરની જેમ એણે લાશનો નિકાલ કરવાની યોજના કરી હતી. જે ઠંડી ક્રૂરતાથી એણે એની પત્નીના ટુકડા કર્યા છે એ બતાવે છે કે સામાન્ય ખૂનીનું આ કામ નથી. તારીફ છે પોલીસની કે જેણે આવી ભયંકર વ્યક્તિને વધુ વિનાશક પ્રવૃત્તિ કરતાં અટકાવી છે.’

સજા મળી હતી—ફાંસીની.

કૅપ્ટન મેહરાની આંખો ખૂલી ગઈ. ભૂતકાળ ફરી ખસી ગયો, જેલ ટાવરની ઘડિયાળમાં એક ટકોરો પડયો. પાસેની કોટડીમાં કોઇ કેદી ઊંઘમાં થર્રાટાભરી ચીસ પાડી ઊઠયો...

ફરી ચિત્રો આવી ગયાં–નજીકના ભૂતકાળનાં. પંદરેક દિવસ પર એક રાત્રે હેડવૉર્ડન જ્હૉન કાર્વાલ્હો જાળી પાસે આવીને ધીમા, ગભરાએલા અવાજે બોલી રહ્યો હતો, ‘કૅપ્ટન!... કૅપ્ટન મેહરા!’

રોશનલાલે પૂછ્યું હતું, ‘કોણ મિ. કાર્વાલ્હો, અત્યારે?’

‘કૅપ્ટન, મારી પત્નીને અત્યારે ડીલિવરીનો સમય છે, ભયાનક દર્દ થઇ રહ્યું છે; તમે ચાલો–સામે કમ્પાઉન્ડની બહાર જ મારું ઘર છે.’ કાર્વાલ્હોએ આજીજીભર્યા અવાજે કહ્યું હતું.

‘હું ફાંસીનો કેદી છું. અત્યારે–રાત્રે બહાર નહીં જઈ શકું.’

‘કૅપ્ટન, અત્યારે તમે ફાંસીના કેદી નથી. તમે એક મશહૂર ડૉક્ટર છો, માણસ છો! બે જાન તમારા હાથમાં છે. તમે વિચારો ડૉક્ટર, હું મારી જવાબદારીએ તમને બહાર કાઢી રહ્યો છું...’

‘હું નહિ આવી શકું.’

કૅપ્ટન મેહરાના ચહેરા પર ઝાંખા અંધકારમાં એક ક્રૂર સ્મિત પથરાઈ ગયું. એ વખતની યાદ તાજી થઈ ગઈ. બહાર કાતિલ ઠંડી વરસતી હોય એવું વાતાવરણ હતું. એનાથી કહેવાઈ ગયું હતું, ‘અચ્છા, ચાલો.’

કમ્પાઉન્ડની દીવાલથી બે ફર્લાંગ પર મકાનોની હારમાળા શરૂ થતી હતી. એક બેઠા ઘાટનું નાનું ઘર હતું. અંધકારમય સીડી હતી. એક નાનો ઓરડો હતો. એક તરફડતી, છટપટાતી ઔરત હતી. જ્હૉન કાર્વાલ્હોનો સખત ચહેરો પસીનામાં ઓગળી રહ્યો હતો. નીચે બે સંત્રી ધીમી ગુફતગુ કરી રહ્યા હતા.

‘વાયોલેટ... વાયોલેટ!’

તરફડતી વાયોલેટમાં જવાબ આપવાના હોશ ન હતા.

રોશનલાલે પૂછ્યું હતું, ‘કાર્વાલ્હો, આ કેટલામું બચ્ચું છે?’

‘પહેલું, કૅપ્ટન.’

‘ઉમર કેટલી છે?’

'એકતાળીસ.'

''સાફ બતાવી દઉં? મારે 'સીઝેરીઅન ઑપરેશન' કરવું પડશે. પેટ ચીરીને બચ્ચું કાઢવું પડશે—નહિ તો બંને ખતમ થઈ જશે.''

જ્હૉન કાર્વાલ્હો ધ્રૂજતો હતો. રોશનલાલે પૂછયું,'કેમ?...જલદી વિચાર કરી લો.'

'કૅપ્ટન, જેલ-ઑસ્પિટલના હાઉસ-સર્જને મને કહ્યું હતું કે... વાયોલેટ જેવી કમજોર ઔરત સીઝેરીઅનમાંથી પસાર થવી મુશ્કેલ છે'. અને જ્હૉન કાર્વાલ્હોએ ટટાર થઇને કહ્યું, 'ખેર, જવા દો; વિચારવાનો સમય નથી. હું વાયોલેટને અહીં પાસે જ જેલ-ઑસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરું છું.'

કૅપ્ટન મેહરાની નજર સામે ઑપરેશન-ટેબલ આવી ગયું. હાઉસ-સર્જને કાર્વાલ્હોને કહેલા શબ્દો યાદ આવ્યા, 'આ માણસ પાગલ લાગે છે'...ઍનેસ્થેટિકની શીશીઓ પડી હતી, પેટની ચામડીનાં પડ ચિરાતાં જતાં હતાં, લોહીની ટશરો ફૂટતી હતી, રાતની નસો રૂથી લોહી દબાવતી જતી હતી, બાજુમાં ઊભેલા ડૉક્ટરો ફોરસેપ્સથી ફાટેલી ચામડીને ખેંચી રાખતા હતા...

અડધા કલાક બાદ પલંગમાં વાયોલેટ સ્થિર પડી હતી, પાસે એક બચ્ચું હતું—અને ખુરશીમાં કૅપ્ટન મેહરા સ્વસ્થ બેઠો હતો.

કાર્વાલ્હોએ ભાવવશ રોશનલાલનો હાથ દબાવતાં કહ્યું, 'કૅપ્ટન, તમારા જેવો સર્જન મેં જિંદગીમાં જોયો નથી!'

'ઑપરેશન-ટેબલ પરના શરીરને હું ગીની-પિગ સમજીને કામ કરું છું...'ને કાર્વાલ્હોનો થીજી ગએલો ચહેરો જોઇને રોશનલાલ હસ્યો હતો.

જતી વખતે વાયોલેટે પ્રયત્નપૂર્વક કહ્યું હતું, 'ડૉક્ટર, તમે માણસ નથી. ફિરસ્તા છો.'

ચિત્રો અદશ્ય થઈ ગયાં. રાત જાણે ઠંડીમાં ઠૂંઠવાઈ ગઈ હતી. સમય સ્થિર થઈ ગયો હતો. સંતસિંહના ઇશારાને હજી વાર હતી, કાલે રાત્રે સંતસિંહે કહ્યું હતું-ગાર્ડ બદલાતાં ઓછામાં ઓછી સાત-આઠ મિનિટ લાગશે. દરમ્યાન દરવાજો ખુલ્લો હશે, ગુલમહોરના ઝાડ પાછળનો. એક આઠ ફીટની દીવાલ કુદાવવાની રહેશે-પછી કમ્પાઉન્ડની બહાર ફર્લાંગ પર સડકની ડાબી બાજુ એક મોટરસાઈકલ ઊભી હશે-અને ત્યાંથી આઝાદીની સીમા શરૂ થશે...

સંતસિંહ જેલનો નવો સંત્રી હતો. બર્મામાં ડૉક્ટરોની જીપ ચલાવતો-અને લાશોના ગોદામમાં ઑપરેશન ટેબલ પાસે ઊભો રહેતો. પકડાએલા જાપાનીઓ અને લશ્કરમાંથી નાસી ગએલા ને ફરી પકડાએલા સંતસિંહને સોંપવામાં આવતા.ફીલ્ડ-ઑસ્પિટલના ઘાયલ જવાનો મજાક ઉડાવતા, 'શું નામ છે-સંતસિંહ!' જુદા પડતી વખતે ડૉક્ટર મેહરાએ કહ્યું હતું, 'સંતસિંહ, લશ્કરમાંથી છૂટો થાય પછી મને મળજે-કંઈ કામ ન મળે ત્યારે! હું બંદોબસ્ત કરાવી આપીશ.'

તાળામાં ચાવી ફરવાનો હલકો અવાજ આવ્યો. કૅપ્ટન મેહરાએ જોયું-સંતસિંહ ઊભો હતો! એણે ધીમેથી પણ જલદી કહ્યું, 'કૅપ્ટન સા'બ, ઊંઘો છો શું? જલદી ભાગો, ગુલમહોર તરફ આગળ દીવાલ છે. સડક પર ડાબી તરફ મોટર-સાઈકલ પડી છે.' કૅપ્ટન બિલ્લીપગે બહાર નીકળી ગયો. ગુલમહોરના પડછાયામાંથી એણે જોયું કે દૂર મુખ્ય દરવાજા પાસે શેરખાન ઊભો હતો. ગુલમહોરની પાછળનો દરવાજો સહેજ ધક્કો લગાવતાં ખૂલી ગયો. કૅપ્ટન દરવાજો બંધ કરીને દીવાલ તરફ દોડ્યો. દીવાલ ધાર્યા કરતાં ઊંચી હતી. તૂટેલી ઈંટો પર પગ મૂકીને કૅપ્ટન દીવાલ પર ચડી ગયો. નીચે ઢાળ હતો—લગભગ બારેક ફીટ નીચે.કૅપ્ટન એક મિનિટ દીવાલ પર સ્થિર થઈ ગયો.પાછળથી અવાજ આવ્યો, 'કૌન હૈ?' અને ટૉર્ચ-લાઈટ ફેંકાઈ.

કૅપ્ટને પડતું મૂકયું—સીધા, સડક પર, મકાનોની દિશામાં. પાછળથી ભયની વ્હિસલો જોરથી વાગી રહી હતી. ફ્લૅશ લાઇટ સડક પર ફેંકાઈ રહી હતી. જેલ-કમ્પાઉન્ડ તરફથી સખત ઑર્ડર અપાઈ રહ્યા હોય એવા અવાજ આવી રહ્યા હતા. કૅપ્ટને સડક પર દૂર સુધી નજર ફેંકી અને અસહાય ગુસ્સામાં હોઠ કરડ્યો-ક્યાં ય મોટર-સાઇકલ દેખાતી ન હતી! દૂર મશીનોનો ઘરઘરાટ થવા લાગ્યો-પોલીસની જીપો અને વાયરલેસ-વાનો નીકળી રહી હતી.

કૅપ્ટને મકાનો તરફ દોટ મૂકી. રાત અંધારી હતી. પહેલા જ મકાનના પડછાયામાં દીવાલ સરસા ઊભા રહીને એણે શ્વાસ લીધો. સંતસિંહ! સંતસિંહ પણ દેખાતો ન હતો. એને તરત ખયાલ આવી ગયો—જેલથી એ ઘણો દૂર નીકળી ગયો હતો. સંતસિંહે છૂટા પડીને મોટર સાઇકલનો કબજો લઈ લીધો હશે-પાછળની જીપો જોઇને, અને...અત્યારે કદાચ સંતસિંહ પણ એને શોધવામાં પડી ગયો હશે!

કૅપ્ટને ચમકીને જોયું. સામેથી એક તેજ મોટર-સાઈકલ જેલ તરફ દોડી ગઈ. કૅપ્ટન ઊલટી દિશામાં ભાગ્યો. એક નાના મકાનનો દરવાજો ખુલ્લો પડ્યો હતો! કૅપ્ટન મેહરાએ પ્રવેશ કર્યો. સીડીમાં અંધકાર હતો-એક ક્ષણ આંખો સામે તદ્દન અંધારું થઈ ગયું. બીજી ક્ષણે કૅપ્ટને બાકી રહેલી બધી જ હિંમત ભેગી કરી. ધીમેથી સીડી ચડીને એણે કમરામાં ડોકિયું કર્યું—અસ્તવ્યસ્ત પથારીમાં એક સ્ત્રી નાઈટ-ગાઉનમાં બેઠી હતી અને સામે ટેબલ-લૅમ્પ જલી રહ્યો હતો.

થોડી અસ્થિર ક્ષણો પસાર થઈ. એકાએક સ્ત્રીની નજર ગઈ. એનાથી ચીસ પડાઈ ગઈ, 'કોણ છો, તમે? રાતના કેમ ઘૂસી આવ્યા છો?'

બીજી મિનિટે એણે કહ્યું, 'ઓહો, ડૉક્ટર મેહરા! માફ કરજો. મેં ઓળખ્યા નહિ. અત્યારે કેમ?'

કૅપ્ટન મેહરાની આંખો સ્થિર થઈ ગઇ-સામે વાયોલેટ કાર્વાલ્હો બેઠી હતી! બાજુના પારણામાં નાનું બચ્ચું રડી ઊઠ્યું. ખૂણાના આઈકોન પાસે એક નાની બત્તી જલી રહી હતી.

કૅપ્ટન મેહરાના મગજમાં જેલ તરફ ગએલી મોટર સાયકલનો ભેદ ઊકલી ગયો-એ જ્હૉન કાર્વાલ્હો હતો!

'હા, હું ડૉક્ટર રોશનલાલ મેહરા છું,' જરા અટકીને એણે કહ્યું, 'મિસીસ કાર્વાલ્હો, હું હમણાં જ જેલમાંથી ભાગીને આવ્યો છું...' કૅપ્ટને આંખમાં આંખ મિલાવતાં ઉમેર્યું, 'પહેલાં તમારી જિંદગી મારા હાથમાં હતી, હવે-હવે મારી જિંદગી તમારા હાથમાં છે.'

એક પ્રકારની ઘુમ્મસમય શાંતિ છવાઈ ગઈ.બંને એકબીજા તરફ જોઇ રહ્યાં. બહાર અવાજ વધતો હતો. કૅપ્ટનની દૃષ્ટિ બારી બહાર ગઇ. રાતનો ઠંડો અંધકાર ફાડતી સર્ચલાઇટો ફરી રહી હતી.વાયરલેસ-વાનોની લાંબી સાયરનો સ્મશાન પર રોતાં શિયાળો જેમ બોલતી હતી.

એકાએક કોઈ સીડી ચડી રહ્યું હોય એવો અવાજ આવ્યો. મિસીસ કાર્વાલ્હોએ ભયભીત ઇશારો કર્યો.કૅપ્ટન કબાટની આડમાં છુપાઈ ગયો.

બારણું ખૂલતાં જ અવાજ આવ્યો, 'વાયોલેટ, બહુ ખરાબ થયું. મારી ચોવીસ સાલની કારકિર્દીમાં બન્યું ન હતું એવું બની ગયું. પેલો ડૉક્ટર મેહરા હતો ને-તારી ડીલિવરી પર અહીં આવેલો-એ ભાગી ગયો!'

કમરામાં શૂન્યતા છવાઈ ગઈ. જ્હૉન કાર્વાલ્હો ઝડપથી બોલી રહ્યો હતો, 'હવે આજની રાત એ કમબખ્ત પાછળ ગુજરશે. હું એને નર્કમાંથી પણ ખેંચી લાવીશ... અચ્છા હું જાઉં છું, વખત નથી. તને કહેવા જ આવ્યો હતો.'

એક ક્ષણ પછી જ્હૉન કાર્વાલ્હોએ ધીમા અવાજે પૂછયું, 'વાયોલેટ, તું જાગતી હતી. તેં આટલામાં ડૉક્ટરને જોયો છે?'

કમરામાં સૂકી નજર ફેરવતાં વાયોલેટે જવાબ આપ્યો, 'ના.'

જીવનને બહુ કરુણ હાલતમાં મૂકી દેતા બે જંતુજન્ય રોગો

સિફિલિસ(ચાંદી) ને ધનુર્વા



સિફિલિસનાં જંતુઓ



પરમિયાનાં જંતુઓ

'માંદગીનાં મૂળ'નો ૧૫મો હપતો

લેખક: ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સિફિલિસ અને પરમિયો એ જાતિનેય રોગો(વેનેરિયલ ડિસીઝીઝ)ની સંજ્ઞાથી ઓળખાય છે. આ બેમાં ભયંકર સિફિલિસ છે. એનાથી શરીર અને મનની ખાનાખરાબી, લગ્નસુખમાં ભંગ અને કૌટુંબિક પાયમાલી આવી પડે છે. શરીરના કોઈ પણ અવયવને તે ઈજા પહોંચાડે છે. એની માઠી અસરોમાં અંધાપો, બધિરતા, ગાંડપણ, લકવો અને હૃદયરોગ થઈ આવે છે. ગાંડપણના દસ ટકા રોગીઓ આ રોગના કારણે થતા હોવાનું માનવામાં આવે છે. અમેરિકામાં બીજા વિશ્વયુદ્ધ વખતે લશ્કરી ભરતી માટે શારીરિક તપાસમાં દર એક હજાર માણસે પિસ્તાલીસ માણસો આ રોગવાળા હોવાનું માલૂમ પડયું હતું.

સિફિલિસનો ઇતિહાસ તપાસતાં ઈ.સ. ૧૪૯૫માં આખા યુરોપભરમાં એનો રોગચાળો ફાટી નીકળ્યાની નોંધ છે. અગાઉ તો આ રોગ એના ઉદ્ભવના ધારી લીધેલા સ્થાન પરથી વિવિધ નામે ઓળખાતો હતો. ઈટાલિયનો એને 'ફ્રેન્ચ' કે 'સ્પૅનિશ રોગ' કહેતા હતા, તો ફ્રેંચો એને 'નીઓપૉલિશન' રોગ નામથી ઓળખતા હતા. અંગ્રેજો એને 'ફ્રેન્ચ પૉક્સ' કહેતા તો સ્પૅનિશો એને 'એસ્પાનોલા (હાઇટી)' રોગથી ઓળખવા લાગ્યા. કોલંબસે શોધેલા હાઇટી ટાપુમાં એના નાવિકોએ આ રોગના ચેપી બની ૧૪૯૩માં યુરોપમાં એની આયાત કરી. વિષયલંપટતા અને અસ્વચ્છતાના કારણે ૧૪૯૫માં યુરોપભરમાં એનો રોગચાળો ફેલાયો હતો. સોળમી સદીમાં આપણા દેશમાં ફિરંગીઓના આગમન પછી આ રોગ દેખાવાથી ભાવમિશ્રે એને 'ફિરંગ રોગ' નામ આપ્યું હતું. ૧૫૩૦માં ઈટાલીના દાક્તરે આ રોગથી પીડાતા એક ભરવાડનું કાવ્ય લખ્યું. આ ભરવાડનું નામ હતું સિફિલસ. આ ઉપરથી એ રોગનું નામ સિફિલિસ (Syphilis) સ્વીકારવામાં આવ્યું.

વર્ષો વીતતાં સિફિલિસ અંગે અભ્યાસ થવા માંડયો. ૧૭૬૭માં જૉન હન્ટરે સિફિલિસ અને પરમિયાનો ચેપ પોતાના શરીરમાં દાખલ કર્યો ને જાહેર કર્યું કે આ બંને રોગ એક જ છે; પણ પાછળથી ખબર પડી કે જે રોગીનો ચેપ લેવામાં આવ્યો હતો તે બંને રોગોથી પીડાતો હોવાથી પરિણામ ભૂલભરેલું આવ્યું હતું. સિત્તેર વર્ષ બાદ ફિલિપ રિકૉર્ડે સાબિત કર્યું કે સિફિલિસ અને પરમિયો બંને જુદા રોગો છે.

૧૯૦૫માં હૉફમૅન અને સાઉદીન પ્રથમવાર માઇક્રોસ્કોપની સહાયથી સિફિલિસ ઉત્પાદક જીવાણુઓ જોયા. એનું નામ આપ્યું ટ્રેપાનોમા પૅલિડા (Trepanoma અથવા Spirocheta Pallida). ૧૯૦૭માં વાઝરમૅને રોગીના લોહીમાં રોગના પ્રતિકણો જોવાને લોહીનો ટેસ્ટ શોધ્યો. ૧૯૦૯માં ઍર્લિચે સિફિલિસ માટે '૬૦૬' કે સાલ્વર્સન નામની સચોટ દવા શોધી. સાલ્વર્સન, એ આ દવાની શોધખોળના પ્રયોગોની હારમાળામાં છસો છમી વખતે હાથ લાગેલું રાસાયણિક ઔષધ છે, આથી એ '૬૦૬'ની સંજ્ઞાથી પણ ઓળખાય છે. એની સહાયકારી સારવારમાં પારો વપરાતો, પણ તે ઝેરી નીવડવાથી ૧૯૨૨માં બિસ્મથનો ઉપયોગ સ્વીકારાયો. રોગ મટાડવા માટે સાલ્વર્સન અને બિસ્મથની છત્રીસ અઠવાડિયાંથી માંડી બે વર્ષ સુધીની સારવાર નક્કી કરવામાં આવી. આ લાંબી અને મુશ્કેલીભરી સારવારને બદલે ઈ. ૧૯૪૩માં પેનિસિલિનનો ઉપયોગ સ્વીકારાયો, જે ઉપચાર છથી પંદર દિવસમાં પૂરો થાય છે.


જનનેન્દ્રિયો વચ્ચેના ગાઢ સંબંધના પરિણામે સિફિલિસના જીવાણુ-




રોગના બીજા તબક્કામા ઠંડી, તાવ, ઉગ્ર શિરોવેદના ને ગળાના દુખાવા સાથે આખા શરીરે ગરમી ફૂટી નીકળે છે. આ સ્થિતિ ચાર કે છ અઠવાડિયે મટી જઈ પછી મોઢામાં કે ગુહ્યાંગો પર ધોળી ચાંદી દેખા દે છે.



જન્મજાત સિફિલિસવાળું ત્રણ અઠવાડિયાનું બાળક. પેડુ, સાથળ ને પગની પાનીએ આટલી નાની વયે ફૂટી નીકળેલી આવી ગરમી, સિફિલિસથી પીડાતી માતાનો વારસો છે. માતાના ગર્ભાધાનકાળ દરમિયાન જો આ રોગની પૂરતી સારવાર અપાઈ હોય તો આ ભયંકરતાથી બાળકને કદાચ બચાવી શકાત ખરું.





↑ ધનુર્વાનાં જંતુઓ

સિફિલસના ત્રીજા તબક્કા–'ગમા'–માં તાળવામાં કાણું પડી જાય છે. આ વખતે હાડકાં અને સાંધાના રોગ અથવા ચામડી પર ગડ પણ થઈ આવે છે.

એ શરીરમાં પ્રવેશે છે. તૂટેલી ચામડી કે અંતરત્વચા દ્વારા જીવાણુઓ પ્રથમ જનનેન્દ્રિયમાં પ્રવેશે છે. રોગવાળી વ્યક્તિ સાથે સંભોગ થવાથી માણસે માણસે એનો ચેપ ફેલાય છે. નવથી સાઠ દિવસની અંદર, અને સરાસરી એકવીસમા દિવસે ચેપના સ્થાને પ્રથમ ફોડલી ને પછી ચાંદી થાય છે, જે સિફિલિટિક સોર કે શૅન્કર નામથી ઓળખાય છે. આપણે એને ઉપદંશ, ટાંકી, વિસ્ફોટક, ચાંદી વગેરે નામથી ઓળખીએ છીએ. સંભોગ અંગે ચાંદી થતી હોવાથી ૯૫ ટકા એનું સ્થાન ગુહ્યાંગો પર હોય છે, પાંચ ટકા હોઠ, પેડુ, આંગળી કે સ્તન પર હોય છે.

ચાંદી અનિયમિત સમય સુધી રહે છે. કોઈક વગર દવાએ રૂઝાઈ જાય છે, તો કોઈક, છ કે બાર અઠવાડિયે શરીર પર ગરમી ફૂટી નીકળે ત્યાં સુધી કાયમ રહે છે. ગરમી આખા શરીર પર ફૂટી નીકળે છે, જેને આપણે વિસ્ફોટક નામે ઓળખીએ છીએ. એ આ રોગનો બીજો તબક્કો છે. એ વખતે ટાઢ, તાવ, ઉગ્ર શિરોવેદના અને ગળાનો દુખાવો થઈ આવે છે. દવા વગર આ સ્થિતિ ચાર કે છ અઠવાડિયાં પર્યંત રહી મટી જાય છે, જે પછી મોંઢામાં કે ગુહ્યાંગો પર ધોળી ચાંદી રૂપે દેખા દે છે.

આ પછી રોગ શાંત રહે છે, પણ શરીરની અંદર તો પાયમાલી સર્જે છે, જેના પરિણામે વર્ષો પછી હૃદય, લોહીની નળીઓ કે જ્ઞાનતંત્રના ભયાનક રોગમાં દેખા દે છે! મગજ કે કરોડરજ્જુ પરની માઠી અસરોને લીધે ગાંડપણ, પક્ષાઘાત, અંધાપો કે બધિરતા આવી પડે છે; તો હૃદય કે લોહીની નળીઓના બગાડને લીધે આકસ્મિક મૃત્યુ આવી પડે છે! હૃદય કે જ્ઞાનતંતુને નુકસાન પહોંચ્યા પછી તેનો કોઈ ઉપાય નથી. દવાથી માત્ર વધુ બગાડ થતો અટકે, પણ બગડેલા અવયવો તો સુધરતા નથી. ચામડી પર ગડ અંતે તાળવામાં કાણું કે હાડકાં ને સાંધાના રોગ થઇ આવે છે. તે આ રોગનો 'ગમા' નામનો ત્રીજો તબક્કો છે.

પણ આ રોગની વધુ ભયાનકતા તો જન્મગત વારસામાં છે. રોગિષ્ટ માતા ગર્ભાવસ્થાના ચોથા કે પાંચમા માસે ગર્ભને આ રોગ આપે છે! પરિણામે કસુવાવડ કે પૂરા માસે મરેલું બાળક અવતરે છે! આવી સુવાવડો બાદ પૂરા માસે અવતરેલું બાળક રોગવાળું હોય છે. એના શરીર પર ગરમી, બેસી ગએલું નાક, મોઢા ને ગુદા પર ચીરા, આગળપડતું કપાળ ને બીજી ખોડો હોય છે. બાળક જીવે તો ઉપલા કાપવાના દાંતો મોટા ને પહોળા, બહેરાશ વગેરે રોગની નિશાનીઓ હોય છે.

વ્યભિચારી સ્ત્રી કે પુરુષને આ ચાંદીનો રોગ થાય છે. રોગિષ્ટ વ્યક્તિ સાથે સંભોગથી એનો ચેપ લાગે છે. તાજા ચેપ વખતે જનનેન્દ્રિય પર ચાંદી હોય છે. એમાં નથી હોતી વેદના કે નથી હોતું પરુ. રોગી પરદારા કે વેશ્યાગમનની વાતો નકારતો રહે છે અને ચાંદીના સ્થળે કીડી મંકોડો કરડી ગયાનું બહાનું કાઢે છે,–જાણે કે કીડીઓ આવવા માટે ત્યાં ગોળ ઘી ચોપડી મૂકતા ના હોય! એ જ રીતે જૂના રોગથી થએલી માઠી અસરો લઇને આવેલા રોગીને પણ ચેપની વિગતો પૂછતાં સ્પષ્ટ વિગતો મળતી નથી. મોટા ભાગના લોકો ચાંદી અંગે અજ્ઞાનપણું બતાવે છે. રોગની પરખ માટે વાઝરમૅન કે કાહન લોહીનો ટેસ્ટ કરવામાં આવે છે. ચાંદી પડયા પ ચોથા કે છઠ્ઠા દિવસે લોહીનો ટેસ્ટ નિશ્ચિત (positive) આવે છે. આ રોગમાં જેટલી વહેલી દવા કરવામાં આવે એટલો જલદી ને સંપૂર્ણ આરામ થાય છે. લોહીનો ટેસ્ટ નિશ્ચિત બન્યા પછી મોડી કે અધૂરી દવા કરાવવાથી રોગના ઉથલા આવવા પૂરો સંભવ રહે છે.

ધનુર્વા

કેટલાક રોગનાં શરૂઆતનાં ચિહ્નો છેક મામૂલી હોય છે. એ સબંધે ગફલતમાં રહેવાથી રોગ થોડા વખતમાં એવો તો ઉગ્ર બની જાય છે કે રોગીને બચાવવામાં નવનેજા ઊતરી જાય છે.

આવો એક રોગ ધનુર્વા છે. રોગીને થોડા દિવસ પહેલાં કે તાજેતરમાં થોડું કે વધારે વાગવાથી શરીર પર ઘા પડવાની વિગત હોય છે. ઘા મોટો હોય કે નાનો ઊઝરડો પણ હોય. ઘામાં રસ્તાની ધૂળ લાગેલી હોવી જોઇએ. ખેડૂત, માળી, મજૂર, ઓજારો સાથે કામ કરનારાઓ અને રસ્તામાં રમતાં છોકરાંઓમાં આવું સહજ બને છે. ધૂળમાં હાજર રહેલા ધનુર્વાના જીવાણુઓ ઘામાં જામે છે. ઘાવાળી જગ્યાની શક્તિ ઘટવાથી કે ઘામાં પરુ થવાથી જીવાણુઓ સંખ્યામાં વધે છે. એનું ઝેર જ્ઞાનતંત્ર પર અસરો કરે છે અને ધનુર્વાનો રોગ થઈ આવે છે.

ધનુર્વાના જીવાણુઓ તાજા ખાતર પૂરેલા ખેતરમાં અને ઘોડાની લાદમાં તો ખસૂસ હોય છે. શહેરોમાં ઘોડાઓ વધારે હોવાથી એમની લાદને લીધે રસ્તાની ધૂળ ધનુર્વાના જીવાણુઓથી ઊભરાતી માનવામાં આવે છે. આવા રસ્તા પર પડવાથી થએલા ઘામાં ચેપ વધુ લાગે છે. ગૂમડું પાકવા માટે બાંધેલી માટીમાંથી પણ આ રોગનો ચેપ લાગવાનો સંભવ છે. બંદુકની ગોળીના ઘામાં તો ધનુર્વા અવશ્ય થઈ આવે છે.

આ રોગનો સંક્રમણકાળ થોડા દિવસથી માંડી ઘણાં અઠવાડિયાં સુધીનો છે. પણ ગરમ દેશોમાં થોડા કલાક પછી પણ તે થઈ આવે છે.

રોગની શરૂઆતમાં ચિહ્નો અનિશ્ચિત રહે છે. ઘાની જગ્યાએ માંસપેશીઓની ખેંચ થાય છે. પણ ધ્યાન દોરે એવું આગળપડતું ચિહ્ન તો મોઢું નહિ ઊઘડવાનું છે. રોગી મોં ઉઘાડી શકતો નથી. આમ કરતાં ગાલ અને ગરદનની માંસપેશીઓમાં વેદના થાય છે, ગળવામાં મુશ્કેલી પડે છે, ગરદન અને મોંઢાની માંસપેશીઓ જકડાઈ જવાથી ચહેરો હસતો ન હોય એવો ઘાટ ધારણ કરે છે. આ એક જ રોગ છે કે જેમાં રોગીનો ચહેરો રોગ હોવા છતાં હસતો દેખાય છે. પછી રોગીને તાણો ઊપડે છે. તાણો સાધારણ હોય યા શરીર પડખે ને પાછળ વળી જાય એવી સખત પણ હોય. પ્રકાશ, ઓચિંતો અવાજ કે પવનના ઠંડા સપાટાથી તરત તાણ ઊપડી આવે છે. આ વખતે મોટા ભાગે તાવ હોય છે. કોક દાખલામાં તાવ નથી યે હોતો. પણ મરણ પહેલાં ૧૦૮થી ૧૧૦ ડિગ્રી જેટલી શરીરની ગરમી વધી જાય છે. ઉપરાઉપરી તાણોના લીધે થાકી જવાથી કે હવા જવી બંધ થવાથી મોત આવે છે. રોગ પછી ચોવીસ કલાકમાં કે ચારપાંચ દિવસમાં મૃત્યુ આવી પડે છે.

પડવાથી કે વાગવાથી થએલો ઘા ધૂળવાળો કે મલિન બન્યો હોય કે તરત જ ઍન્ટી ટિટેનિક સિરમનું ઈન્જેક્શન લઈ લેવાથી આ પ્રાણઘાતક અને વ્યથાપૂર્ણ રોગ થવાની દહેશત રહેતી નથી.

દીવાળી તો અરાંપરાં હોળી તો ઘરાંઘરાં

લેખક · બકુલ ત્રિપાઠી

મેઘધનુષ્યને સાત રંગ હોય છે ને? અત્યારે મારો વેશ મેઘધનુષ્યના જેવો છે. અને હા, એક રંગ વધારે. ડામરનો કાળો રંગ મારા ડાબા ગાલે શોભી રહ્યો છે.

સૂરજગઢમાં,ત્યાંના અનાજબજારના વેપારીઓને–મંડીનાશેઠિયાઓને–મળવા હું જયપુરથી બુધવારે સાંજે ઊપડેલો. સાંજે સાડા છએ ઊપડેલી ગાડી રાતે દોઢ વાગ્યે સૂરજગઢ પહોંચી. રાતે ચાંદનીમાં રેતીમાં, આપણે ત્યાં તળાવમાં ભેંસોનાં ટોળાં બેઠાં હોય છે એવાં, ઊંટના ટોળાં બેઠેલાં. અમે મંડીને છેડે પરમેસરીદાસજીની દુકાને પહોંચ્યા. મારી જોડે અહીંના ઈન્કમટૅક્સના એક વકીલ હતા: રામચરનજી.

બૂમો પાડી. રાત્રે કોઇને જગાડવા બૂમો પાડવાની પણ એક અનોખી મઝા છે. મને એ બહુ ગમે છે. દિવસે બૂમો પાડીએ તો ગાંડા ગણાઇએ; રાતે કોઇને જગાડવાને બહાને બૂમો પાડીએ તો વાંધો નહિ. બહુ મઝા આવે છે. પંદરેક મિનિટ બૂમો પાડી.

‘અજી કૌન ચિલ્લા રહે હૈં?’ અંદરથી પ્રશ્ન પુછાયો.

‘હમ હૈં–પરમેસરીદાસજી, જેપૂર સે આ રહે હૈં.’

અમારો અવાજ અનંતમાં ડૂબી ગયો. અનંતમાં ડૂબી ગયો, એટલે જ પરમેસરીદાસજીને કાને પડ્યો નહિ. ફરીથી બૂમો પાડી: ‘પરમેસરીદાસજી...’ ‘એ...પરમેસરીદાસજી...’ ‘અય પરમેસરીદાસજી ઈ ઈ ઈ...’ વગેરે. અંતે પરમેસરીદાસજીનાં ‘દ્વાર ખૂલ્યાં, ઊછળ્યાં અને અવધૂત ને બ્રહ્મ દષ્ટે પડ્યા’— અમે બેસ્તો!

રાતે ૨૦×૧૫ના માપની વિશાળ ગંદી ગાદી પર સૂઈ ગયા.

શૈશવ મૂકીને યૌવનમાં પ્રવેશતાં જેમ એની એ સૃષ્ટિ નવી દેખાવા માંડે છે એમ જ કદાચ, રાતે જે ગામમાં પ્રવેશ્યા હોઇએ એને સવારે ઊઠીને જોવામાં કંઈક જુદો જ લહાવો છે. દિવસે ગામમાં પ્રવેશીએ છીએ ત્યારે ચાલુ નાટકે થિયેટરમાં ઘૂસ્યા હોઇએ એવું લાગે છે. રાતે ગામમાં પ્રવેશી સવારે ઊઠીને બધું જોઇએ છીએ તો જાણે આપણા આવવાની રાહ જોઇને પડી રહેલો પડદો, એની ઝૂલતી ઝાલરો સાથે સરરરર કરતો સરી જઈ આપણને કહે છે, ‘જુઓ, આ રંગભૂમિ.’

બજારમાં ઊંટ પરથી અનાજની ને ગોળની ગૂણો ઊતરતી હતી, કબૂતરનાં ઝોલાં ચણતાં હતાં, ઊંટ ફિલસૂફોની જેમ બેઠાંબેઠાં વાગોળતાં હતાં, વેપારીઓ સોદા કરતા હતા, દૂર સુધી વેરાન વગડો તપતો હતો.

સવારે ધંધાનું કામ પતાવ્યું. પરમેસરીદાસજી કહે ભોજન કરોગે ન?’

રામચરનજી કહે, ‘ક્યોં નહીં?’

‘કચ્ચા યા પક્કા?’

‘પૂછો મૅનેજર સા’બ કો. ઉન કો ક્યા પસંદ હૈ?’

મને થયું કચ્ચા ખાના પસંદ કરું કે પક્કા ખાના? પક્કામાં તો હશે દાલ, ચાવલ, ઔર ચપાટી. ધરાઈ ગએલો આ બાજુનાં દાલ (હા જી, ઉડદ કી દાલ) ચાવલ ને ચપાટીથી. થયું કચ્ચા ખાનામાં કાચુંકોરું હશે, ફલાહાર સમું કંઈક એ જ વધુ સારું. ‘કચ્ચા હી રખ્ખો ના’ મેં જણાવ્યું.

ત્યાં તો જમતી વખતે દાલ, ચાવલ ને ચપાટી જ! પહેલાં તો જરા શોકવિહ્વળ થયો હું. પણ પછી તો ‘અમૃત જાણી મીરાં પી ગયાં’ ‘જેને સહાયમાં નાથ શ્રીહરિ!’ પણ ત્રણચતુર્થાંશ ભૂખ્યો તો રહ્યો જ. પછીથી મેં રામચરનજીને પૂછ્યું, ‘કચ્ચાનું કહ્યું તો ય પક્કા કેમ બનાવ્યું?’ તો કહે ‘આ કરેલું તે જ કચ્ચા ખાના કહેવાય-દાલ ચાવલ ને ચપાટી.’

‘તે પક્કા ખાના એટલે?’

‘મિઠાઇ, નમકીન વગૈરાહ વગૈરાહ!’...... તે દિવસથી હું હિંદીને શિક્ષણનું માધ્યમ બનાવવાના મતનો થઇ ગયો છું.

ગાડી તો છેક સાંજે મળે એમ હતી, એટલે બપોરે અમે વાતોએ વળગ્યા. હું થાકીને સૂઇ ગયો-પેલી ૧૫×૨૦ની વિશાળ ગંદી ગાદી પર. ચારે બાજુ ઘોંઘાટ હતો, માખીઓ બણબણતી હતી, તાપ ઠીક ઠીક હતો. ને છતાં ય ઊંઘ આવી. આવામાં ય ઊંઘ આવી? હાસ્તો! કાકાસાહેબે એક વાર ઉનાળાના તાપમાં ખુલ્લે પગે જતાં છાણના પોદળામાં પગ મૂકી ઠંડક અનુભવતાં કહેલું કે ‘સૂગ અને સૌંદર્ય વસ્તુગત નથી, ભાવનાગત છે.’ તેમ હું ય હવે કહું છું, ‘ઊંઘ અને આળસ વસ્તુગત નથી, ભાવનાગત છે.’

રાતે ત્યાંથી નીકળી લુહારૂ પહોંચ્યા. ત્યાંના બેંક મૅનેજર જોડે મિલન કર્યું ને સ્ટેશને પાછા આવ્યા. રામચરનજી ચાલ્યા ગયા, એમને ઘેર હોળી ઊજવવા. સૂના સ્ટેશન પર હું એકલો, અને ગાડી આવવાની હતી રાતે બે વાગે. સૂઈ જઉં તો જગાડે કોણ? વીસેક મિનિટ આસપાસ ફર્યો. બધું સૂમસામ. એક વેઇટિંગ રૂમમાં નજર કરી. એક જબરદસ્ત મોટા ભાઇ પાંચેક છોકરાંને લઇને સૂઈ રહેલા. બીજામાં નજર કરી તો રેલવેના પેલા જૂના ફાનસને અજવાળે થોડા છોકરાઓ પત્તાં રમતા હતા. એક જણ વાંચતો હતો. એ વિદ્યાર્થીઓ હતા. હોળી નિમિત્તે ઘેર જતાં ટ્રેનની રાહ જોતા બેઠેલા. મેં જઇને સીધું જ પૂછ્યું, ‘શું રમો છો.’ એમણે રમતનું જે નામ કહ્યું તે મને સમજાયું નહિ.

‘રમી રમીશું?’ મેં પૂછ્યું.

મેં રમતનું જે નામ કહ્યું તે એમને સમજાયું નહિ! પણ એમ કંઇ ચાલે? મેં કહ્યું, ‘ચાલો, હું તમને શીખવું!’ મેં એમને શીખવવા માંડ્યું. પણ મારી રમતના નિયમો સમજાવવાની શક્તિ એવી તો અદ્ભુત કે બિચારાઓ કંઈ સમજી જ ન શકે. એ લોકો કંટાળવા માંડ્યા. પણ મારો શીખવવાનો ઉત્સાહ ઈસુના પાદરીઓ જેવો અદમ્ય હતો. છેવટે એમનો કંટાળો જોઈ મેં સૂચવ્યું, ‘હવે તમને રમત સમજાઈ ગઈ હશે. તમે રમો, હું સૂઈ જઉં છું. ટ્રેન આવે ત્યારે મને જગાડશો?’

અને શા ઉત્સાહથી એમણે મારું સૂચન વધાવી લીધું છે! વાત જ ન પૂછો. હું ઊંઘી જઇ એમને ‘રમી’ શીખવાની ઉપાધિમાંથી મુક્ત કરતો હોઉં તો એ બધું જ કરવા રાજી હતા! એક જણે પોતાનો બિસ્તરો પાથરી આપ્યો. બીજાએ ચાદર આપી, ત્રીજાએ ઓઢવાનું. દુનિયાને ઉપયોગી થવાથી દુનિયા જે સગવડ આપે છે એના કરતાં ઉપાધિરૂપ થવાથી વધુ સારી સગવડ આપે છે. કવિઓને એ ભૂખે મારે છે, રાજાઓ અને અમલદારોને એ સુખી રાખે છે. એટલે હવે શીખો: કોઇની પાસેથી લાભ લેવો હોય તો એને ઉપયોગી થવાને બદલે ભારરૂપ બનો, ‘ન્યૂસન્સ વૅલ્યુ’ કેળવો. અર્થશાસ્ત્રના જાણકારો ટાપશી પૂરશે જ મારી વાતમાં, કે પ્લેઝર ઇકૉનૉમી કરતાં પેઈન ઇકૉનૉમીવાળી ચીજોમાં કન્ઝ્યુમર્સ સર્પ્લસ વધારે રહે છે, મપાય નહિ એટલો બધો રહે છે!

તમે કહેશો તમને જગાડ્યા વિના જ એ લોકો ચાલ્યા ગયા હોત તો? અરે એમ તે કંઈ બને? એમના બિસ્રા પર જ સૂવાનું ધ્યાન રાખેલું તો મેં. સરસ છોકરાઓ હતા. પછીથી ટ્રેનમાં બહુ આનંદ કર્યો.

સવારે ૭ વાગે ચુરૂ પહોંચ્યો. પેલા દોસ્તો વચ્ચે જ ઊતરી ગયા

હતા. ૭ વાગે બસમાં ચુરૂથી રામગઢ જવા નીકળ્યો. વહેલી સવારે આ પ્રદેશ પહેલી જ વાર જોયો. જયપુરથી ઉત્તરે દોઢસો માઇલ જેટલું— રાજસ્થાનનો છેડો. બસનો રસ્તો કેવો, ખબર છે? ચારે બાજુ રેતીની ટેકરીઓ. નાની સરખી ડુંગરમાળા વચ્ચે થઇનેજતા હોઇએ એમ લાગે.

ઊગતા સૂરજના તેજમાં રેતી ચળકતી હતી. એ ટેકરાઓ વચ્ચે થઇને બસ રેતીના રસ્તા પર વાંકીચૂકી થતી, ચઢઊતર કરતી ચાલી રહેલી. દરિયા વચ્ચે મોટાં મોજાંમાંથી હોડી જતી હોય એમ રેતીના એ ઢગલામાંથી બસ જતી. થોડેક ગયા અને ડફ સંભળાવા માંડ્યું. ડફ એટલે મોટું લગભગ બે-અઢી ફૂટના વ્યાસવાળું, થાળી જેવું–પણ જેવડું નહિ, એવું નગારું. થોડાં માટીનાં ઘર આવ્યાં. એક ઘરના આંગણામાં ચારપાંચ જણ મોટાં મોટાં ડફ લઇ એ...એ...એ...કરીને ગાતા હતા, નાચતા હતા. આસપાસ ટોળું હતું, એ ય ગાતું'તું. બારણામાં મારવાડણો ઊભી હતી. એમના ગીતના પ્રલંબ સૂરો એવા તો સરસ લાગતા હતા કે વાત નહિ! ચારપાંચ મોર—સરસ મોર હોં— આસપાસ ફર્યા કરતા હતા. હોળીનું એ પહેલું દર્શન.

સાડા આઠે રામગઢ પહોંચ્યો. રામનારાયણ ઍન્ડ કં.ના મૅનેજર નાથુરામજી ખુબનાને મારે મળવાનું હતું. એમનો એક ટ્રક ઍક્સિડેન્ટમાં ભંગાર થઈ ગએલો એની તપાસ કરવાની હતી. બસમાંથી ઊતરતાં જ નાગાંપૂગાં છોકરાં વીંટળાઇ વળ્યાં. એક જણે ખુબનાજીની હવેલી બતાવવાનું માથે લીધું. અમારું સરઘસ પહોંચ્યું હવેલીએ. અહીંની હવેલીઓનો તો કેમ ખયાલ આપું? ઘર એટલે સીધી ચાર દીવાલો નહિ, પણ સરસ દરવાજા, શિલ્પશોભિત સ્તંભો, સુચિત્રિત દીવાલો, ઝરૂખા, નાની રમકડા જેવી એક-દોઢ ફૂટની બારીઓની હારો, ઉપર શિખર, શિખર પર ધ્વજ–એવી એ હવેલી. દરવાજામાં પેસતાં જ દૃષ્ટિએ પડી વિશાળ ગંદી ગાદી: આ હતી લગભગ ૩૦×૩૦ની. અને તકિયા. ખુબનાજીને મળી કામની વાતો કરી લીધી. ચા મંગાવી. મેં ના પાડી. તો એમણે ગરમ જલેબી, બદામની બરફી, ખુશમોહન, સેવ નમકીન અને ખારી પૂરીથી મારું સ્વાગત કર્યું. મારો વિચાર તો બપોરે ત્યાંથી નીકળી જવાનો હતો, પણ નાથુરામજી કહે રોકાઇ જાઓ–કાલે પિકનિક કરશું. અને અનુભવાર્થી સરસ્વતીચંદ્ર રોકાઈ ગયા!

ત્યાં ત્રણ વૈદ્યો આવ્યા: એક ત્યાંની આયુર્વેદિક કૉલેજના પ્રિન્સિપાલ હનુમત્પ્રસાદજી, બીજા એમના મોટા મહેમાન ઉદયપુરના પ્રેમશંકરજી ને ત્રીજા ભાગીરથીજી. પરસ્પર ઓળખાણો થઈ. 'દરશન કરણેકો સૌભાગ મિલો' એથી 'હર્ષ હુઓ.' બેઠા. વાતો કરી. આયુર્વેદિક કૉલેજ જોઇ આવ્યા. પછી આવી જમવાની વાત. 'શું જમશો?'

'તમને ગમે તે.'

'હલવો ફાવશે?'

'અરે, વાહ. બહુ સરસ.'

મુંબાઇનો હલવો તો ઘણો માણેલો. અહીં છેક રાજસ્થાનમાં હલવો મળશે જાણીને મન પ્રફુલ્લિત થયું. જાણું છું કે જમવાની વાતથી મન પ્રફુલ્લિત થયું હોય તો ય પ્રફુલ્લિત થયું એમ કહેવું ન જોઈએ વિદ્વાનોએ, ગંભીર ને શાણા સાહિત્યકારોએ. પણ મારા ત્રણ વૈદ્ય મિત્રો પ્રફુલ્લિત થયા એટલે હુંયે પ્રફુલ્લિત થયો.

જમતી વખતે જોયું તો દાલ (અલબત્ત, ઉડદ કી) ચાવલ ને શીરો! મેં કહ્યું 'હલવો કહેતા'તા ને શીરો કેમ?' તો કહે, 'યે હી હલુઆ.'

સત્યનારાયણની કથા વખતે ભયનો માર્યો પ્રસાદ લઉં છું એ જુદી વાત છે, પણ બાકી મારે અને શીરાને ઘણો અણબનાવ છે. ગઇ કાલના 'કચ્ચા ખાના' પછી આજે આ 'હલવો'! ખરેખર, મારા ભોજનસ્થાનમાં શનિની દૃષ્ટિ પડતી હશે, કે એવું કઈક થતું હશે! રાતે મેં ડાયરીમાં ફરીથી લખ્યું: 'શિક્ષણનું માધ્યમ હિંદી જ હોવું જોઈએ'.

એક મુંબાઈગરા મિત્ર સૌરાષ્ટ્ર ગએલા. બપોરે જરા ભારે જમ્યા, એટલે સાંજે વાળુ વખતે સૌરાષ્ટ્રી ભાઇનાં પત્નીએ પૂછ્યું, 'શું જમશો?'

સૌરાષ્ટ્રી ભાઇએ કહ્યું, 'આપણે તો હલવો.'

મુંબાઈગરા મિત્ર તો ખુશ થઈ ગયા: સૌરાષ્ટ્ર ઘણું આગળ વધી ગયું લાગે છે. મુંબાઈવાળા વારતહેવારે હલવો આપે છે, અહીં સૌરાષ્ટ્રમાં તો એ રોજ વાળુમાં વપરાય છે. યજમાને મુંબાઈગરા મિત્રને પૂછતાં એમણે પણ આનંદથી કહ્યું, 'આપણે ય ત્યારે હલવો'.

રાતના આઠ વાગ્યા, નવ વાગ્યા, દસ વાગ્યા–પણ જમવાની વાત જ ન થાય. સાડા દસે સૌરાષ્ટ્રી યજમાને બગાસું ખાતાં કહ્યું. 'ચા...લો, સૂઇ જાશું ને?' મુંબાઇગરા મિત્ર જરા મૂંઝાયા. અચકાતાં અચકાતાં બોલ્યા, 'ચાલો ત્યારે, સૂઇ જઇએ...જોકે...જમવાનું...'

'કાં? જમવાની તો તમે ના કીધી'તી ને? સાંજે તમને પૂછ્યું ત્યારે તમે નો'તું કીધું કે આપણે ય હલવો?'

હલવો એટલે સૌરાષ્ટ્રી બોલીમાં ચલાવી લ્યો! 'આજે જમવાનું?' તો કે 'આજ તો હલવો' એટલે કે 'ચાલશે આજ તો જમ્યા વિના'!

જિંદગીમાં હલવો ત્રણ સ્થળે મળ્યો, જુદેજુદે સ્વરૂપે—મુંબાઈમાં, ભાવનગરમાં અને રામગઢમાં!

છેલ્લા ત્રણેક દિવસના ડફના તાલબદ્ધ અવાજોમાં આજે ફટાકડાના ધડાકા ઉમેરાયા હતા. બપોરે ખૂબ કામ રહ્યું. છેક સાંજે બહાર નીકળી શકાયું. દરવાજે, દોડતાં કૂતરાં, બંધ થઈ ગએલી દુકાનો, અંધારામાં ચાલી જતી છાયાઓ, ફાનસો, ક્યાંકથી આવતા ડફના તાલબદ્ધ અવાજો, ઊંચે નિરભ્ર આકાશ.

શનિવારે સવારે આઠ વાગ્યે ઊઠીને જોયું તો ચા તૈયાર હતી. 'ચાઈ બહુત બૂરી ચીજ હૈ. આપ અમદાવાદી લોગ જ્યાદા ચાઈ પીતે; યદ્યપિ વહ ઠીક નહીં.' એવું કહી હનુમત્પ્રસાદજીએ ચા પીવાથી વાત વધે છે, કફ ઘટે છે, ને વાયુમાં વધઘટ બંને ચાલુ રહે છે એવું કંઇક કહ્યું.

પ્રેમશંકરજીએ જાહેર કર્યું કે પોતે તો સવારે બદામ-પિસ્તાંવાળા કઢેલા દૂધથી જ ચલાવી લે છે. ક્યારેક રબડી.

ભાગીરથીજીએ કહ્યું કે એકલું કઢેલું દૂધ વૈદકીય દૃષ્ટિએ ઠીક નહિ. પોતે હમેશાં સવારે દૂધની જોડે મિઠાઈ લે છે.

નાથુરામજીએ મિઠાઇ મગાવી. બદામ કી બરફી, ખુશમોહન, જિલબી, નમકીન અને પુડી. પ્રસન્નમુખે વૈદરાજો ને અમે ઝાપટવા લાગ્યા. હજી 'આપ લીજીએ', 'નહીં જી આપ લીજીએ' ચાલતું

સુભાષિત

· અનુષ્ટુપ ·

महाजनस्य संसर्गः कस्य नोन्नतिकारकः।
पद्मपत्रस्थितं तोयं धत्ते मुक्ताफलश्रियम्॥

(અનુવાદ)

મહાજનતણા સંગે કોની ના ઉન્નતિ કરી?
સોહે મોતી સમું પાણી પદ્મપત્ર પરે રહી.

[વિવરણ: પદ્મપત્રના સંગથી પાણીદાર મોતી સમાન લાગતા જળનું સચોટ ઉદાહરણ ટાંકીને મહાપુરુષના સંગની મહત્તા પ્રદર્શિત કરતું આ સુભાષિત આમ તો દુર્જનની સંગતિ છોડવાનું સૂચવે છે. કોણ નથી જાણતું કે લૂંટારા ભીલે (પછીના વાલ્મીકિ મુનિએ) નારદના, અંગુલિમાલે બુદ્ધના ને જેસલે તોરલના સંગથી આત્મોદ્ધાર કરી પતિતના યે પ્રાયશ્ચિત્ત કરવાના હક પર મહોર મારી દીધી? —**ચંદ્રશંકર પંડ્યા**]

હતું ત્યાં નીચેથી એક ભાઇ આવ્યા. 'અરે, નાથુરામજી! આપને સુના ક્યા? બાઝાર મેં ઍક્સિડેંટ હો ગયા!'

વૈદરાજ સ્વસ્થ રહ્યા. હું જાણતો'તો કે જિંદગી એટલે જ અકસ્માતોની પરંપરા. એટલે હું પણ જરા ય ચિંતાગ્રસ્ત ના થયો.

અમે અમારું એકબીજાને આગ્રહ કરવાનું કામ આગળ ચલાવવા જતા હતા ત્યાં બે મારવાડી શેઠિયા દોડી આવ્યા.

'ઉદેપૂર સે બૈદરાજ આયે હૈં, વે કહાં હૈ?' વૈદરાજે ઊંચું જોયું.

'આપકો બુલાનેકે ભેજે હૈ હમ કો.' શેઠસાહેબનાં શેઠાણીજી બીમાર છે. કહે છે કે હું ડૉક્ટરની દવા નહિ લઉં. ઉદયપુરથી વૈદરાજ આવ્યા છે એમને બોલાવો.

વૈદ્યત્રયીના મુખ પર ગૌરવનાં સ્મિત ફરકી ગયાં. જોયો ને આયુર્વેદનો પ્રભાવ? શેઠાણીઓ પણ ડૉક્ટરોની પોલ જાણે છે.

'હાં હાં, ચલો ચલો, હમારી તો ફર્ઝ હૈ' કહી બે જણ ઊભા થઈ ગયા. ત્રીજા એક ભાઇની નજર રકાબીમાં એમ ને એમ પડી રહેલાં પુડી અને ખુશમોહન પર પડી. એમનું હૃદય પીગળ્યું. જરાક આગ્રહ કર્યો હોત તો એ રોકાઈ જાત. પણ બીજા બે જણ આયુર્વેદનો દિગ્વિજય કરવા એટલા બધા ઉત્સુક હતા કે પૂરાં કપડાં પણ બદલ્યા વિના, સ્નાન પણ કર્યા વિના, એ સૌ ઊપડયા. આવનાર શેઠિયાઓએ મને પણ કહ્યું, 'મૅનેજર સા'બ, આપ ભી ચલિયે'. એટલે અમે ય ચાલ્યા.

નીચે સ્ટેશન વૅગનમાં સૌ ખડકાયા. 'ખડકાયા' શબ્દ જ બરાબર છે, કારણ, છસાત જણ સમાય એવડા સ્ટેશન વૅગનમાં બે મારવાડી શેઠિયા, એમના કથ્થાઈ ગરમ કોટ, પીત અંબરો, કેસરી પાઘડી અને વિશાળ દેહ સાથે ગોઠવાયા હતા. ગામના પોલીસ ઈન્સ્પેક્ટર, ઑસ્પિટલના ડૉકટર શર્મા, બીજા એક ડૉકટર સકસેના, ને ખમીસ-ધોતિયાંવાળા બીજા બેએક જણ પણ પહેલેથી જ બિરાજેલા હતા. 'આઇએ, આઇએ'ના અવાજે અમે પણ એમાં સમાયા.

હોળીનું વાતાવરણ ધીરેધીરે રંગ લઈ રહ્યું હતું. ડફ, ગીતો, ફટાકડા વગેરેથી વાતાવરણ ચેતનવંતું થતું જતું હતું. બજાર વીંધીને અમારી મોટર ગામના ચોકમાં આવી પહોંચી. ત્યાં લોકો ટોળે વળેલા.

મોટર ઊભી રહી. મને થયું ગિરદીને લીધે હશે. ત્યાં તો શેઠિયાએ કહ્યું, 'આઇએ બૈદરાજ, વહ રહા આપકા દર્દી...'

'યહાં શેઠજી કી હવેલી આઇ કયા?' વૈદરાજે પૂછ્યું.

'હાં, હાં... યહાં હી... દેખોના... વે રહે શેઠ ઔર શેઠાની...'

ત્યાં તો 'અરે બૈદરાજ, આપ સમયસર ન આ પહુંચે, ઔર શેઠાનીજી તો મર ગયે...એ...એ...એ...' કહી કો'કે પોક મૂકી.

સૌ જરા ગભરાઇને મોટરમાંથી નીચે ઊતર્યા.

'દર્દી તો મર ગયા, બૈદરાજ!'

'મૅનેજર સાબ, આપ ભી તો દેખિયે, કહીં સાંસ ચલતા હો તો..'

મેં સ્ટેશન વૅગનમાંથી બહાર નીકળીને જોયું. આસપાસ આખું ગામ ટોળે વળેલું હતું. ઉપર, ચાલીસેક ફૂટ ઊંચે, બે હવેલીઓનાં છજાંને જોડતું દોરડું બાંધેલું. એના પર ગાભાચીંથરાંનાં બનાવેલાં પૂરા કદનાં માણસ જેવડાં બે પૂતળાં લટકતાં હતાં. એકના મોંએ મો...ટી મૂછો ચીતરેલી, બીજાના મોં પર ખાસ્સો મોટો ઘૂંઘટ! બંને અદ્ધર લટકતાં હતાં, ઝૂલતા હતાં. એક હતા શેઠ અને બીજાં હતાં શેઠાણી!

પછી ખબર પડી કે આગલી રાતે જ ગામલોકોએ આ બે પૂતળાં બનાવી લટકાવ્યાં હતાં. સવારે સાત વાગ્યે એક જણ ખટારો લઈ પોલીસ ઈન્સ્પેક્ટરને ત્યાં ગએલું. 'સાબ, ઍક્સિડંટ હો ગયા હૈ, ચલિયે!' ઇન્સ્પેક્ટર ગભરાતા ગભરાતા આવ્યા ને શેઠશેઠાણીનાં દર્શન કરી બુધ્ધુ બન્યા. એ પછી ડૉકટર શર્માનો વારો આવ્યો. એ બિચારા અર્ધી હજામતે શેઠશેઠાણીને તપાસી ગયા. એ બેને પતાવી ખટારો ડૉ. સક્સેનાને ત્યાં ગયો. કેસ એટલો ગંભીર હતો કે એક ડૉકટરથી ચાલે એમ નહોતું! અને સકસેનાને બનાવ્યા. પછી વારો આવેલો વૈદરાજોનો!

દર્દી કો દેખ કર ઉદેપુરવાલે વૈદરાજ ગંભીર થઇ ગયા હતા. હું મારવાડની હોળી જોઈ રમૂજ પામતો હતો. ગામલોકોનું મોટું ટોળું ને અમારી સામેના પેલા શેઠિયા ખડખડાટ હસતા હતા!

અમે પાછા ફર્યા ત્યારે પેલી મિઠાઈ ઉઠાવી લેવામાં આવેલી! ઉદયપુરના વૈદરાજે એક નિસાસો નાખી મને કાનમાં કહ્યું, 'મૈં કુછ બોલતા ન થા, મગર મૈં સબ કુછ જાનતા થા તો પહેલે સે હી.'

મૈં કહ્યું, 'આપ તો ધન્વંતરી હૈં; આપ સે કયા છુપા રહ સક્તા હૈ?'

આખી બપોર હોળીનાં તોફાનો, ધાંટાધમાલ, રંગરેલ, ગાણાં ને નગારાં ચાલ્યા કર્યાં. અમદાવાદ ને ઉદયપુરના મહેમાનોને વધુ સ્વાદ ચખાડવાના જનતાના પ્રયત્નો બુબનાજીએ ઠીક નિષ્ફળ કર્યા. સાંજે નીકળ્યું સરઘસ. ઊંટની હારો, લોકોનાં ટોળાં, હારડા ને ફટાકડા, મારવાડણ બનેલા મારવાડીઓના નાચ, તોફાની ટોળીઓ, પરીઓ, ને એવું કૈં કૈં. રાતે ગિન્નડ જોઈ. ગિન્નડ (ઉચ્ચાર બરાબર?) એટલે દાંડિયારાસ. દાંડિયા રમનારાનું ખૂબ મોટું ચક્કર. વચ્ચે મંડપ બાંધેલો. એમાં ઢોલવાળો બેઠેલો, દાંડિયા રમનારા દોઢસો-બસ્સો. એકે એકને પગે ઘૂઘરા. ઘણાએ તો મારવાડીનો જ વેશ પહેરેલો. ચાર જણ મારવાડણ બનેલા, એક જણે માત્ર ધોતિયું ને હૅટ પહેરેલાં, એક જણ બે પાંખ અને રેશમી સાડીવાળી પરી બનેલો, એક હતી ઈરાની, અને એક હતી ગુજરાતણ. કૈં કૈં વેશ હતા.

હોળી ગામથી બે માઇલ દૂર હતી. ગામડાંની હોળી. અંધારા રસ્તાઓમાં પૂનમના તેજ-છાયા, લોકોનાં ટોળાં, છાણના હારડા-હોળૈયાં લઈ જતાં-આવતાં બાળકો, કેડમાં બાળકને ખોસી દર્શનાર્થે દોડતી ઘેલી માતાઓ, નાચતી ગાતી નાનીનાની ટોળીઓ, છોકરાંને લાકડાની નાનીનાની તલવારો વહેંચતા ભાવિકો... ધીરેધીરે રાત વીતવા માંડી. રેતીના ટેકરા ઓળંગી હોળી પાસે પહોંચ્યા. લોકો ઓછા થઈ ગયા હતા. દૂર ઊભો રહી એક માણસ મંગળના જાપ કરતો મેલી સાધના કરતો હતો. કો'ક ફેરા ફરતું હતું.

રેતીના ઢગ, ચાંદનીની રેલ, છતે માણસે વ્યાપી રહેલું એકાંત, આધેનાં ઝાળાંઝાંખરાં અને દૂરથી આવતા ડફ તથા ગીતના અવાજ વચ્ચે હું અંગારાનું સૌંદર્ય જોઇ રહ્યો. અગ્નિના એ લાલ રંગમાં યે કેટકેટલી ઝાંય દેખાતી હતી! કલાકાર પવનને તો, શું શીળી રેતી કે શું ધખધખતા અંગારા, બધું ય સરખું.


પાછા ફર્યા. પઠાણી ચંપલમાં ગોખરુ ભરાયાં. પઠાણી હાથમાં લીધાં. એક અંગારો પગે ચંપાયો! ખંડિયેર ઘર, ગંદકી, મકાનોના પડછાયા અને સૂતેલાં કૂતરાં વચ્ચે થઇને હવેલીએ આવતાં રસ્તે જોઇ એક નાનકડી ટોળી:

એ...બાન લાગ્યો લછમન કો, શક્તિબાન લાગ્યો લછમન કો...
ઐસા કોઈ હુએ મારા લછમનને જિલાવેરે, બાન૦
કાં તો જિલાવે માતા સીતા સતબંતી,
કાં તો જિલાવે હનુમાન જતિ...લછમનકો...૦

જરા ય શરમાયા વિના એ નાચતાં હતા. ઢંગધડા વિનાનું પણ ઉમળકાભેર એ નાચતા હતા. અમને ય ભેળા ભળવાનું મન થાય એવું!

રાતે જ મોટરમાં ફતેહપુર ઊપડયા. ત્યાંથી રવિવારે સવારે દસ વાગ્યે જયપુર આવી પહોંચ્યો. ટ્રેનો ખાલી. ઠીક ભાઈ, નસીબદાર! સ્ટેશને ટાંગા મળે નહિ એટલા કમનસીબ! એક વળી મળી ગયો— પણ કહે આ દૂધવાળા જોડે ભાગીદારીમાં આવો (અનુ૦ પૃ. ૧૧૧)

ચિત્રોમાં રહસ્યકથા [૩] જાસૂસી જાળ



દિવાળીની રજાઓની આગલી સાંજે વિદેશ-ખાતાની કચેરીમાં એક અગત્યની મંત્રણા પછી તેના એક વિશ્વાસુ અધિકારી મિ. સેનને દફતર-માંથી થોડા અતિ મહત્ત્વના દસ્તાવેજો સોંપાયા.

મંત્રણા પછી મિ. સેન ઘેર જવા નીકળ્યા ત્યારે ઠીકઠીક મોડું થયું હતું. એણે તરત ટૅક્સી કરી. રજાઓમાં અહેવાલ તૈયાર કરવા એમણે દસ્તાવેજો સાથે લીધા.

પણ ટૅક્સીમાં બેઠા પછી એમને કંઈક ગૂંગળા-મણ થવા લાગી અને પછી ધીરેધીરે પોતાનું ભાન ચાલ્યું જતું હોય એમ લાગ્યું. થોડી વારમાં તો તે બેહોશ થઈ બેઠક ઉપર જ ઢગલો થઈ પડ્યા.



ભાન આવ્યું ત્યારે પોતે કોઈ હૉસ્પિતાલમાં દાક્તર અને નર્સની સાર-વાર તળે જણાયા. દાક્તરે કહ્યું કે કામના અતિશય દબાણથી જ્ઞાનતંતુઓ જફા પામી તે બેહોશ થયા હતા, અને એ જોઈ ગભરાએલો ટૅક્સી-ડ્રાઈવર એમને અહીં મૂકી ગયો હતો. એમને શાતા માટે ઊંઘની દવા આપવાનું નર્સને કહી તથા સંપૂર્ણ આરામ લેવાનું સૂચવી દાક્તર ગયા.
◖ દાક્તરના ગયા બાદ નર્સે સૂચના અનુસાર એમને બહુ જ સહા-નુભૂતિભર્યાં સ્મિત સાથે દવા આપી. નિર્દોષ કુતૂહલથી મિ. સેને તેને પૂછ્યું 'મને ક્યારે ઊંઘ આવી જશે?' 'અરે હમણાં થોડી મિનિટોમાં જ.' નર્સે જવાબ આપ્યો, અને આરામથી સૂઈ રહેવાનું કહીને એ ગઈ.

જેવી નર્સ ઓરડા બહાર નીકળી કે તુરત મિ. સેન બારી તરફ ગયા અને બહાર ચોમેર નજર કરી, તરત જ રોન પરના પોલીસને ઈશારાથી બોલાવી કહ્યું, 'જલદી ઇન્સ્પેક્ટર દીક્ષિતને બોલાવો; કહો કે વિદેશ ખાતાના મિ. સેનને એમને તાબડતોબ અહીં મળવું છે.'
◖ અને આટલું કરી ઘેનની અસર થવા લાગે એ પહેલાં તો એ પથારીમાં સૂઈ ગયા. જાગ્યા ત્યારે વિદેશી જાસુસોની એક ગુપ્ત ટોળીને પકડાવી દેવા બદલ ઇન્સ્પેક્ટર દીક્ષિતે એમને અભિનંદન આપ્યાં અને પૂછ્યું કે, 'એ તો બધું ઠીક, પણ આ જાસૂસી જાળ હોવાનું તથા મને બોલાવવાનું આપને શાના પરથી સૂઝ્યુ?'

◖ ઇન્સ્પેક્ટરને બોલાવવાનું મિ. સેનને શાના પરથી સૂઝ્યું એ મુદ્દા ઉપરના ચિત્રોમાં આવી જાય છે. તમે એ શોધી શકશો?

મોટરમાં ગૂંગળામણ થતાં જ મિ. સેનને લાગ્યું કે કોઈ વ્યવસ્થિત કાવતરા અનુસાર આજ પોતાનું અપહરણ થઈ રહ્યું છે. અને હૉસ્પિતાલમાં નર્સના હાથના રંગેલા નખ અને પગના ઊંચી એડીના બૂટ જોઇને એમની શંકા દૃઢ થઈ ગઈ; કેમકે કોઇ પણ ધંધાદારી નર્સ ફરજ પર જતી વખતે હાથના નખ રંગતી નથી, અને એ વખતે ઊંચી એડીના બૂટ પહેરવાની મના હોય છે તે એ જાણતા હતા. આથી એમણે પોતાની સારવારથી સંતુષ્ટ હોવાનો દેખાવ કર્યો અને મદદ મેળવવાનો લાગ શોધવાના પેંતરામાં ઘેનની દવા લેવાનું જોખમ પણ ખેડ્યું. આ બધો ખુલાસો કરતાં એણે જણાવ્યું કે, 'હું નસીબદાર કે મને તુરત પોલીસ નજરે ચડ્યો.' 'હા, નસીબદાર ખરા,' દીક્ષિતે કહ્યું, 'પણ આપ ધારો છો એ રીતે નહિ. અમે પણ અમુક બાતમીને આધારે કેટલાક વખતથી આ સ્થળ પર ચાંપતી નજર રાખતા જ હતા. પણ ખરાં નસીબ તો એ કે આ જાસુસોને પોતાનું કામ ઉતાવળે આટોપવાનું હોઈ આપને અહીં જ લાવવામાં આવ્યા. નહિ તો એમને પકડી પાડવા એ કંઈ આસાન કામ તો નહોતું જ.'

સાગર સાવજ દેવો ઘાઘલ



શૌર્ય અને સાહસ તથા પ્રેમ અને માનવતાની સાગરકથા 'સુકાની'

ખંડ ૧૬ : મધદરિયે સોદો

'રાવળનાથ'નું પહેલું બંદર વેરાવળ પાટણ હતું. અહીંથી બેડિયાતોની ભરતી પૂરી કરવાની હતી. રાયપુર બંદરેથી રાજપૂત ને ખારવા ચડયા હતા. અહીં વાઘેર, રાજપૂત ને કાઠી ચડયા. કાઠિયાવાડનો બેડિયાત માત્ર પૂરવ સાગરમાં ન જતો. બાકી મિસરથી મડાગાસ્કર સુધી એ મશહૂર હતો. ખંભાતના અખાત સુધી પેસી ગએલા રાતામુખાઓ (પરદેશીઓ)નો એ કાળ હતો. અખાતની ઉપર વેરાવળ પાટણ એની મર્દાનગીનો ગઢ હતો. સૌરાષ્ટ્રના યદુપતિ, સૌરાષ્ટ્રના સોમનાથ, સૌરાષ્ટ્રની ભાજરમાન નદી, સૌરાષ્ટ્રની તાજણ ઘોડી, સૌરાષ્ટ્રનો સાવજ અને સૌરાષ્ટ્રની સુંદરી, એવી એ છ-રત્ના ભોમનું સૌરાષ્ટ્રી બેડિયાત એક કાળે સાતમું રત્ન હતો. સાવજોની પિછાન સાવજ જ કરે. ઘાઘલ સૌરાષ્ટ્રી બેડિયાતોનો ભોંયો હતો. જ્યાં ખાંડાના ખેલ હોય ત્યાં એનાં મૂલ્ય અમૂલ્ય હતાં.

પૂરા બેડિયાતો આવી ગયા કે રાવળનાથે નૈઋત્ય ઉપર આથમણુ મૂકી. એણે અલ હમ્દાની સાથે મધદરિયે મળવાનો વાયદો કર્યો હતો. અબ્દ-ઉર-રઝાક અલ હમ્દાની ગુરાબ લઈ ગુલામો ખરીદતો હતો. આ વખતે એને નામી ગુલામો જોઈતા હતા. મુસ્કતના સુલતાનને દાયજામાં આપવા હતા. હરજીવન મહેતાએ અલ હમ્દાનીને કલ્હોરાના ખબર પહોંચાડયા. અલ હમ્દાની ખુશ થયો ને ઊંચા દામ આપવા તૈયાર થયો. પણ એની એક શર્ત હતી. એ સિંધના મીરની સાથે ઝગડો નહોતો ચાહતો. જો મધદરિયે કલ્હોરાઓ સોંપાય તો એને સોદો કબૂલ હતો. 'રાવળનાથે' એ શર્ત મંજૂર કરી હતી.

ઠરાવેલો અરજાંસ પકડવા રાવળનાથે મોરો ફેરવ્યો. પૂઠાતરો વાવડો હતો, એટલે એની ગતિ તેજ થવા માંડી. એ જ વાવડો હમ્દાનીને સામે પડે એમ હતું, એટલે એને આવતાં વાર થશે એ ચોક્કસ હતું. વેરાવળ પાટણથી નીકળ્યા પછી ત્રીજી સાંજે ભેટો થવાની વકી હતી.

રાયપુરથી લંગર ઉપાડવાની સાથે જ દેવા ઘાઘલે અજોજીને માલમાત શીખવવાનો નિશ્ચય કર્યો હતો. અજયપાળને પણ દરિયાખેડ શીખવાની હોંસ હતી અને વાચસ્પતિજીની એમાં સંમતિ હતી. દરિયાનો ઇલ્મ શીખવાનો આરંભ બેડિયાત બનીને કરાય છે. અજયપાળ તેથી 'અજો બેડિયાત' બન્યો. રાવળનાથના બેડિયાતો મોટેભાગે રજપૂત હતા. અજાજીના કુળ ને એની વિદ્યા વિષે સૌ બેડિયાત કંઈ ને કંઈ જાણતા જ હતા. એમણે આ નવા ચેલાને હોંશથી વિદ્યા શીખવવા માંડી.

વહાણનો બેડિયાત એટલે સ્ફૂર્તિનો ફુવારો. એનો એકેએક સ્નાયુ પોલાદની કમાન જેવો મજબૂત અને સાબદો જોઇએ; એનું બદન હવા જેવું હળવું અને પથ્થર જેવું વજનદાર જોઈએ; કાંડા ઉપર ઘામણ બાંધી, પવનપૂર સઢને ખેંચી લેવાની બાંહ્યમાં તાકાત જોઇએ. દરિયો દડા પેઠે ઉછાળતો હોય ત્યારે સમતોલ શરીરે રસ્સા બથાવવાની હિકમત જોઈએ; પગનાં દશે આંગળાં હાથનાં આંગળાં જેવાં જ કામયાબ જોઇએ; અને જોઈએ દિલની હિમ્મત, સીનાનું જોર અને ખુદ મોત સામે પણ પાંપણ ન હાલે એવી નીડરતા. આમાંના અનેક ગુણ તો અજા બેડિયાતમાં સહજ હતા. એ હવે રસ્સે-રસ્સાનાં, પાટિયે-પાટિયાનાં, ખીલે-ખીલાનાં અને કત-કતનાં નામ શીખવા લાગ્યો; એ ઊભોઊભો સૂતાં શીખ્યો; સૂતાં સૂતાં જાગતાં શીખ્યો. બેડિયાતમાં રહેતી. ભેરુના બેલી બનવાની અમોલ ભાવના એનામાં પણ ધીમેધીમે પરોસવા લાગી. અજોજી દરિયાઈ માલમાતની બારાખડી ઘૂંટવા લાગ્યો.

ત્રીજી બપોરે ખૂવા પરની ખાટલીમાંથી બેડિયાતે સુકાનને પડકાર્યું. દખ્ખણમાંથી એક અરબ હેરિયા કરતો વધ્યો આવતો હતો. અલ હમ્દાની આવી પહોંચ્યો હતો. એને મળવાને 'રાવળનાથે' કોર સંકોરી.

ખંડ ૧૭ : દરિયાના દોસ્તો

આશરે બે હજાર હાથનું અંતર રાખી ગુરાબ અને જુંગ થંભી ગયાં. ગુરાબ પરથી મછવો ઉતારી નાખોદો જુંગ તરફ ઊપડયો. એનાં હલેસાં ઉપર આઠ અલમસ્ત અરબાઓ બેઠા હતા. હલેસાંના તાલ માટે એક મલ્લાહ તૂક બોલાવવા મંડયો : 'યા અલ્લાહ!' 'યા અલ્લાહ!'ના એ બોલ ઉપર આઠ હલેસાં એકસાથે પાણી ધકેલવા લાગ્યાં. બે ધકેલની વચ્ચે મલ્લાહ લહેકાથી તૂક બોલતો હતો. મલ્લાહો અને બેડિયાતો શીઘ્ર કવિ હોય છે. હલેસાંદારોના તુકકા કોઈ વાર કરુણ ને કોઇ વાર મર્માળા હોય છે. અલ-હમ્દાનીના મલ્લાહો આજ ઘણે વર્ષે 'રાવળનાથ'-ના બેડિયાતોને મળતા હતા. 'રાવળનાથ' ઉપર બજરંગ બલીનો વાવટો જોઈ, એના બેડિયાત પણ વાંદરા (કેરૂદાન) છે એમ તે હમેશ કહેતા! મલ્લાહોએ ચાચડ ચડવા માંડી.

મલ્લાહની તુકંદરાજીનો સાર હતો : 'હે માલિક! તારી શાતા અમ પર હો! ઓ દરિયાના ધણી, અમે તમામ તારા ગુલામ છીએ. અમારી ખૈર હોય કે અમારા ઉપર ભય ઝઝૂમતો હોય, પણ (તું છો તો) અમે નિર્ભય છીએ. (પણ) આ હિન્દુ બેડિયાતો! કેવળ વાંદરા છે. દીન કે દુનિયાનો એને વિચાર નથી. એ બધાએ (એક જ જણ પાસેથી) તાલીમ

લીધી છે: (તે) શયતાન પાસેથી!' મલ્લાહનો અવાજ દરિયાનાં મોજાં પેઠે ઢાળ લેતો જતો હતો અને હલેસાંદાર 'યા અલ્લાહ'ની તૂકથી જવાબ આપ્યે જતા હતા. 'રાવળનાથ' ઉપર બેડિયાતોએ શોર મચાવી મૂક્યો.

અચલે માલિક —યા અલ્લાહ!
અસ્સલામ —યા અલ્લાહ!
બહરે સ'યીદ —યા અલ્લાહ!
કુલ ખુદ્દામ —યા અલ્લાહ!
ખયર ઓ ખાતિર —યા અલ્લાહ!
લા' ખૌફાન —યા અલ્લાહ!
મલ્લાહ હિન્દવી —યા અલ્લાહ!
કેરૂદાન —યા અલ્લાહ!
દીન ઓ દુનિયા —યા અલ્લાહ!
બેફિક્રાન —યા અલ્લાહ!
કુલ તલમીદા —યા અલ્લાહ!
બા શયતાન —યા અલ્લાહ!
અચલે માલિક —યા અલ્લાહ!

મછવો પાસે આવ્યો. પોતાનાં માણસોની શાયરીથી ફુલાતો નાખોદો મોટેથી હસતો હતો. પાસે આવતાં એણે ત્રાડ મારી: 'ને હાઆરકુમ સ'યીદ, દેવા બાબલ!' (આજનો દિન અલ્લા તારા પર મ્હેરબાન રહે.)

'ને હાઆરકુમ સ'યીદ મુબારક, અલ હમ્દાની!' બાબલે જવાબ આપ્યો. જુંગને પડખે જડેલી લોખંડી સળિયાની પગથાર ચડી હમ્દાની ઉપર આવ્યો. બેડિયાતોએ મલ્લાહોને સોગાદ ફેંકી: કચ્છી મીઠા બાજરાની છ ઝૂડી મલ્લાહોનાં માથાં ઉપર પડી! મલ્લાહોએ રીડિયા દીધા અને મછવો પાગરને બાંધી હમ્દાનીની પૂઠે મહેમાની ચાખવા 'રાવળનાથ' ઉપર ચડી આવ્યા.

નાખોદો અને નાખવો વારંવાર બથ ઘાલી ભેટ્યા અને એકબીજાના ગાલે બોસાઓ લીધા. એક રકાબીમાં ખજૂર અને મીઠું આવ્યું. હમ્દાનીએ એક ખજૂર અને ચપટી મીઠું ચાખ્યું; વર્ષોભરની મૈત્રી 'નમક' હલાલીથી તાઝી કરી.

'રાવળનાથ'ના સુકાન ઉપર રામસિંહ ઊભો હતો. ગુરાબના સુકાન પર મહમદ ફિદા ઊભો હતો. આ બે માલમો એકબીજાથી સરસા હતા. મધદરિયે ઝોલાં ખાતાં બે વહાણને સુકાન ને સઢને ઈશારે પડખાતાં બથાવવાની અદ્‌ભુત માલમાત શરૂ થઇ. બેય વહાણો હળવે હળવે ઢુકડાવા લાગ્યાં. સુકાન બે, પણ હાથ એક; પઠાણ બે, પણ રવ એક; ગુરાબ અને જુંગ વચ્ચેનું અંતર ઘટવા લાગ્યું. આખરે, બેયના બફ્ડા દબાયા અને જાતારીઓ નાખી બેય વહાણ એક ઝોકે સાથે ઝૂલવા લાગ્યાં.

ગુલામી ભંડકો ઊઘડ્યાં. મોરાના તૂતક ઉપર નાખવો અને નાખોદો સાથે ખડા થઈ ગયા. નાખવો જાબિયાંના જુદ્ધની વાત કહેતો હતો. નાખોદો કાનથી વાત સાંભળતો હતો, પણ એની આંખો ભંડકમાંથી બહાર પડતા અક્કેક ગુલામને તપાસી રહી હતી.

કહ્હોરો સથા ઉપર આવતાં બાંધ છોડાવવા જોર કરતો હતો; જમદૂત જેવા બેડિયાતો એને પકડી રાખતા હતા. ગેંડાના ચામડાની સાત સાત સરના ચાબુક વીંઝાતા હતા. નાખોદો ઇશારો કરે, કે એ ગુરાબના કઠેડા પર ઘસડાઇ જતો હતો. ત્યાં એવા જ જમદૂત મલ્લાહો ઊભા હતા. આખરે ટોપણ શેઠ નીકળ્યા. એના પગની તાકાત હીણાઈ ગઇ હતી. બેડિયાતોએ એને પીબડી ઝાલી ટીંગાડી રાખ્યો.

'અલ રાજ્જલ, અલ મરીઝ! (આ માણસ બીમાર છે?)' નાખોદાએ પૂછ્યું. દેવરાજે હસતાંહસતાં જવાબ આપ્યો: 'લા મુરા મરીઝ, હમ્દાની! હુવા બનિયા ખ-વાજા! ('એ માંદો નથી, એ તો વાણિયો છે!)'

બાબલે ટોપણશાહને કહ્યું: 'ટોપણશાહ! હવે ખબર પડીને, કે કુંવર અજયપાળના કેવા હાલ કરવા ધાર્યા હતા, તારા પુંજાએ?'

ગુલામો ચડી રહ્યા એટલે બે વહાણે બાથ છોડી. હમ્દાનીને બાબલે જ્યાફત માટે રોક્યો. ઠેઠ મધરાતે એને ગુરાબ ઉપર પહોંચાડવા મછવો ઉતાર્યો. હવે બેડિયાતોએ જોડકણાં ઉપાડ્યાં:

અચલે માલિક —રામોરામ!
હજાર નાલા —રામોરામ!
દરિયા દોંગા —રામોરામ!
પાઘ સલામત —રામોરામ!
ન્યાર નાખોદા —રામોરામ!
મલ્લા તોજા —રામોરામ!
સાવ નિકામ —રામોરામ!
જમલે ખોરા —રામોરામ!
પીંઢ હેવાન —રામોરામ!
ઝૂક બબૂસા —રામોરામ!
હાડ હરામ —રામોરામ!

બેડિયાતો ગાતા હતા કે 'ઓ રામ જેવા ધણી! તારાં હજાર નામ છે (પણ તું એક જ રામ છો)! આ દરિયો બહુ દોંગો છે, પણ અમારી લાજ જળવાઇ રહે છે એ તારાથી'. પછી કહ્યું કે, 'હે નાખોદા, આ તારા મલ્લાહો બિલકુલ નકામા છે. એ ઊંટખાઉ પોતે પણ જાનવર જેવા જ છે. પોતાના બબૂસા (વાંઢાર, પાછલા ભાગ) ઉપર હમેશાં ઝૂક્યા પડ્યા છે અને હાડ હરામ છે.'


નાખોદો આ ચાચડ ઉપર પણ દિલ ખોલી હસવા લાગ્યો. ગુરાબ નજીક આવતાં એણે મછવાના તળિયામાં મુઠ્ઠી ભરી રિયાલ વર્ષાવ્યાં. બેડિયાતો નીચા નમી રિયાલ શોધતા હતા ત્યાં ઉપરથી મલ્લાહોએ ખજૂરનાં છ અરબિયાં ફેંક્યાં. એક બે બેડિયાતો ગુલાંટ ખાઈ ગયા!

ખંડ: ૧૮ અલબેલી ખંભાત

મહીસાગરના મુખ પાસે ખંભાત બંદર છસો વર્ષ ગાજ્યું. વેનીસ, રૂમ, શામ, મિસર અને સુવાહિલ; લંકા, જાવા, મલયુ અને ચીન–બધાં એના માલથી લાદ્યાં પડ્યાં હતાં. એનો અકીકી સામાન અને એનાં જરીભરત તથા કિનખાબ દરેક દેશનાં અન્તઃપુરો અને મહાલયોને શણગારી રહ્યાં હતાં. એના વહાણવટીઓએ મુલકમુલકમાં ગુજરાત વસાવ્યાં હતાં. જે મહીસાગરે એને છ છ સૈકાઓ સુધી 'સાગરની રાણી'નું બિરુદ અપાવ્યું હતું એણે જ આખરે એને ભાંગ્યું. પાંચ પાંચ નદીઓએ, સૈંકડો વર્ષ સુધી રાત ને દી' લાખો ભાર કાંપ ઠાલવીઠાલવી, ખંભાતનો અખાત પૂરતા રહી એની કંઠાર છીછરી બનાવી દીધી. કુદરતના આ ભરાણથી પ્રથમ ખંભાત અને ભરૂચ ભાંગ્યાં; પછી સૂરત ભાંગ્યું; અને એ ગતકીર્તિ પાણીપંથાર ઉપરથી ગબ્બર સઢ અને માતબર પઠાણ અસ્ત થઈ ગયાં.

'રાવળનાથ' ખંભાતની લંગરગાહમાં આવી થિર થયું તે કાળે ખંભાતના ચિરાગની આખરી ઝબક રહી હતી. જોકે હજુ ત્યાંનું વહાણવટું સાવ વિસાયું ન હતું. એકબે અંગ્રેજી બરછા, એક ફિરંગી અરમાર, બેચાર મરાઠી ગલબત, અને સારી જેવી સંખ્યામાં આરબ ધાઉ, ઈરાની ભૂમ અને કચ્છી કોટિયા તથા બગલા એ બંદરના દેશાવરી વેપારની સમૃદ્ધિ દેખાડતા ત્યાં પડ્યા હતા; ગુજરાતી બતેલા, કોંકણી ફતેહમાર અને મલબારી મન્ઝી એના કંઠારી વેપારની સાક્ષી પૂરતાં હતાં. આ બધાની વચ્ચે 'રાવળનાથ' વહેલી સવારે આવી નાંગર્યું.

રામસિંહ અને અજાને લઈ બાબલ કિનારે ઊતર્યો. મક્કાઈ દરવાજેથી ત્રણે ગઢમાં દાખલ થયા. બાબલને વરૂચી માતાના ભૂવાને મળવું હતું.



ઈ.સ. ૧૭૧૨માં ખંભાત શહેરનો દક્ષિણ બાજુનો દેખાવ (ફૉર્બ્સ ઓરીએન્ટલ મેમૉઇર્સ ગ્રંથમાંથી)


એ ઘડી પછી પાણીવાળે નાકે વર્દ્ધમાન શેઠની વખારે મળવાનું કહી નાખ્યો ભૂવાને મળવા હાલ્યો. રામસિંહ ને અજો શહેરની લારે ઊપડયા.

અલબેલી ખંભાતે આજે ઉત્સવના વાઘા પહેર્યા હતા. ખંભાતના મુત્સદ્દીએ(નવાબે) આજે કુતુબી ખાનુમનો જન્મદિવસ ઊજવ્યો હતો. કુતુબી ખાનુમ, એ ચોર્યાશીમાં અનુપમ સુંદરી હતી. એના હુસ્ન ઉપર નવાબ પરવાનો બન્યો હતો. જુમ્મામસ્જિદે પતાકાઓ ફરકાવી હતી. અસરની નમાજે ખુદ મુત્સદ્દી આવવાના હતા, એટલું જ નહિ પણ મલુકખાના(મસ્જિદમાં જ સ્ત્રીઓને નમાઝ પડવાની કરેલી ખાસ રચના)ના પડદા પાછળ કુતુબી ખાનુમ પણ નમાઝ પડવાની હતી. જૂના દરબારગઢમાં શરણાઇઓ બેઠી હતી. અંગ્રેજોની કોઠીમાં પણ નેજા ફરકતા હતા. જિંદગીમાં પહેલે પ્રથમ અજાએ આહીં એ રાતાં મોંનાં માનવી દીઠાં. એ માનવીઓ ગુજરાતને તો ઘર બનાવી બેઠાં હતાં, સૌરાષ્ટ્રમાં ય ક્યાંક ક્યાંક દેખાણાં હતાં, પણ એમાંનો કોઇ આડત્રાની ઉત્તરના અખાતમાં હજુ દેખાયો ન હતો. આ વિચિત્ર માનવીઓને અજો જોઈ રહ્યો. રામસિંહે કહ્યું કે અસ્સલ તો આ કિષ્કિંધાનાં વાંદરાં હતાં, પણ જાનકીમૈયાના આશીર્વાદથી આ અવતારે માણસનો અવતાર મળ્યો હતો!

અકીકની બઝાર પણ અજા માટે નવાઈ જ હતી. એણે સંસ્કૃત કાવ્યોમાં વૈદૂર્યમણિનું નામ વાંચ્યું માત્ર હતું. અઘડ લીલા પાણાને આવી સુંદર વસ્તુઓમાં બનાવનાર સંઘાડિયા, ડોળિયા અને વીંધારાની કળાએ એને મુગ્ધ કરી નાખ્યો; જાણે માટીમાંથી સોનું બની રહ્યું હતું! ખંભાતનાં અકીક આજે પણ અનેક દેશાવરો મંગાવે છે. એક કાળે એ યુરપ અને એશિયા સમસ્તની શાહઝાદીઓના રંગમહાલયને દીપાવી રહ્યાં હતાં. ફરતા ફરતા બે ય જણ કાપડ બઝારમાં આવી પહોંચ્યા.

મુત્સદ્દીએ સાલગિરાહ મનાવવાનો હુકમ કર્યો હતો એટલે સમોવર્તી ચતુર વણિક મહાજને દિવાળી મનાવી દીધી હતી. એક એક દુકાન જાણે દીવાને ખાસ બની ગઈ હતી. કિનખાબ, મખમલ, અતલસ, રેશમ, મશરૂ, જરી, ભરત; શેલાં, પટોળાં, ચંદેરી, બાંધણી, ખણ; ઉપરણાં શાલ દુશાલા, પાથરણાં, અત્તર, ગુલાબ, ધૂપ અને સુગંધીથી અહીં તો મુઘલોની મીના બઝાર મંડાઈ ગઈ હતી.

અને જ્યાં આવી મીના બઝાર હોય ત્યાં, સ્વાભાવિકરીતે, ખંભાતની સ્ત્રીઓનો રૂપસાગર તો ઊછળી જ પડે. સખત ઓજલના મુલકમાં ઊછરેલો અજો આ લલિત સાગરનાં મોજાં પર તણાવા લાગ્યો. મુસલમાનની ઓજલ સૌરાષ્ટ્રની સીમ નહોતી ઓળંગી શકી. અહીં સ્ત્રીઓના મુખચંદ્રને ઘૂંઘટનાં વાદળ નહોતાં ઘેરી શક્યાં. અજાની આંખો સહજ શાલીનતાથી નીચે ઢળી જવા લાગી તો યુવાસુલભ કુતૂહલ એ નીચી નજરને અવશ ઊંચે ખેંચવા લાગ્યું. એની નસોમાં વીજળી વહી જતી લાગી. એ વખતે એને પોતાનું પણ ભાન ન રહ્યું તો વાંચેલું તો ક્યાંથી જ યાદ આવે? નહિ તો એ સમજી શકતે કે 'ન ખલુ ચ પરિભોક્તુમ્, નૈવ શક્નોમિ હાતુમ્' તે આ! છેવટે એનાં અન્તર્ચક્ષુ લજ્જાથી ઢળેલાં જ રહ્યાં, પણ ચર્મચક્ષુ ઉદ્દાન્ત બની ગયાં. એ પોતે પણ રાજબીજ હતો. જવાનીના અવતાર જેવો દેખાતો હતો. તરુણીઓના તીરછા કટાક્ષોનાં મોજાં એના ઉપર અફળાઈ અફળાઇને તૂટવા લાગ્યાં. એની દશા અપ્સરાગણમાં આવી પડેલા ઋષ્યશૃંગ જેવી બની ગઈ. પણ એ ક્ષણે એને ઋષ્યશૃંગ યાદ આવે એમ ન હતું. એની આસપાસ રૂપાની ઘંટડીઓ જેવા હાસ્યતરંગો ઊછળતા હતા. ગુજરાતની નિર્ભ્રાન્ત સુંદરીઓને, આ દિઙ્મૂઢ બનેલા નવયુવાનને જોઈ ખિલખિલાટ ઊપજતો હતો. આખરે એ ખિલખિલાટ ભેળું એક બેસૂર હાસ્ય એને સંભળાયું. એ હાસ્યે એને ધરતી ઉપર આણ્યો. એની સામે ઊભો ઊભો રામસિંહ માલમ બેફામ હસતો હતો; અને વિધિની ક્રૂરતાથી



કચ્છી કોટિયો, અંગ્રેજી બચ્છો-સ્કૂનર અને આરબી ધાઉ. આપણી દેશાવરી વહાણવટાના આ પ્રતિનિધિઓ સાથે તો કંઈક 'રાવળનાથ'ની રોમાંચકારી ગૌરવગાથાઓ ગૂંથાએલી પડી છે.

પણ વધારે નિર્દય યુવતીજન, એ હાસ્યમાં ખિલખિલાટ ભેળવી રહ્યાં હતાં! નીચે માથે અજયપાળ અહીંથી નાસી છૂટતું હોય એમ ઝડપથી ચાલવા માંડચો; રામસિંહ માલમ કુશળ સુકાનીના ઈલમથી એને જોઇતી દિશામાં વાળતો રહ્યો. માણેકચોક વટાવી પાણીવાળા નાકા પાસે આવીને જ અજયપાળે આંખ ઊંચી કરી.

વર્દ્ધમાન શેઠનો જબરદસ્ત વંડો સામે દેખાતો હતો. આ વંડો ન હતો પણ જાણે રાજગઢ હતો. બંને એના હસ્તિદ્વારમાં દાખલ થયા.

ખંડ : ૧૯ છપ્પન ઉપર ભેરી

એક પડખે ખંભાત ખંડિયેર બનતું જતું હતું. એના રાજકારણમાં અનેક સત્તાઓ દખલ કરી રહી હતી. વડોદરાના મરાઠા, પૂનાના પેશ્વા, અમદાવાદની સૂબાગીરી, દિલ્હીની ડગમગતી પાદશાહી, જેનું ચાલે તે જોર અજમાવતા રહ્યા હતા. અધૂરું હતું તે સૌરાષ્ટ્રના કાઠી અને અખાતના કોળીઓ પૂરું કરતા હતા. બીજી બાજુ, હજુ વર્દ્ધમાન શેઠ જેવા વહાણવટીઓ અહીં વસતા હતા. આજે ખંભાત ઓલવાતો ચિરાગ હતો. વર્દ્ધમાન શેઠ એની આખરી ઝબક હતા. તે કાળના એ 'વજિયા રજિયા' હતા.

નવાબનો એ આધાર હતા, મુસલમાનોની બડતી સત્તાનો સ્તંભ હતા, હિંદુ સત્તાની ઢાલ હતા, મરાઠાઓના મિત્ર હતા, સૂબાના સલાહકાર હતા, પેશ્વાના વિશ્વાસુ હતા, ફિરંગીઓના અંગ્રેજોના અને વલંદાઓના ખંભાત સાથેના વેપારનું મૂળ હતા, અને દિલ્હીની પાદશાહતના 'અમીરે ખાસ' હતા. સૌરાષ્ટ્રના દરબારો એને માનઅકરામ આપતા અને વખત આવ્યે એની પાસેથી ઉધાર નાણાં લેતા. એની હૂંડીઓ અરબના રેગિસ્તાનમાં અને મલયૂનાં જંગલમાં પણ સ્વીકારાતી. એની હવેલીએ છપ્પન ઉપર ભેરી વાગતી.

એના વંડામાં હાથીથાન હતાં, હયશાળાઓ હતી, રથશાળાઓ હતી. અહીં ભારવટિયા સુધી માલથી લાદેલી વખારો હતી ને સેંકડો વાણોતરો કામ કરતા હતા. સેંકડો નોકરચાકર એનો હુકમ બરદાસ્ત કરતા ને એના વહીવટ પર હજારોની રોજી ચાલતી. એનાં દાન ધર્મને સીમા ન હતી, એની સંપત્તિને સીમા ન હતી, એની શાખને સીમા ન હતી, અને એની નમ્રતાને સીમા ન હતી.

વંડાની દેવડીએ ખબર થયા કે ધાધલ, શેઠને રૂબરૂ થવા એમની હવેલીએ ગયો છે અને રામસિંહે અહીં એની વાટ જોવાની છે. બેય જણ વખારો વચ્ચે લટાર મારવા લાગ્યા. ત્યાં એક પડખે એમને નાખવા માલમોનો ભેટો થઇ ગયો. એ શેઠનાં વહાણો ઉપરથી ઊતર્યા હતા. દરિયાના માણસને પોતાનો જણ મળે કે સર્વસ્વ મળી રહે છે. રામસિંહે અહીં જ લંગર નાંખ્યાં! મુલકમુલકની વાતો ચાલી. શેઠના નાખવાઓ એના સમૃદ્ધ વેપારની વાતે ચડચા. રામસિંહે વચ્ચે ઝુકાવ્યું: 'ઈ બધો ખરો, નાખવા! પણ એનો આ વસ્તાર કંઇયેં હાલે, કે આપણે એનાં પઠાણ તરાવીયેં તો! ભલા, એનો માલ ધરિયાપારથી ન આવે કે ન જાય, તો આ રાજ કેટલા દાડા નિભે? અને ઈ ન નિભે તો હજારોનો રોટલો ટળી જાય.'

રામસિંહના શબ્દો સાદા હતા. વર્દ્ધમાનશેઠની અલૌકિક પ્રશસ્તિથી અજાને જે કળ વળી ગઈ હતી તે એકાએક ઊતરી ગઇ. એને સ્થાને દરિયાલાલની અને એને ખોળે ખેલનાર માનવીઓની મોટાઈ એને સમજાઈ ગઈ. વર્દ્ધમાન શેઠ ઉપર હજારો નભે છે, પણ વર્દ્ધમાન શેઠ પોતે આ સાદાસૂધરા માલમો ઉપર નભે છે એ વિચારે અજયપાળને રોમાંચ કરી દીધાં. અને એ ક્ષણે અજો, શસ્ત્રોન્મત્ત રાજપૂત યુવાન મટી ગયો; એક કાળે ધાધલ જેટલો જ આશકારા બનનાર અજો માલમ એ પળે જન્મી ચૂકચો.

આખરે ય, આ તો દરિયાવરદી દેશ. શસ્ત્રનિપુણ રાજપૂતો હોય, નીતિનિપુણ પંડિતો હોય, વ્યાપારનિપુણ વર્દ્ધમાન શેઠો હોય, પણ સાહસિક માલમો ન હોય, તો એ શસ્ત્ર, નીતિ અને વ્યાપાર ઘડીના છઠ્ઠા ભાગમાં અસ્ત થઈ જાય!

ખંડ : ૨૦ વર્દ્ધમાન શેઠ

'વાત એમ છે, નાખવા!' વર્દ્ધમાન શેઠ બોલતા હતા: 'કે આજસુધી, અમને કોઇ વાર બહારનું વહાણ બાંધવાનો પ્રસંગ નથી આવ્યો. પણ અમારાં અગિયાર વહાણ સફરમાં રોકાયાં છે, સાત વછાતોએ રોકી લીધાં છે ને ત્રણમાં એકાએક કામ નીકળ્યું છે; ને હમણાં જ એક વહાણ માજુંગા માટે ને એક જાવા માટે જોઇએ છે. અમેં શિવજીભા સ્વાહિલીને લખ્યું ને હરજીવન મહેતાએ તમારી ખૂબ શિફારસ કરી.'

'શેઠિયા! અમેં પણ કોઇ દી વા'ણ બાંધી નથી દેતા; પણ હરજીવન મે'તા બઉ નડચો એટલે લાચાર થૈ ગ્યા, અને એક તારો ગોસ કબૂલ રાખ્યો.' પચ્છમ ધરાના નાવિકો આદર દેખાડવાને તુંકાર વાપરે છે એ વાત વર્દ્ધમાન શેઠને યાદ આવી. એ જરા મલકાયા.

'વહાણમાં તો કહેવાપણું નહિ હોય, નાખવા! પણ જરા બીજી વાતો કરવી હતી એટલે થયું કે રૂબરૂ થઇ જાઓ તો સારું.'

'નિયાપો મળ્યો કે હાજર થ્યા છિયેં, જીબાવ!' ધાધલે વર્દ્ધમાન શેઠની મીઠાશ અને નમ્રતાને અનુકૂળ થવાનો પ્રયત્ન કરતાં કહ્યું, પણ શેઠના બીજા સવાલ માટે એ તૈયાર ન હતો.

'દેવરાજ! તમે જાડેજા, ખરું?' શેઠે પૂછ્યું.

'અસ્સલ તો સુમરા, શેઠિયા! હવે જાડેજા.'

'દાદૂના?'

'ના, બેલાના.'

'હમણાં કચાંના?'

'આ બાજુના.'

'કઈ બાજુના?'

'જીબાવ, આ બાજુના.'

'તમે નહિ બોલો;' શેઠે કહ્યું: 'હું જ પૂછું. કંથકોટના, ખરું?'

'ઇ અમે ભૂલી ગ્યા છિયેં, શેઠિયા!'

'પણ અમે નથી ભૂલ્યા. મેઘરાજ નાખવા તમારા પિતા, ખરું?'

'જી હા.'

'તો સાંભળો, દેવરાજ!' શેઠ બોલવા લાગ્યા: 'બહુ જૂની વાત છે. અમે ત્યારે જુવાન હતા. અમે સુચાલથી આવતા હતા. અમારું પોતાનું જુંગ હતું. શેઠાણી સાથે હતાં. મધદરિયે જાસમી ચાંચિયો મળ્યો. અમારા ઉપર રાત વચ્ચે એણે છાપો માર્યો. અમારાં માણસો ખૂબ લડ્યાં, પણ ચાંચિયાએ જુંગ ભીડાવી લીધું. અમારાં તૂતક ઉપર અરબાઓનું ધાડું ઊતરવા માંડ્યું. બચવાનો એકે ઉપાય ન રહ્યો. શેઠાણીએ હીરો ચૂસવા આંગળીએથી વીંટી કાઢી. ઓચિંતો, અંધારા-માંથી આગ વર્ષાવતો એક કચ્છી કોટિયો આવી પડ્યો અને જાસમી ઉપર તૂટી પડ્યો. અમારી લાજ રાખી દીધી. અમે એને ઈનામ આપવા માંડ્યું, પણ નાખવો એકનો બે ન થયો. કહે કે જાસમીના ફાલકામાં એના માટે પૂરતું ઈનામ ભર્યું હતું. જતી વખતે સામેથી શેઠાણીને એક-સરો મોતીનો હાર આપતો ગયો!

દેવુભા, એ કોટિયો તે "ઘોરમનાથ"; એ નાખવો, તે મેઘરાજ! અમે તમને રૂબરૂ બોલાવ્યા તે મેઘરાજના પુત્રને જોવા હતા, માટે જ.'

પિતાની વીરગાથા સાંભળી ધાધલની કસો તણાઈ ગઈ. એણે જરા ઘેરા અવાજે કહ્યું: 'શેઠિયા, ભાંગ્યાની ભીડમાં હાથ દેવો એ તો જાડે-જાનો ધરમ છે!'

'ખરું છે, કુંવર! પણ તેથી તો અમે "રાવળનાથ" પસંદ કર્યું. તમને હવે એક વાત કહેવાની બાકી છે. અમારા બે દીકરા નેમચંદ અને કસ્તૂરચંદ પણ આવશે. તે ભેળાં કસ્તૂરચંદનાં શેઠાણી પણ મથુરે જવા સોંડ્યાં છે. શેઠાણીના ભાઈ પણ જવામાં છે, એટલે અમે મના નથી કરતા. અમને લાગ્યું કે નાનાં બાળ સફર કરતાં હોય ત્યારે વહાણ ન જોવાય પણ માણસ જોવાં જોઇએ.'

'વર્દ્ધમાન શેઠ, રાવળનાથના આવાસમાં બેઠી એટલે તારી વહુ તારી હવેલીમાં બેઠી સમજજે; એનું કોઈ નામ લે તે પહેલાં તો અમારો બેડિયાતે બેડિયાત ખપી જાય!'

'માટે જ મેં મેઘરાજના કુંવરનું વહાણ બાંધ્યું, નાખવા! હવે એક બીજી વાત પૂછવી છે. જવાબ ન દેવો હોય તો ન દેતા.'

'પૂછને, કોઈ વાતનો જવાબ ન દઇયેં એવું આજ સુધી બન્યું નથી.'

'તો સાંભળો! પૂંજા શેઠે કહેવડાવ્યું છે કે તમને મળવા મીર રિયાઝખાન કલ્હોરા અને બારાઈના ટોપણશાહ કોટેશ્વર આવ્યા હતા. ત્યાર બાદ બે ય તરફથી કંઈ સમાચાર નથી. બે ય નગરઠઠ્ઠા જવાના હતા. આ બાબતમાં તમે કંઈ જાણો છો?'

'જરૂર! જાણિયે છિયે. ઈ બેય મસ્કત ગ્યા છે.'

'મસ્કત! મસ્કત કોની સાથે?'

'અબ્દ-ઉર-રઝાક અલ હમ્દાની સાથે!'

'અબદ્દો! અબદ્દો તો ગુલામ વેંચે છે. હજુ થોડાં વખત પહેલાં જ અહીં ખંભાતમાં પડ્યો હતો.'

'તે એણે એ બેયને ગુલામ તરીકે જ ખરીદ્યા છે.'

'શું કહ્યું?! વાણિયાનો દીકરો ગુલામ?'

'તેં શેઠ, નીચે ગુલામોની વખારો ભરી છે ઈ પણ કોઈના દીકરા જ છે ને?' વર્દ્ધમાન શેઠે ઓઠ વચ્ચે મૂછ દબાવી! એણે યુક્તિથી આખી વાત કઢાવી લીધી. અજયપાળને પૂંજા શેઠે ગુલામ બનાવવા ધાર્યો એ વાત એમને બહુ અજુગતી લાગી. એણે વાત પડતી મૂકી અને નાખવા સાથે બીજે દહાડે નેમચંદે અને કસ્તૂરચંદે જુંગ 'રાવળનાથ' જોવા જવાનું ઠરાવ્યું.

(ચાલુ)

પંદરમી સદીમાં લખાએલા 'શ્રીપાળ ચરિત્ર' નામના ગ્રંથમાં કોસાંબી નગરીના ધવલશેઠનું વર્ણન ગુજરાતના વહાણવટા માટે ઘણું જાણવા જેવું છે. એ શેઠનો વેપાર ભરૂચમાં હતો, અને એમનાં વહાણો ભરૂચમાં રહેતાં. એમાં શેઠનાં વહાણોની સંખ્યા તથા તેનાં વર્ણન પણ તેમનાં કદ સમજી શકાય એ રીતે નામ સાથે આપ્યાં છે.

'કોસાંબી નગરી વસે ધવલશેઠ ધનવંત,
લોક અનરગળ ધન ભણિ નામ કુબેર કહંત.'

આ રીતે એ કથા જૈનોમાં જાણીતી છે. ધવલશેઠ કોસાંબી નગરથી ઘણું સુવર્ણ, કરિયાણું, વાણોતરો વગેરે લઈ ભરૂચમાં આવે છે; એની પાસે એક 'મધ્યમ જુંગ'*નામનું સોળ કૂપ (ડોલ=mast) વાળું વહાણ હતું; ચાર વહાણ ચારચાર કૂપવાળાં 'લઘુ જુંગ' નામનાં હતાં; એકસો 'વડ-સફર' નામનાં વહાણ, ચોપન 'સિલ્લા' નામનાં વહાણ, પચાસ 'આવત્તા' નામનાં વહાણ ને પાંત્રીસ 'ખુરપ્પા' નામનાં વહાણ, એમ કુલ ૫૦૦ વહાણ હતાં.

कोसंबी नयरीए धवलो नाम वाणिओ अत्थि।
सो बहु धणत्ति लए कुबेर नामेण विक्खाओ॥
बहु कनय कोडि गाहिअ कयाणगोऽणेग वणिउत्तेहि।
साहिओ सो सत्थवाइ भरुवच्छे आगवो अत्थि॥
जाओय तत्थ लाहो पवरो सो तहवि दव्व लोहेणं॥
परकूल गमण पउणो पउणयि बहु जाणवत्ता हिं॥
मज्सिम जुंगो* एगो सोलसवर कूबएहिं कयसोहो।
चत्तारीय वहु जुंगा चौ चौ कूवेहिं परिकल्लिआ॥
वडसफर पवहणाणं एगसयं बेडीयाण अट्टसयं।
चउरासी दोणाणं चौसट्टी वेगडाणं च॥
सिल्लाणं चउपन्ना आवत्ताणं च तहय पंचासा।
पणती संचखुरप्पा एवंसयपंचषोहित्था॥

....

*જુંગ=જાવા મલયની બાંધણીનો, સળંગ ઊભા અને કાટખૂણે આડા કૂવા તથા પરમાણનો, ચોરસા કે કાતરા સઢવાળો બેડો (વહાણ), સોળ કૂવા એટલે ચાર કૂવા ઊભા અને દરેકને ચાર ચાર કાટખૂણે પરમાણ સમજવાં. જ્યાં ચાર જ કૂવા રહ્યા છે, ત્યાં સઢ ચોરસા નહિ પણ કાતરા (Lateen) સમજવા. જુંગમાં વડ-જુંગ, મધ્યજુંગ અને લઘુજુંગ દર્શાવ્યાં છે.

આવત્તા=આવર્ત્ત; ખુરપ્પા=ક્ષુરપ્ર; ભોજદેવકૃત 'યુક્તિ કલ્પતરુ' નામના ગ્રંથમાં નિષ્પદયાન પ્રકરણમાં બતા-વેલા વહાણના પ્રકારોના આ બે પ્રકાર છે.

દોણાણ=(દ્રોણી) દોણી; બેગડાણ=બેડો; બેડિ-યાણ=જરા નાનો બેડો, (આ શબ્દ કદાચ અરબી શબ્દ 'બહર'-સમુદ્ર-સાથે સંબદ્ધ હોઈ શકે છે, ક્ષુરપ્ર એટલે તીખાં પઠાણવાળું અને આવર્ત્ત એટલે પહોળાં પઠાણ વાળું, (ક્ષુર ઈવ પ્રતિષ્ઠા યસ્ય ઇતિ). —'સુકાની'

પચ્ચીસ વર્ષ પહેલાં

ફાગણ ૧૯૮૭
અંક ૮૭

ફરી પાછો શ્રી હરિનારાયણ આચાર્યની પ્રોત્સાહક અને પ્રાસાદિક, શિષ્ટ અને મિષ્ટ તથા કવિત્વમય બાનીથી સમૃદ્ધ એટલો જ પ્રેરક લેખ આ અંકમાં આપણને મળે છે. એનું નામ છે 'સોકોલ'. એનો અર્થ શો, અને એનું કાર્ય કેવું અદ્‌ભુત, તે એ લાંબા લેખમાંથી તારવેલો નીચેનો ઉપયોગી ભાગ જ કહેશે:


તા. ૨૪મી માર્ચ સને ૧૯૧૩ અને ભર શિયાળો હતો. નદીનાળાં ને તળાવ ઠરી ગયાં હતાં. આરસ જેવાં લીસાં બરફનાં વિશાળ મેદાનો સૂરજના આછા તેજમાં ચકચકતાં હતાં. ક્રકોનોઝેની વિશાળકાય પ્રૌઢ પર્વત-પરંપરાની હિમાચ્છાદિત શિખરશ્રેણિની ઓથે માનવસમૂહ એકત્રિત થયો હતો. આજે ૫૦ કિલોમિટરની 'સ્કી'ની શરત હતી. ઝેકોસ્લોવેકીઆનો સર્વોત્તમ સ્કીઅર બી. હૅન્ક નામનો વણકર શરતમાં ઊતરનાર હતો એટલે પ્રાંતભાગોમાંથી માનવસમુદાય ઊલટયો હતો.

સવારના આઠ વાગ્યા હતા, છતાં ઉળકાટ એટલો હતો કે કોટ ટોપી અને હાથનાં મોજાં ઉતારી નાખી પહેરણભેર જ હરીફો શરતમાં મેદાને ચડયા હતા. શરૂઆત તો સરસ થઇ. પણ દસ વાગતાં તો ઋતુએ જુદું જ રૂપ ધારણ કર્યું. જોતજોતામાં ભયંકર શીત પવન ફૂંકાવા લાગ્યો અને બરફના ગાઢ તોફાનથી દિશાઓમાં અંધકાર ફેલાઇ ગયો. શરત શરતને ઠેકાણે રહી અને બધા યે હરીફો જીવ બચાવવા જ્યાં ફાવ્યું ત્યાં નાઠા. તપાસ કરતાં ખબર પડી કે માત્ર હૅન્ક જ પાછો ફર્યો ન હતો. શરતમાં સૌથી મોખરે હોવાથી તોફાનની શરૂઆતમાં બધાથી છૂટો પડી એ આગળ નીકળી ગયો હતો. એટલે અમંગળની શંકાથી જીવના જોખમે પણ એની ભાળ લેવા શોધનારા નીકળી પડયા. ઢીંચણપૂર પથરાએલા બરફમાં પગેરું કાઢવું અશક્ય હતું. મોં પણ ન સૂઝે એટલા ઘોર અંધકારમાં ફાનસના અજવાળે મેદાનના ખૂણેખાંચરે શોધ ચાલી. સમય વહેવા લાગ્યો તેમ ટાઢ પણ અસહ્ય થતી ગઈ. ત્રાસ, ભય અને થાકથી શિથિલ થએલો શોધનાર વર્ગ નિરુપાય બની પાછો ફરવા લાગ્યો. ત્યાં રસ્તામાં બરફમાં અરધા દબાએલા હૅન્કના નિશ્ચેષ્ટ દેહનો પત્તો લાગ્યો. મહા પ્રયત્ને ઠેલણગાડીમાં નાખી એને દવાખાને લઈ ગયા. પણ અનેક ઉપચારો કર્યા છતાં યે એનો પ્રાણ-ત્યાગ થયો. લોકનું ધ્યાન ગયું કે મૃત હૅન્કનું શરીર કોઇનાં કોટ ટોપી અને મોજાંમાં ઢંકાએલું છે. એવે જ સમાચાર આવ્યા કે બીજી એક વ્યક્તિ હૅન્કવાળી જગ્યા આગળથી મૃત અને વસ્ત્રવિહીન મળી આવી છે. તપાસ કરતાં ઓળખાણ પડી કે એ તો હૅન્કનો પરમ મિત્ર અને ગ્રિમ્નો સોકોલોનો અગ્રણી, પ્રેક્ષક રૂપે આવેલો વી. બ્રબાટા છે. બંને મિત્ર વચ્ચે શું બન્યું તે પર તો બરફનો સફેદ પડદો પડી ગયો હતો; પણ એટલું કલ્પી શકાય છે કે તોફાનમાં અર્ધનગ્ન હૅન્કને સંકટમાં સપડાએલો જોઈ, બ્રબાટાએ પ્રાણની પરવા ન કરતાં પોતાનાં વસ્ત્ર ઉતારી આપ્યાં અને હૅન્કને આશ્રય તથા મદદ મોકલવા નાઠો. અંધારામાં આડમાર્ગે ચડી જતાં બહુ વાર અથડાવું પડયું તેથી આખરે થાક અને ટાઢથી શિથિલ બની ભમતોભમતો અસલ જગ્યાએ પાછો આવ્યો અને હૅન્ક પડયો હતો તે સ્થળે જ નિકટમાં બરફમાં દટાયો.

આજે પણ આ બંને વીર નરોના સમાધિ-સ્થાન સૂચક શિલાસંચય સોકોલના બંધુભાવનો જ્વલંત દૃષ્ટાંત રજૂ કરે છે.

પણ 'સોકોલ' એટલે ? સોકોલ એટલે 'બાજ'. ઝેક સાહિત્ય અને લોકકથામાં વીરત્વ, દૃઢતા અને ઉર્ધ્વગામીત્વના આદર્શ જેવા બાજ પક્ષીનું સ્થાન અપૂર્વ છે. એ વિશિષ્ટતાનો આદર્શ રાખી, વિચારપ્રિય સોકોલ સંઘના અનુયાયીઓ પોતાની ટોપીમાં સંજ્ઞારૂપ 'બાજ-પિચ્છ' ખોસે છે. ઝેકોસ્લોવેકીઆના શહેરે-શહેર અને ગામેગામ વિસ્તરેલી આ સોકોલ પ્રવૃત્તિ આ યુગનું અદ્‌ભુત વસ્તુ છે. સૈકાઓથી અધમ દશાએ પહોંચેલી અને ઑસ્ટ્રીઆની નૃશંસ શાસનપ્રણાલીથી પરિપીડિત ઝેક પ્રજાના પુનરુદ્ધારનું—ઝેક જાતિના શારીરિક અને માનસિક વિકાસના વિશિષ્ટત્વનું પ્રજાત્વના આત્માનું શુદ્ધ પ્રતિબિંબ આમાં છે.

ઓગણીસમા શતકની (ત્રીજી પચ્ચીશી) સોકોલનો જન્મકાલ. તે દિવસથી પ્રજાજીવનના નવવિધાન અને સ્વાતંત્ર્ય સારુ આવશ્યક એવા માનસિક વિકાસનું પ્રચંડ કાર્ય સોકોલ સંઘે ઉપાડી લીધું અને સ્વાધીનતાના



વ્યૂહબદ્ધ થઈ લાક્ષણિક સંગીતના તાલ સાથે સંઘવ્યાયામ કરતા સોકોલના આ યુવકગણે સર્જેલી એમની આગવી વ્યાયામ-પદ્ધતિ હજી સુધી જગતમાં અદ્વિતીય જ રહી શકી છે.

ભારને વહી શકે એવી સ્વાસ્થ્યપૂર્ણ શક્તિમતી નવજુવાન ઝેક જાતિ ઉત્પન્ન કરી.

પણ એ બાજુએ રાખી હાલ તો સોકોલના એક 'સ્વાસ્થ્ય-સત્ર'નું પ્રત્યક્ષ દર્શન જોઇએ.

'કલ્પના કરો કે તમારી નજરે એક વિશાળ લંબચોરસ મેદાન પથરાએલું છે. આ વિસ્તારના સીમાડે ફરતી ગૅલેરીઓ છે. રમણીય ટેકરીઓની ગોદમાં આવેલું આ ક્રીડાંગણ સોકોલ યુવાનોના શરીરશ્રમથી બંધાએલું છે. સોકોલનો શ્રમ જ્યાં ન પહોંચી વળે એવાં સાધનો માટે જ માત્ર પંદર લાખ રૂપિયા ખરચાએલા છે. આસન પરંપરાની વચ્ચે ઉચ્ચ સ્થળે દેશના પ્રમુખ પુરુષવરોનાં આસન આવેલાં છે. આ સ્થાનોની બરોબર સામે મેદાનમાં પ્રવેશ અર્થે ચાર વિશાળ પ્રવેશદ્વાર પડદાથી ઢંકાએલાં છે. અનિમેષ આંખે સમસ્ત પ્રેક્ષકગણ એ પડદા પર નજર નાખી રહ્યો છે.

ત્યાં તો બ્યૂગલનો મનોરમ નિનાદ થયો અને પડદા ઊંચકાયા. ૧૪,૪૦૦ યુવાનોએ મેદાનમાં પ્રવેશ કર્યો. એક હારમાં વીસ એવી એકસો ઍંશી હરોળના ચાર વિભાગો વ્યૂહબદ્ધ થઈ સોકોલના લાક્ષણિક સંગીતના તાલ સાથે પદાઘાત કરતા ચાલ્યા આવે છે. શ્વેત ને નીલ વર્ણનાં વસ્ત્ર ધારણ કરી શ્યામ શિરોવેષ્ટનમાં બાજપિચ્છ લહેકાવતો આ યુવકગણ સાગરપૂરે ઊલટે છે. ક્ષણમાં તો વીસની દસવાળી હરોળ બની ગઇ અને નિમેષ થતાં તો આખું મેદાન પાંચપાંચની નેવું હરોળ એવા બત્રીસ વિભાગથી વ્યાપ્ત થઈ ગયું.

અને તરત સંગીત બંધ થયું. સકળ સોકોલો ધીમેધીમે હાથ આગળ ઊંચા કરી ખભા પાસે લાવ્યા અને મેઘધ્વનિ જેવા ગંભીર સ્વરે દેશ અને દેશનાયકની ત્રણ જયઘોષણા કરી. પણ બ્યૂગલ વાગતાં જ હાથ પહોળા સમાન્તર કર્યા અને મેદાનના એક છેડેથી બીજા છેડા સુધી આંગળીઓના અગ્રભાગ સ્પર્શતા દેખાયા. ફરી બ્યૂગલ ફૂંકાતાં એક જ સુસવાટો થયો અને બધી ય હથેળીઓ સાથળ સાથે એકસામટી અફળાઇ. જાણે વજ્રના એક જ વજ્રપાતથી પર્વતશૃંગોના ભૂકા થઇ જતા ન હોય!

સોકોલના સંઘવ્યાયામનું દિલને હલાવી નાખનારું આ પ્રથમ દર્શન.

પછી તો ઉપરાઉપરી દૃશ્યો બદલાવા લાગ્યાં. બ્યૂગલના તીવ્ર નાદની જગ્યાએ હવે મધુર, શાંત અને સરળ ભાવવાહી સંગીત થવા લાગ્યું અને આમતેમ આગળપાછળ એમ વિવિધ દિશામાં પલટાતા યુવાન સોકોલોનો શ્રેણિબદ્ધ વ્યાયામ શરૂ થયો. અત્યંત સૌષ્ઠવપૂર્ણ અંગવિચલનથી એમનાં નીલ અને શ્વેત વસ્ત્રો તથા આરક્ત દેહ પર પથરાતા સૂર્યપ્રકાશના પરિવર્તનથી, વિચિત્ર વર્ણ કિરણપરંપરા ઝળહળવા લાગી. એમના વિશિષ્ટ અંગમરોડમાં અત્યંત બલ, સૌષ્ઠવ અને પ્રબળ શ્વાસપ્રક્રિયાની જરૂર પડતી, તો ય રજ પણ શ્રમની પ્રતીતિ વિના એમણે સરળતાથી વ્યાયામ કરી બતાવ્યો. વર્ષોના સતત અભ્યાસને પરિણામે જ આવી અંગભંગી કેળવી શકાય.

ફરી એક વાર સંગીત બંધ થયું અને બ્યૂગલ ફૂંકાયું. વીજળીવેગે આખું યુવકમંડળ પાંચની પંક્તિમાં ગોઠવાઇ ગયું. વિચારવેગે તો દસ, વીસ વગેરે ક્રમમાં પલટાઇ, સંગીતથી તાલબદ્ધ પગલે કૂચ શરૂ કરી. એટલી ત્વરાથી કે કેવળ આઠ જ મિનિટમાં છેલ્લી વ્યક્તિ પૂંઠે દરવાજા બંધ થઈ ગયા!

આ દરમ્યાન ૧૨,૮૦૦ યુવતીઓ બંધ દરવાજાની પાછળ એકત્રિત થઇ હતી. શ્વેત કંચુક અને શિરોવેષ્ટન તથા ઘેરા નીલ વર્ણવાળા ચણિયામાં એમનાં ગૌર અંગો ઢંકાએલાં હતાં. બે ઘડી પર્યંત મૂશળધાર વરસાદમાં ભીંજાતી અને તીવ્ર પવનના સપાટા સહતી તેઓ એ જવનિકા પાછળ ઊભી હતી. છતાં એમનો વારો આવતાં જળજળાકાર બનેલા મેદાનમાં એ પથરાઈ ગઈ ત્યારે એમનાં પ્રસન્ન વદનો પર નિર્બળતા કે વિકળતાનું ચિહ્ન સરખું દેખાતું ન હતું. નીતરતાં વસ્ત્રો ચોંટી જવાથી એમનાં સ્પષ્ટ દેખાતાં અંગોમાંથી –દૃઢબદ્ધ સ્નાયુવિકાસમાંથી યૌવનશ્રી નીતરતી દેખાતી હતી. એમનો વ્યાયામ, એમનું સંઘસંચરણ, એમનાં ગતિપરિવર્તન અને સ્ત્રીત્વને અનુકૂળ સૌંદર્યવાહી લાક્ષણિક સંગીતના તાલે થતી એમની નૃત્યક્રિયા એટલાં મનોરમ અને ગૌરવપૂર્ણ હતાં કે એને મુકાબલે એમના પુરોગામી પુરુષોની ચપળતા કઠોર અને વિસંવાદી લાગતી. જોનારને એમ જ લાગતું કે કોઇ સૃષ્ટિવિધાયક નટરાજનો આ વિરાટ નૃત્યસંનિવેશ છે, યુગયુગની પ્રતિભાવતી નૃત્યદેવીઓ એકત્રિત થઈ છે, અને ગ્રહમંડળની અવ્યાહતગતિથી ઉત્પન્ન થતા દિવ્ય સંગીતના સ્વરોને અનુસરતી, એબધાંની અમાનુષી નૃત્યપરંપરા ચાલી રહી છે. વર્ણ અને પ્રકાશનાં વિવર્તન, હસ્ત, પાદ વગેરે સમગ્ર દેહના સંચલન સાથેનો સંગીતના સ્વરોનાં આંદોલનોનો સંવાદ,-આ અપૂર્વ દર્શનની પૂર્ણ પ્રતિકૃતિ કોણ આલેખી શકે? કદીકદી એમ લાગતું કે જાણે કોઇ વિશાળ જલતરંગ પર રમતી નીલ-રક્ત-શ્વેત અમ્બુજપરંપરા આછી વાયુલહરીમાં ડોલી રહી છે! જ્યારે પાણીથી તરબોળ અને કાદવથી ખરડાએલી પણ સ્વાસ્થ્ય-શક્તિ-ગૌરવથી નીતરતી એ ૧૨,૮૦૦ સોકોલ વનિતાઓ સરળ ગતિએ મેદાન છોડી ગઈ ત્યારે થએલો પ્રેક્ષકોનો હર્ષનાદ દિગંતભેદી હતો. સૌંદર્ય અને સરળતા જેટલી જ ધીટતા એમણે દર્શાવી. અને ઝેકનો સર્વોત્કૃષ્ટ આદર્શ 'ધીટતા' છે.

પરંતુ, કયા અદ્ભુત આદર્શ અને આત્મબળનો આ પરિણામ છે? અહીં વ્યાયામપ્રિય મનુષ્યોનો કેવળ આનંદ-ઉત્સવ નથી. આ તો ભાવિ વિગ્રહ પ્રસંગે સ્વદેશ ને સ્વાધીનતાની રક્ષા અર્થે તૈયાર થતા મહારથીઓનું વ્યૂહદર્શન છે. અહીં એકત્રિત એકએક સોકોલની સાથે બીજા વીસવીસ સોકોલો આખા દેશમાં પથરાએલા છે. એક લક્ષ્ય, એક આચારધર્મ અને એક આદર્શ આગળ નમી પડનાર અસંખ્ય સોકોલો સ્વદેશ રક્ષાની હાકલ અર્થે સાવધાન તૈયાર છે. ઝેક જાતિના ગૌરવની રક્ષાનો આત્મા અહીં ઉચ્ચશિરે ઊભો છે.

છતાં આ બળ શારીરિક કરતાં આત્મિક વધારે છે. જોકે એનો આદર્શ શારીરિક વિકાસ છે. પણ ઝેક સાહિત્ય ને તત્ત્વજ્ઞાનનાં સ્વચ્છ તત્ત્વોના મિશ્રણથી ઉત્પન્ન થએલી આ નવીન વ્યાયામપદ્ધતિનું જગતની કોઈ પણ અન્ય પ્રજા સર્વાંગ અનુસરણ હજી કરી શકી નથી!

'વિચારમાં સ્વદેશ, હૃદયમાં ધૈર્ય, સ્વભુજમાં શક્તિસંચય'.

દેશના ઉદ્ધાર માટેનો આ મહામંત્ર પ્રત્યેક સોકોલના લોહીમાં વહી રહ્યો છે.

સ્વ. ઝવેરચંદ મેઘાણીનું પેલું ગુજરાતપ્રિય કાવ્ય (કેવળ એ સ્વાતંત્ર્ય-સંગ્રામના સમય પૂરતું જ નહિ પણ સદાને માટે ગુજરાતપ્રિય બની રહેલું, અને ભાવાનુવાદિત છતાં મૌલિકોની પણ ટોચે બેસે તેવું કાવ્ય) 'કોઇનો લાડકવાયો' આ અંકમાં પ્રકટ થએલું. બહુ સુષ્ઠુ રચનાથી એને છાપેલું, અને મન તો હતું કે એ જ રીતે એને અહીં ફરી પ્રકટ કરીએ. પણ સ્થળસંકોચથી આટલો ઐતિહાસિક ઉલ્લેખ જ ઉચિત માન્યો છે.

પણ ગયા અંકની માફક જ, આ અંકમાંના ડૉ.હરિપ્રસાદના 'શિલ્પસ્થાપત્ય' પરના લેખમાંનો થોડો ભાગ લેવો તો અનિવાર્ય જેવો છેઃ

સારનાથ કાશીથી માત્ર પાંચેક માઈલ દૂર હોવા છતાં કાશી જનારા યાત્રીઓ ઘણાખરા સારનાથ નથી જતા એ મોટી ભૂલ કરે છે. સારનાથથી ભગવાન બુદ્ધે, ધર્મચક્રપરિવર્તન કર્યું હતું, એટલેકે ધર્મના પ્રચારની શરૂઆત કરી હતી. ત્યાં એક મોટો સ્તૂપ, મઠ અને પાઠશાળા હતાં. સરકારી શોધખોળખાતાએ અહીં ખોદકામ કરીને મઠ તથા અભ્યાસગૃહોના થોડાક ભાગ સાફ કર્યા છે. સ્તૂપ તો જર્જરિત

હાલતમાં ઊભો છે, પરંતુ સૌથી અગત્યની જગ્યા ત્યાં ઊભું કરેલું સંગ્રહસ્થાન છે. એમાં એ જ જગ્યાએથી નીકળેલી મૂર્તિઓ, વાસણ, રાચ-રચીલું, સિક્કા વગેરે ગોઠવેલાં છે. વળી ત્યાં બુદ્ધ ભગવાનનાં કેટલાં યે મસ્તક છે. એ મુખ ઉપર જે ભાવ અને સાત્વિક આનંદ છવાએલો છે તેનું વર્ણન કરવું અશક્ય છે. જગતમાં ઘણાં યે મુખ આપણે દરરોજ જોઈએ છીએ, પરંતુ એક લાખ માણસોમાંથી એકના પણ મોં ઉપર, જેવું પેલા જડ પથ્થર પર હાસ્ય છે તેવું નહિ જોવા મળે.

એવા આપણા ભગવાન બુદ્ધ હતા; જેમણે સર્વત્યાગ કરીને દિવ્ય હાસ્ય અને અલૌકિક આનંદ પ્રાપ્ત કર્યા હતાં. અને એવા આપણા શિલ્પકલાના આચાર્યો હતા; જેઓ એ દેવતાનું ધ્યાન કરીકરીને જડ પથ્થરમાં આટલો પરમાનંદ કોતરી શકતા!

બુદ્ધ પછી સેંકડો વર્ષો સુધી બૌદ્ધ ધર્મમાં ભગવાનની પોતાની મૂર્તિઓ કરવાની મનાઈ હતી. સાંચીમાં જ્યાંજ્યાં બુદ્ધ વિષે વર્ણન આવે છે ત્યાંત્યાં બોધિવૃક્ષ, પગલાં કે એવું જ કંઈ સૂચન મૂકેલું છે. બુદ્ધ ભગવાનની પ્રથમ મૂર્તિઓ ગાંધારમાં થઇ લાગે છે. કેમકે ત્યાં ગ્રીક થાણું હતું તેથી ત્યાં ગ્રીક સંસ્કૃતિની અસર હતી. અશોક અને પછીના રાજાઓના સમયમાં આર્ય શિલ્પિઓએ પણ એવી અસંખ્ય મૂર્તિઓ બનાવી અને ભારતની ભાવનાઓ તથા આદર્શો એમાં એમણે બહુ કુશળતાથી મૂક્યાં. અશોકના વખતમાં બૌદ્ધ ધર્મનો ફેલાવો પણ ખૂબ થયો! એમના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રા સિલોનમાં બૌદ્ધ ધર્મ પહેલવહેલો લઈ જનાર હતાં. પછી તો ચીન, જાપાન, સુમાત્રા, બ્રહ્મદેશ, ટિબેટ, નેપાળ, ભૂતાન, અફઘાનિસ્તાન, અને ખોતાન પર્યંત ઈ.સ. ૭૦૦-૮૦૦ની સાલ સુધી બૌદ્ધ ધર્મનો ફેલાવો થયે ગયો. એ સૌ સ્થળે જે સાધુઓ જતા તે ચિત્રકારો, મૂર્તિકારો, સલાટો, કોતરણી કરનારા વગેરેને કાં તો જોડે લઈ જતા; અથવા અહીંથી સાથે લઈ જવાય એટલી મૂર્તિઓ ચિત્રો અને બીજું શિલ્પકામ લઈ જતા હશે.

અફઘાનિસ્તાન—પ્રાચીન ગાંધાર (કંદહાર)—માંથી બૌદ્ધ ધર્મની અસંખ્ય ઐતિહાસિક વસ્તુઓ હાથ આવી છે. સર ઑરેલ સ્ટીન તથા ડૅ. લીકોક વગેરેએ ચીનાઈ તુર્કસ્તાન તથા ખોતાનમાંથી પણ એ સમયના પડદા, ચિત્રો, સિક્કા રાચરચીલાં ને મૂર્તિઓ પુષ્કળ પ્રમાણમાં મેળવ્યાં છે.

જાવા સુમાત્રા અને કંબોડિયામાંથી તો જે ઉત્તમ મૂર્તિઓ, દેવળો અને ઐતિહાસિક અવશેષો મળ્યાં છે તેને માટે જુદું પુસ્તક લખવું જોઈએ. ત્યાંની પ્રજ્ઞાપારમિતા (જુઓ ૩૫૭મા અંકમાં ચિત્ર) અને અવલોકિતેશ્વરની અલૌકિક મૂર્તિઓ બોસ્ટન અને બર્લિનનાં સંગ્રહસ્થાનોમાં ગઈ છે.

બૌદ્ધ ધર્મના ઉપદેશકોની માફક આપણા દેશમાંથી સૌ પ્રથમ તો આર્યસંસ્કૃતિનો ફેલાવો કરવા દ્રવિડ દેશમાં પહેલા જનાર અગત્સ્ય મુનિ હતા. એટલેથી સંતોષ નહિ પામતાં એ દક્ષિણમાંથી આગળ દરિયામાર્ગે જાવા-સુમાત્રા તરફ પણ ગયા. એટલે એ સમુદ્ર પી ગયા એમ કહેવાયું. એમની મનુષ્યકદની એક મોટી મૂર્તિ હમણાં જ જડી છે અને એ શિવગુરુના નામથી પ્રસિદ્ધ થઈ છે. (૩૩૬મા અંકમાં એ મૂર્તિ તથા અગત્સ્ય ઋષિનું જીવન આવી ગયાં છે.)

આમ, બૌદ્ધ અને હિંદુ ધર્મ એ સમયે બહુ જ સાત્વિકબળવાળા અને હિંદુસ્તાનની બહાર દૂર દેશો સુધી ફેલાયા હતા. ઇલોરામાં એ બૌદ્ધ તથા શૈવ ધર્મની અને એલિફન્ટામાં શૈવ ધર્મની ગુફાઓ છે. એમાં પહેલાં નક્કર સ્તૂપ હતા. એમાંથી દેવળો થયાં. બંનેમાં શિલ્પ અને ચિત્રો બાંધકામની કળા અને કારીગરી વિપુલ અને અનહદ પ્રમાણમાં જોવામાં આવે છે. એ જમાનો નવાંનવાં સર્જન કરી શકે એવો બુદ્ધિબળમાં અને હૃદયબળમાં મહાન હતો.

ગુજરાત કાઠિયાવાડમાં બુદ્ધસમયનાં સ્મરણોમાં જૂનાગઢમાં અશોકના શિલાલેખ, ભાવનગર પાસે તળાજાની ગુફા અને વડનગરની રેલવે લાઈનને છેડે તારંગા એટલાં છે. સૌરાષ્ટ્રમાં ગોપનું મંદિર પણ ગુપ્ત સમયનું છે. ૭૦૦-૮૦૦માં મહારાજ હર્ષવર્ધને, બૌદ્ધ અને હિંદુધર્મની એકતા કરવાના પ્રયત્ન કરેલા. જે આદર્શો અને ભાવનાઓ બૌદ્ધ ધર્મનાં હતાં તે જ આદર્શો અને ભાવનાઓ મોટે ભાગે બ્રાહ્મણધર્મે પણ અંગીકાર કર્યા હતાં. મૂળ તો વેદ અને ઉપનિષદમાંથી જ એટલે આર્યપ્રજાના જૂના આદર્શોમાંથી જ બુદ્ધે પણ આદર્શો ઘડેલા.

સમાધિસ્થ મહાદેવની મૂર્તિમાં અને ધ્યાની બુદ્ધની મૂર્તિમાં બહુ ફેર નથી. એટલું જ નહિ પણ જૈન તીર્થંકરોની મૂર્તિઓમાં પણ એ જ સમાધિસ્થ દશા જોવામાં આવે છે. જોકે આજે જૂની જૈન મૂર્તિઓ જેમજેમ ખંડિત થતી જાય છે તેમતેમ તેને ઠેકાણે નવી બેસાડવામાં આવતી મૂર્તિઓમાં એ પ્રાચીન સમયની મૂર્તિઓ જેવા ભાવ આવતા નથી. આજકાલના સલાટ લોકો માત્ર શિલ્પવિદ્યાનાં માપ સાચવીને એ મૂર્તિઓ ઘડે છે. પરંતુ જે દેવની એ મૂર્તિ ઘડતા હોય તેમના જીવનત્યાગ કે વિરાગની કોઈ વિશેષ ખૂબી એમાં નથી દેખાતી એનું કારણ એ છે કે માત્ર માપકરણના શાસ્ત્રીય હિસાબોથી મૂર્તિઓમાં સાત્વિકતા કે આધ્યાત્મિકતા લાવી શકાતી નથી. મૂર્તિઓ ઘડનારને માટે દેવતાઓની મૂર્તિઓ ઘડતી વખતે પાળવાના કેટલાક નિયમો એમનાં શાસ્ત્રોમાં છે. એમણે માનસિક ચક્ષુથી એ મૂર્તિનાં યોગ્યદૃષ્ટિએ દર્શન કરવાં જોઇએ,—એટલેકે કલ્પનાશક્તિથી એ મૂર્તિઓ મનમાં વારંવાર પ્રત્યક્ષ કરવી જોઇએ, એણે મૂર્તિ ઘડતી વખતે બ્રહ્મચર્ય પાળવું જોઇએ વ્રત ઉપાસના ને ફળાહાર કરવાં જોઈએ, અને જાગ્રત અવસ્થામાં કે ઊંઘતાં સ્વપ્નામાં એ જ દેવતા પ્રત્યક્ષ દર્શન આપે એવી તલ્લીનતા, મૂર્તિ ઘડાતી હોય એ દરમ્યાન એને રહેવી જોઈએ. શિલ્પશાસ્ત્રમાં શિલ્પીનો અધિકાર બહુ મોટો ગણવામાં આવ્યો છે.

કવિઓ જેવી જ એમની કલ્પનાશક્તિ, અનુકરણશક્તિ, હૃદયક્ષોભ અને સર્જન શક્તિ હોવાં જોઈએ. પરંતુ આપણી પડતીના કાળમાં બધું જેમ બગડ્યું તેમ શિલ્પિઓ પણ અભણ અને જડ થઈ ગયા અને જૂનાં પુસ્તકો કે પરંપરાને માત્ર વળગી રહ્યા તેથી એમની આજકાલની કૃતિઓમાં કેવળ જડતા રહી.

અને છેલ્લે એ અંકમાં મોડા ઊઠનારાઓને અર્પણ કરાએલો એક રસિક હિસાબ જોઈ લઇએ. સવારે છ ને બદલે આઠ વાગ્યે ઊઠવા વચ્ચેનો એ બે કલાકનો તફાવત માણસની ૪૦ વર્ષની કાર્યમય જિંદગી દરમ્યાન એકઠો થઇને ૨૯,૨૦૦ કલાકનો એટલે કે ૩ વર્ષ ૪ માસ અને ૨ દિવસ જેટલો થાય છે. માણસ રોજના આઠ કલાક કામ કરતો હોય તો ઉપલે હિસાબે દસ વરસનાં કામગીરીનાં દનિયાં થયાં. એટલે કે તમે જો રોજ આઠને બદલે છ વાગ્યે ઊઠો તો તમારી જિંદગીમાં દસ વર્ષનો ઉમેરો થાય.

તત્ત્વજ્ઞો, બાળકો અને મૂર્ખાઓ સિવાય આ દુનિયામાં કોઇ જ સુખી નથી.


માણસ પોતાને સાચો મનાવવાને જેટલો આતુર હોય છે, એટલો સાચો બનવાને નથી હોતો.

તમારી જાતને પ્રામાણિક બનાવો અને દુનિયામાંથી એક બદમાશ ઓછો થયાની તમને ખાતરી થશે

ડાહ્યો માણસ પોતાની પત્ની પર, પોતાના અંતરાત્મા પર અને પોતાના પેટ પર વધુ બોજો નાખતો નથી.


પુરાણપ્રતિષ્ઠિત તીર્થસ્થળ ને અગ્રગણ્ય વિદ્યાધામ કુંભકોનમ્

સંસારનાં શહેરો-૭૩




કથા છે કે પોતામાં લોકોએ ધોએલાં પાપનો ભાર ઉતારવાનો કોઈ માર્ગ મેળવવા, એક વખત ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, કૃષ્ણા, કાવેરી, પયોશની અને સરયૂ એ નવે નદીઓએ તપ કરી શંકર ભગવાનને રીઝવી એમની સલાહ પૂછી. ત્યારે ભગવાને તેમને, જ્યારે ગુરુ સિંહ રાશિમાં આવે ત્યારે અને માઘ માસની પૂર્ણિમાના માઘ નક્ષત્રમાં કુંભકોનમ નામે સ્થળે આવેલા મહામઘમ તળાવમાં એ ભાર વિસર્જન કરવા જણાવ્યું. આમ, એ નવે પવિત્ર નદીઓનો સંગમ જ્યાં થયો હોય અને એમને પણ જે પવિત્ર કરતું હોય ત્યાં જ તીર્થસ્નાન કરી એ નવે નદીનાં સ્નાનનું પુણ્ય લેવાનું માણસ કેમ ચૂકે? આથી, દર બાર વર્ષે જ્યારે ગુરુ સિંહ રાશિમાં આવે તે સિંહસ્થ વર્ષમાં, કુંભકોનમ્ મુકામે 'મહામાઘમ્' નામે મેળો ભરાય છે. જોકે, આમ તો દર વર્ષે અહીં મઘમનો મેળો આપણા માઘમેળાના અરસામાં ભરાય જ છે, પણ આ બાર વર્ષે આવતા મહામઘમ્ જેવડો નહિ. આ વર્ષે એ મહામઘમનો ઉત્સવ ત્યાં ગયા (ફેબ્રુઆરી) માસની પચ્ચીસમી તારીખે, મહા સુદ ૧૪ના રોજ આપણા માઘમેળાની પૂર્ણાહુતિને દિવસે ભરાઈ ગયો. દસ દિવસનો આ ઉત્સવ હોય છે જેમાં ૨૫મી તારીખ એ દસમો દિવસ હતો. આ પ્રસંગે દૂરદૂરનાં ભારતવાસીઓ ત્યાં તીર્થસ્નાનાર્થે આવે છે. આ વર્ષે પણ ત્યાં દસેક લાખ માણસો સ્નાનાર્થે આવ્યાં હતાં એ પરથી એ મેળાના વિરાટ કદનો ખયાલ આવી શકશે.

કુંભકોનમ્ દક્ષિણ ભારતનાં શ્રેષ્ઠ તીર્થોમાંનું એક છે. બાસઠેક હજારની વસતિવાળું આ શહેર મદ્રાસથી ૧૯૪ માઇલ દૂર કાવેરી નદીને કાંઠે (ઉત્તર અક્ષાંશ ૧૦°-૫૮' ને પૂર્વ રેખાંશ ૭૯°-૨૨ ૫૨) આવેલું છે. ઘણું જ જૂનું તીર્થસ્થાન હોઇ અહીં ધર્મશાળાઓ પણ પુષ્કળ છે ને મંદિરો તો એટલાં કે એને મંદિરોનું જ શહેર કહીએ તો યે ખોટું નહિ. વળી એની આસપાસ દસેક માઈલમાં બીજાં પણ અઢાર તીર્થો હોઈ એનું માહાત્મ્ય પણ ઘણું છે. આનું કારણ એમ કહેવાય છે કે પ્રલય કરવા પહેલાં પ્રલયંકર શિવે પૃથ્વીનું અમૃત સંગ્રહી લીધેલો એક કુંભ બ્રહ્માને સોંપતાં જણાવ્યું કે પ્રલય પછી આ કુંભ પૃથ્વી પર પર્યટને નીકળશે. અને એક પવિત્ર સ્થળે વિરમશે. પૃથ્વી પર તેનાથી પવિત્ર ધામ બીજું નહિ થાય. પ્રલય પૂરો થયો; બ્રહ્માએ પૃથ્વી ઠીકઠાક કરી લીધી; પેલો અમૃત-કુંભ પર્યટને નીકળ્યો ને ફરતો ફરતો આ સ્થળે આવી સ્થિર થયો. શિવે કિરાતનું રૂપ લઈ, બાણ મારી કુંભને અહીં છેદ્યો. અંદરનું ઢળી ગએલું અમૃત અહીંના મહામઘ તળાવમાં પડ્યું અને તેના જે છાંટા ઊડ્યા તેમાંથી અહીં અસંખ્ય તીર્થો ઊપજ્યાં અને પેલા ઘડાના કાચલામાંથી એક શિવલિંગની સ્થાપના થઇ. શિવનાં બાર જ્યોતિર્લિંગોમાંનું એક અહીં છે જે કુંભેશ્વરને નામે ઓળખાય છે. આવા વિશિષ્ટ અને વિપુલ તીર્થ-માહાત્મ્યને કારણે દક્ષિણ ભારતના કાશી સમા ગણાતા આ ક્ષેત્રના ઇતિહાસમાં ચોળ વંશના રાજાઓનો અમલ ઉજ્જ્વલ છે. સાતમી સદીના એ પ્રતાપી વંશની રાજધાની 'મલૈકુરૈમ' તે જ આ કુંભકોનમ એમ પણ ઘણા માને છે. વિદ્વત્તા પણ એની સર્વોચ્ચ કક્ષાએ ખીલી છે. પૂર્વમીમાંસાના ટીકાકાર અને પ્રભાકર મતના પ્રવર્તક ભટ્ટ પ્રભાકર આઠમી સદીમાં અહીં જ થઈ ગયા.



કુંભકોનમનું સુપ્રસિદ્ધ મહામઘમ તળાવ. માઘમેળા નિમિત્તે દેશભરમાંથી લોકો અહીં તીર્થસ્નાનાર્થે એકઠા થાય છે.



રામસ્વામીના મંદિરના સ્તંભો પરની રામ અને સીતાની બે સુંદર પણ જૂનાં દાગીનાંઓથી ઢંકેલી મૂર્તિઓ

પાછળથી તંજાવર-તાંજોર રાજધાની બન્યા પછી યે આ તીર્થધામ રાજ્યાશ્રય તો પામ્યા જ કર્યું. પ્રતાપસિંહ રાજાના વખતમાં આદ્ય શંકરાચાર્યની એક ગાદી અહીં પણ સ્થપાઈ છે, જે કાંચી-કામકોટી પીઠને નામે ઓળખાય છે. અહીંના બ્રાહ્મણો અસલથી જ બહુશ્રુત ગણાય છે. ગોવિંદ દીક્ષાધરની ૩૦૦ વર્ષ જૂની પાઠશાળામાં હજી આજે યે વેદાધ્યયન ચાલે છે. મહામહોપાધ્યાય આર. બી. કૃષ્ણાચાર્ય, એમ. બી. રામાનુજાચાર્ય, સ્વામીનાથ અય્યર અને એમ. રંગાચારીઆર જેવા સંસ્કૃતના પ્રખર વિદ્વાનો અહીંની ભૂમિ પર જ થઈ ગયા છે. એથી સંસ્કૃત વિદ્યાધામની દૃષ્ટિએ પણ આ દક્ષિણ ભારતનું કાશી ગણાય એ યોગ્ય જ છે.

ઈ. ૧૬૬૬માં ઔરંગઝેબ અહીં ત્રાટક્યો અને એ સફળ પણ થયો. પણ મુસલમાનો અહીં બહુ ટકી ન શક્યા. એ પછી મરાઠાઓનું ચક્ર અહીં ઊતર્યું ને તે પછી અંગ્રેજોનું. અને અંગ્રેજોની સાથે એમનું નૂતન શિક્ષણ પણ ખરું જ, અને પરિણામે અહીં શરૂ થએલી હાઈસ્કૂલ તથા કૉલેજ પણ પોતાના શિક્ષણ માટે એટલી પ્રખ્યાત થઈ કે તેણે વિદ્યાધામ તરીકેની આ શહેરની કીર્તિને સવિશેષ ઊજળી કરી બતાવી. પીઢ અને પૂજ્ય ભારતીય રાજપુરુષ શ્રીનિવાસ શાસ્ત્રી, જગત્પ્રખ્યાત ગણિતશાસ્ત્રી સીનીઅર રેંગ્લર રામાનુજમ, વિચક્ષણ મુત્સદ્દી ને વિદ્વાન સર સી. પી. રામસ્વામી અય્યર, સમર્થ પત્રકાર ('હિંદુ'ના તંત્રી) રંગસ્વામી આયંગર, અને ભારતભરનાં દેશી રાજ્યોમાં દીવાનપદાંનો ડંકો વગાડનારા દીવાનો સર ટી. માધવરાવ, સર શેષય્યાશાસ્ત્રી તથા દી. બ. રઘુનાથરાવ, મદ્રાસ ઇલાકાના પ્રથમ હિંદી હાઇકોર્ટ જજ વી. કૃષ્ણસ્વામી અય્યર, હિંદુ મહાસભાના આગેવાન દી. બ. રામસ્વામી શાસ્ત્રી અને જૂના વિનીત પક્ષના નેતા ટી. આર. વેંકટરાવ શાસ્ત્રી જેવી વ્યક્તિવિશેષો અહીંનો જ ફાલ છે. આથી કુંભકોનમ્ જેમ વેદાધ્યયનમાં દક્ષિણ ભારતનું કાશી તેમ અંગ્રેજી શિક્ષણમાં દક્ષિણ ભારતનું કેમ્બ્રિજ છે.

આટલું જ નહિ, પ્રખ્યાત ગવૈયા પુરમ્ વિશ્વનાથ અય્યર અને શેમાં ગુડી શ્રીનિવાસ અય્યર, જાણીતા વાયોલિનિસ્ટ રાજમાણિક્ય પિલૈ, સ્વ. નારાયણસ્વામી અય્યર, બસીવાદક સંજીવરાય અને નાગરાજરાવ તથા મૃદંગવાદક રંગુ આયંગર તથા કોદંડરાવ અય્યર વગેરે પણ અહીંના જ છે. આમ ધર્મક્ષેત્રે તેમ સંસ્કારક્ષેત્રે પણ કુંભકોનમ્‌ની કીર્તિપતાકા ઉચ્ચ છે. ભાવિકોને માટે જેમ અહીં પુષ્કળ મંદિરો છે તેમ વિદ્યાવ્યાસંગીઓને માટે પુસ્તકાલયો પણ પુષ્કળ છે. શંકરાચાર્યના મઠમાં તો ઘણું કીમતી હસ્તલિખિત પ્રાચીન સંસ્કૃત સાહિત્ય છે.

રેશમનું હાથવણાટ, તાંબા-પિત્તળ, કલાઈ અને ચાંદીનાં સૂક્ષ્મ કારીગરીવાળાં વાસણો, ખાંડ, ગળી અને ચીનાઇ માટીકામ એ અહીંના મુખ્ય ઉદ્યોગો છે. ચોખા, નાળિયેર, કેળાં અને પાન એ અહીંની મુખ્ય પેદાશ. રેલમાર્ગે આ બધાંની નિકાસ થાય છે. આસપાસનાં ગામોમાંથી પણ તેલીબિયાં, મગફળી, ચોખા વગેરે વેચાવા અને નિકાસ થવા અહીં આવે છે. આથી કુંભકોનમ્ વેપારમાં પણ અગ્રણી છે અને અહીંનું બજાર પણ મોટું ગણાય છે. દરિયાની સપાટીથી ૮૫ ફીટ પર આવેલું આ શહેર આજુબાજુના ફળદ્રુપ પ્રદેશ, અને મોટા કુશાદે રસ્તાઓવાળું કોઈ રળિયામણું નગર લાગે છે. ચોલ દેશનું મુખ્ય કેન્દ્ર તંજાવર-તાંજોર હોવા છતાં તેનો પ્રાણ તો કુંભકોનમ્ જ ગણાય છે. અહીં થોડાં ગુજરાતી કુટુંબો પણ વસ્યાં છે અને તે હીરા, હિંગ તથા કાપડનો વેપાર કરે છે.

અહીંનાં મંદિરોમાં સૌથી મોટું મંદિર કુંભેશ્વરનું છે, અને તેના ગોપુરમ્‌માં કંડારેલું 'સમુદ્રમંથન'નું શિલ્પ આકર્ષક છે. પણ જેમાં કુંભકોનમ્‌નું રમણીયતમ શિલ્પ સંઘરાયું છે એ તો છે રામસ્વામીનું મંદિર. એને સીધો રાજ્યાશ્રય મળેલો. સોળમી સદીમાં તાંજોરના રાજા રઘુનાથ નાયકને અહીંથી બે માઈલ દૂર આવેલા દારાસુરમ તળાવમાંથી રામસીતાની મૂર્તિઓ મળી આવી. રાજાએ એની અહીં પ્રતિષ્ઠા કરી આ મંદિર બંધાવ્યું. આપણા વિખ્યાત કવિ શ્રી સુંદરમ્ પોતાના 'દક્ષિણાયન'માં આ મંદિર વિષે લખે છે કે, 'અહીં બેલૂરની અપ્રતિમ કોમળતા નથી કે નથી અહીં મદુરાની ઉગ્ર ભવ્યતા. અહીં તો છે કેવળ નમણી રમણીયતા જ. બાર-પંદર ફૂટ ઊંચા કાળા પથ્થરના અહીંના બત્રીસેક થાંભલાઓ ઉપર, અનેક કથા-પ્રસંગો તથા સ્ત્રીપુરુષની સુરેખ આહ્લાદક પ્રતિમાઓ કોતરેલી છે. એ-

માં કૃષ્ણલીલાનાં કેટલાંક મધુર દૃશ્યો, ગોપિકાઓ, સૈનિકો અને રામ સીતા લક્ષ્મણ હનુમાન સુગ્રીવ તારા આદિની પ્રતિમાઓ છે. શિલ્પીએ પુરુષનો દેહ સપ્રમાણતા જાળવી ઘટતી રમ્યતા સાથે ભિન્નભિન્ન અવસ્થામાં આલેખ્યો છે. દેવના ગર્ભદ્વાર પાસે મૂકેલી અહીંની સ્ત્રીપ્રતિમાઓની રમણીયતા તો મદુરામાં પણ નથી. વીણાધારિણી અને ચામરધારિણી બંને પ્રતિમાઓ અતિ મનોહર છે. તેમનાં કંઠ-કર્ણાભૂષણો, કરકંકણો કટિમેખલા ને છેવટે સાડીની કિનારો બધું જ ખૂબ સુભગતાથી ઉપજાવેલું છે. આ નાના પણ મોકળા મંડપની પ્રસન્નતા મનમાં કાયમની વસી જાય તેવી છે'. વળી મંદિરમાં દીવાલો પર આખું રામાયણ ચીતરેલું છે એ પણ જોવાલાયક છે.

આ ઉપરાંત, અહીં શિવ-આજ્ઞાથી આદિ શેષનાગ જ્યાં શિવપૂજા કરતા હતા એ નાગેશ્વરનું મંદિર પણ વિશિષ્ટ છે. એને વિષે કથા છે કે ગર્વિષ્ઠ બની ગએલા સૂર્યના ગર્વનું ચક્રપાણિ વિષ્ણુએ ભંજન કરતાં વિનત થએલો સૂર્ય અહીં શિવલિંગની પાછળ આવી લપાયો હતો. મંદિરમાં તેની એક મૂર્તિ પણ છે. આ મંદિરની રચના એવી ખૂબીભરી છે કે દર ચૈત્ર માસમાં ત્રણ દિવસ આ મંદિરના ગોપુરમમાં થઇને સૂર્યનાં કિરણો છેક ૩૦૦ ફૂટ ઊંડે આવેલા તેના ગર્ભાગારમાં સીધાં શિવલિંગના બરાબર લલાટ પર જઇને પડે છે. આડે દિવસે તો દીવાઓના તેજમાં આંખ ખેંચીને જોયા વિના તો શિવલિંગ દેખાવું મુશ્કેલ છે, પણ સૂર્યકિરણો જ્યારે અહીં આવે છે ત્યારે શંકર તેજના પુંજ જેવા બની જાય છે. અને આજુબાજુ પણ કાચ જડેલા હોઇ આખું ગર્ભાગાર તેજતેજનો અંબાર બની રહે છે. કહે છે કે શિવની પાછળ ભરાઇ બેઠેલો સૂર્ય આ રીતે દેવનાં ભરાઇને દર્શન કરે છે.

વૈષ્ણવ મંદિરોમાં સારંગપાણિનું મંદિર મુખ્ય છે. મંદિરની બાજુમાં પોત્તામરઈ (તામીળમાં પોત એટલે સોનું અને તામરઈ એટલે કમળ, સુવર્ણનું કમળ) નામે તળાવમાં સુવર્ણાંમ્બુજ પર ઊભાં રહી હેમ ઋષિની પુત્રી કોમવલ્લીના સ્વરૂપે લક્ષ્મીએ અહીં વિષ્ણુને પ્રસન્ન કરેલા અને વિષ્ણુએ સારંગપાણિ સ્વરૂપે એની સાથે લગ્ન કર્યાં હોવાનું મનાય છે. અહીં શેષશય્યા પર પોઢેલી વિષ્ણુની વિશાળ શ્યામમૂર્તિ છે. આ મંદિરનું ખીચોખીચ શિલ્પવિધાન વાળું ગોપુરમ્ બાર માળનું ને ૧૪૭ ફૂટ ઊંચું છે, જે આખા દક્ષિણ ભારતમાં સૌથી ઊંચુ ગોપુર ગણાય છે. આ મંદિરનો લાકડાની સુંદર કારીગરીવાળો રથ પણ દ. ભારતના ત્રણ મોટા રથોમાંનો એક ગણાય છે. બીજાં અનેક નાનાં મોટાં શૈવ અને વૈષ્ણવ મંદિરો અહીં છે તે ઉપરાંત અહીં એક બ્રહ્માનું મંદિર પણ છે. એના સિવાય દક્ષિણ ભારતમાં બીજે કયાં યે બ્રહ્માનું મંદિર નથી.

કુંભકોનમનાં મંદિરોની એક લાક્ષણિકતા ખાસ ધ્યાન ખેંચે છે. અહીંના દરેક મંદિરના મુખ્ય કોટ ઉપર, મંદિરના અધિષ્ઠાતા દેવનું વાહન અલંકરણ રૂપે હારબંધ પ્રતિમાઓમાં ગોઠવાયું છે, જેમકે શિવમંદિરના કોટ ઉપર થોડેથોડે અંતરે નંદિઓ, વિષ્ણુમંદિરમાં ગરુડો અને રામમંદિરમાં હનુમાનો છે. માત્ર વાહન તરીકેની પૂજ્યતા ઉપરાંત સુંદર અલંકરણની શકયતા પણ તેમાં કેટલી બધી ભરી છે એ અહીં જોવા મળે છે.

પરંતુ કુંભકોનમની ખરી મહત્તા તો તેના મહામાઘ તળાવમાં છે. ચોમેર પાકા બાંધેલા ઘાટવાળા, વીસેક એકરના વિસ્તારના આ તળાવને કાંઠે જ મહામઘમનો મેળો ભરાય છે અને બ્રહ્મા વિષ્ણુ તથા મહેશ ત્રણે દેવ તે વેળા અહીં હાજર રહે છે એમ શ્રદ્ધાળુઓ માને છે. અને, તે વખતે આવેલા યાત્રીઓનાં ધોવાતાં પાપને ઉપાડવામાં મદદ કરવા, અથવા આપણે આગળ જોયું તેમ પોતામાં ધોવાઇને એકઠો થએલો લોકોનો પાપભાર વહેવડાવી પવિત્ર થવા ભારતની નવે પવિત્ર નદીઓ પણ આ તળાવમાં આવે છે, એમ મનાય છે. એની બાજુના જ કાશીવિશ્વનાથના મંદિરમાં આ નવે નદીઓની મૂર્તિઓ છે. તળાવને કિનારે આવેલી સોળ નાની દેરીઓ પણ તળાવના આકર્ષણમાં ઉમેરો કરે છે.

અને પ્રાચીન-અર્વાચીન બંને દૃષ્ટિએ ક્ષેત્ર-મહત્ત્વ ધરાવતું દક્ષિણ ભારતનું આ તીર્થ ફ્રેંચ મિશનના રોમન કૅથોલિક બિશપનુંપણ મુખ્ય મથક છે.

નેમીકુમાર અ. શેઠ

જીદમાં જડતા છે, જતું કરવામાં મહત્તા.
દીપ-જ્યોતિ ઝંખનાર દિલને કોડિયું બનાવવું જ રહ્યું.
મહત્તા તો નમ્રતામાં છે—લઘુતામાં યે નહિ, ગુરુતામાં યે નહિ.
પારકાંને પોતીકાં કરવાની ચાવી ત્રણ: સ્મિત, સહનશીલતા, સ્નેહ.
સત્તા અને મત્તા ચાર દિનની ચાંદની છે, સેવા અને માનવતા માંગલ્યની ધ્રુવતારલી!
સર્જનનો આનંદ માણવો હોય, તો પ્રસવની પીડા સહેવી જ રહી.
સાચું સુખ નથી અહંતામાં, નથી મમતામાં: એ તો છે સમતામાં.
નાસ્તિકને મન ઈશ્વર શૂન્ય છે, આસ્તિકને મન પૂર્ણવિરામ!
અહિંસા વીરની, સહનશીલતા સમર્થની!

નાથાલાલ દત્તાણી

અનુસંધાન] **હોળી તો ઘરાંઘરાં** [પૃષ્ઠ ૯૯થી

તો લઈ જાઉં. એટલે હું, દૂધવાળો એનાં ડબલાં સાથે, વૈરાગી ગાડીવાળો અને ગાડી ખેંચતો રોઝીનાન્ત.* ગાડી ચાલી.

અરે, પણ આ જયપુર? શાણું, ડાહ્યુલું, શાંત જયપુર આજે જુદું હતું. લોકોનાં ટોળાં, ખુલ્લા ખટારામાં હોરી ખેલતા નાના કૃષ્ણો ને રાધિકાઓ, પાણી ભરેલાં પીપથી ભરેલાં ગાડાં, ઘેરૈયા અને 'હુરિયો'! રંગ, કાદવ અને ડામર! કોઈ કિસી કી સુન નહિ પાવે, અપની ધૂન મચાવે રી...આવે દહાડે શોભીતાં કપડાં પહેરી ખુલ્લી ગાડીમાં નીકળેલો બીજો બુધ્ધુ આ લોકોને ફરી ક્યારે મળવાનો હતો? રંગાઇ ગયા!

ગાલે ડામર વળગ્યો છે. ખૂબ ધોયો. નથી જતો. સારું થયું. મોટું અભિમાન હતું ને કે રંગાયા વિના જોઈ શકું છું! ઊતર્યું.

ઘેર આવ્યા. મન ઉત્કંઠિત હતું ટપાલ વાંચવા. સામાન મૂકયો બાજુએ, ને કૂંચી શોધવા ભીના પેન્ટના ખિસ્સામાં હાથ નાખ્યો. ચા...લો, પત્યું. કૂંચી ખોવાઇ ગએલી!

શું થાય? આજે ધુળેટીને દિવસે તાળું તોડવા ય કોણ આવે? પડોશીને ઘેર મોં ધોયું. પાતળો સળિયો બારણાની તડમાં ખોસી અંદર પડેલી ટપાલ બહાર કાઢવા પ્રયત્ન કર્યો—પણ નિષ્ફળ.

અને હવે આ લખું છું ખૂબ થાક્યો છું. ત્રણ વાગી ગયા છે. તોફાન શમી ગયું છે. રસ્તા નિર્જન છે. તડકો તપે છે. જયપુરનો શિયાળો પૂરો થયો ને ઉનાળો શરૂ થયો. હમણાં જ ગોવિંદરામજીએ પૂછ્યું 'કલ સે બાહર અટારી મેં સુઓગે ન?'

---

* ડૉન ક્વિક્ઝોટના ટટ્ટુનું નામ રોઝીનાન્ત હતું.

આ માસ (માર્ચ) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ગોપાલસ્વામી આયંગર

પોતાની પ્રોજ્જ્વલ પ્રતિભાને મૂક દેશસેવાનું નિરાડંબર સ્વરૂપ આપી તે પ્રત્યે આખરી



શ્વાસ લગી વફાદાર રહેલા ગોપાલસ્વામી આયંગરનો જન્મ મદ્રાસમાં ૧૮૮૨ના માર્ચની ૩૧મીએ થએલો. પ્રખ્યાત 'હિંદુ' પત્રના સ્થાપક કસ્તૂરીરંગ આયંગર એ એમના ભાઈ, અને તેના હાલના તંત્રી શ્રીનિવાસ આયંગર એ એમના ભત્રીજા. વિદ્યાર્થી તરીકે તેમની કારકિર્દી ખૂબ ઉજ્જ્વળ હોઈ ઉપાધિ મેળવ્યા બાદ તરત મદ્રાસની પચૈયપ્પા કૉલેજમાં પ્રાધ્યાપકપદ તેમને મળેલું. એ શિક્ષણક્ષેત્રને વળગી રહ્યા હોત તો તે ક્ષેત્રમાં જરૂર પોતાનું નામ કાઢત. પણ એમની આકાંક્ષા જુદી જ હતી. વરસ–દોઢ વરસ પ્રાધ્યાપકપદે રહ્યા બાદ તેમણે ઈન્ડિયન સિવિલ સર્વિસની પરીક્ષા પસાર કરી અને મદ્રાસ સરકારનાં જુદાંજુદાં ખાતાંઓમાં સેવા આપી, જેમાં મદ્રાસમાં પંચાયતની યોજના ખાસ ઉલ્લેખનીય છે. ત્યાંથી નિવૃત્ત થયા બાદ ઈ. ૧૯૩૭ થી '૪૫ સુધી કાશ્મીરનું દીવાનપદ તેમણે સંભાળ્યું, જ્યાંથી એમની પ્રતિભાનો વ્યાપક પરિચય દેશને મળ્યો. કાશ્મીરના દીવાનપદેથી શ્રી આયંગરે મેળવેલો આ અનુભવ સ્વતંત્ર ભારતને ખૂબ કામ લાગ્યો. સ્વતંત્રતા મેળવ્યા પછી તરત જ કાશ્મીર આક્રમણનો ભોગ બન્યું અને એ પ્રશ્ન સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિમાં પેશ થયો ત્યારથી જ જે રાજનૈતિક દ્વન્દ્વ શરૂ થયું તેમાં હિંદ તરફથી સઘળી જવાબદારી શ્રી નેહરુએ શ્રી આયંગર ઉપર જ નાખેલી. કાશ્મીર માટે કમિશન નિમાયું, સર ઓવન ડિક્સન, ડૉ. ફ્રૅન્ક ગ્રેહામ આદિની રાષ્ટ્રસંઘ તરફથી નિમણૂક થઈ, તે શ્રી આયંગરે જ હિંદના હાથ ધરેલા કેસને આભારી હતું. હિંદના કાશ્મીર પરના ન્યાયી દાવાની દુનિયા સમક્ષ સચોટ પ્રતીતિ કરાવનાર આ પ્રતિભાશાળી દેશસેવક માત્ર કાશ્મીર-પ્રશ્નના જ નિષ્ણાત હતા એવું નહોતું. શાસનનાં જુદાંજુદાં અંગોની સૂક્ષ્મ માહિતી તેઓ ધરાવતા અને પોતે એક કુશળ યોજક પણ હતા. રિયાસતી ખાતાના પ્રધાનપદે રહીને સરદાર પટેલનું અધૂરું કાર્ય એમણે પરિશ્રમપૂર્વક પૂરું કર્યું. અથાગ પરિશ્રમની થકાવટને લીધે શ્રી આયંગર ફરી પ્રધાનમંડળમાં રહેવા તૈયાર નહોતા. પરંતુ અવિકસિત રાષ્ટ્રને એથી ખોટ જ પડે, એટલે પં. નેહરુએ એમને પાછા પ્રધાનમંડળમાં જોડ્યા ને અગાઉની વાહનવ્યવહારખાતાની જવાબદારી કરતાં મોટી સંરક્ષણખાતાની જવાબદારી એમના શિર પર નાખી. વાહનવ્યવહારખાતાના પ્રધાનપદે રહીને તેમણે રેલવેના પુનર્વિભાગીકરણ દ્વારા પ્રગતિની નવી જ દિશા ખોલી આપી, અને સૈન્યના ત્રણે વિભાગોની પુનર્ઘટના કરી તેની પણ કાર્યક્ષમતા વધારી.

જોકે પહેલાં તો તેઓ બ્રિટિશ રાજ્યને પક્ષે વિશેષ હતા; પરંતુ દેશ સ્વતંત્ર થયા બાદ દેશસેવાને જ પોતાની પ્રતિભા માટે સાચા ને યોગ્ય ક્ષેત્ર તરીકે તેમણે પ્રમાણી. એમણે કદી જાહેર સભાઓ ગજાવી ન હતી. શાંત ને મૂગા રહી પોતાનું કાર્ય કર્યે જવામાં એ માનતા. પોતાના વક્તવ્યને કોઈ પણ જાતના બાહ્ય ઉશ્કેરાટ કે આડંબર વિના પ્રામાણિક અને તર્કશુદ્ધ રાખવાનો પ્રયત્ન માત્ર તેઓ કરતા. ૧૯૫૩ના ફેબ્રુઆરીની ૧૦મી તારીખે મદ્રાસ મુકામે તેમનું અવસાન થયું; ને દેશને સેવાની એકનિષ્ઠતાના ઉદાહરણરૂપ એક સેવકની ખોટ પડી.

દિનવિશેષ

તા. ૨ રાષ્ટ્રીય ભાવનાપ્રેર્યાં કવયિત્રી 'ભારતકોકિલા' સરોજિની નાયડુનું અવસાન, ૧૯૪૯.
તા. ૪ વીજળીથી ચાલતી ટ્રામગાડીઓ જગતમાં સૌપહેલી વાર દોડતી થઇ, ૧૮૮૨.
તા. ૬ ઇટાલિયન કલાકાર, શિલ્પી, સ્થપતિ અને કવિ માઈકલ ઍન્જેલોનો જન્મ, ૧૪૭૫
તા. ૮ નૉર્વેજિયન સાહસ-સફરી આમુંડસેન નૌકામાર્ગે દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યો, ૧૯૧૧.
તા. ૯ મહાત્મા ગાંધીજીએ પોતાની અસહકારની યોજના જગત સમક્ષ જાહેર કરી, ૧૯૨૦.
તા. ૧૧ દુનિયાનું સૌપહેલું અંગ્રેજી દૈનિક સમાચારપત્ર 'ડેઇલી કરન્ટ' પ્રસિદ્ધ થયું, ૧૭૦૨.
તા. ૧૨ ચીનના રાષ્ટ્રપિતા ને લોકસેવક ડૉ. સુન-યાત-સેનનું પેકિંગ મુકામે નિધન, ૧૯૨૫.
તા. ૧૪ સુરત, ઘોઘા અને ખંભાતમાં વેપારની કોઠીઓ નાખવાની અંગ્રેજોને છૂટ મળી, ૧૬૧૨.
તા. ૨૦ સુપ્રસિદ્ધ મહાન વિજ્ઞાની સર આઈઝૅક ન્યૂટનનું કેન્સિંગ્ટન મુકામે અવસાન, ૧૭૨૮.
તા. ૨૧ અંગ્રેજોએ બૅંગ્લોર શહેરનો ટિપુ સુલતાન પાસેથી કબજો મેળવી લીધો, ૧૭૯૧.
તા. ૨૩ લાહોરના કાવતરા-કેસ અંગે ભગતસિંહ તથા અન્ય શહીદોને ફાંસી અપાઇ, ૧૯૩૧.
તા. ૨૮ હિંદમાં બાળલગ્ન ઉપર પ્રતિબંધ મૂકતો ઐતિહાસિક ધારો અમલમાં મુકાયો, ૧૯૩૦.
તા. ૩૦ ઇંગ્લૅંડ અને હિંદ વચ્ચે પહેલી વાર વિમાની વ્યવહાર શરૂ કરવામાં આવ્યો, ૧૯૨૯.

પ્રસંગવિશેષ : રશિયામાં લોકક્રાન્તિનાં મંડાણ · ૮મી માર્ચ ૧૯૧૭

રશિયન લોકજાગૃતિની નિશાનીરૂપ ઈ. સ. ૧૯૦૫ની ક્રાંતિ ઝારે પાશવતાથી દાબી દીધેલી અને બે-લગામ આપખુદીની પોતાની કારકિર્દી, પછીના સમયમાં પણ ચાલુ રાખેલી. દરમ્યાનનાં અંધકારમય વરસોનો ઉપયોગ ચળવળને કારણે દેશવટો ભોગવતાં ગણ્યાંગાંઠ્યાં માણસોની આગેવાની લઇને તેમને ભાવી કાર્ય માટેની તાલીમ આપવામાં લેનિને કર્યો. બીજી બાજુ રશિયાની વાસ્તવિક પરિસ્થિતિ તો અત્યંત વિષમ અને અસંતોષકારક રીતે વણસતી જતી હતી. પહેલા વિશ્વયુદ્ધ તેમજ અન્ય યુદ્ધોમાંથી જન્મેલી ખુવારીઓ અને યાતનાઓને પરિણામે મજૂરો અને ખેડૂતવર્ગમાં એટલો તો અસંતોષ વ્યાપેલો હતો કે તે પરિસ્થિતિ વધુ વખત જીરવી શકે તેમ ન હતું. રશિયાનો આપખુદ શાસક નિકોલસ ઝાર અને તેની પત્ની ઝારીના બંને બેવકૂફીપણે ગ્રેગરી રાસપુટીન નામના એક ધૃણાજનક દુરાચારી બદમાશના સાયામાં આવીને રાજકાજમાં પણ તેની જ અનિષ્ટ સલાહો પ્રમાણે ચાલતાં. એ રાસપુટીનનું ઈ. ૧૯૧૬ના અંતમાં ઝારના કુટુંબના કોઈ માણસે ખૂન કરતાં ઝારે અસંતોષથી સળગી ઊઠેલી પ્રજા પર છૂપી પોલીસ દ્વારા ભારે દમન ચલાવ્યું. કટોકટી ઉગ્રતાની પરાકાષ્ઠાએ પહોંચી હતી. ત્યાં વળી પેટ્રોગ્રાડમાં અનાજનો ભયંકર દુકાળ પડતાં અનાજ માટે હુલ્લડો થવા લાગ્યાં. આ બધાં સળગતાં કારણોના પરિણામરૂપે, કોઈ પણ પ્રકારની દેખીતી યોજના કે આગેવાનોની દોરવણી વિના ઈ. ૧૯૧૭ની ૮મી માર્ચે સમાજના છેક નીચેના થર–મજૂરવર્ગના લાંબા કાળની મનોવેદનામાંથી અણધારી અને આપમેળે ક્રાન્તિની જ્વાળા પ્રગટી. પછી તો લોકોને દાબી દેવા બહાર પડેલી 'કૉઝેક' સૈનિકોની તથા બીજી ઘણી સૈન્યપલટણો જ લોકો સાથે ભળી ગઈ, અને આખા યે જગતના ઇતિહાસમાં અપૂર્વ એવી આ 'લોકો'ની ક્રાન્તિની જ્વાળાઓ ઈ. સ. ૧૯૨૧માં આપખુદ ઝારશાહીની ઇમારતને નિઃશેષ ભસ્મીભૂત કરીને જ શમી.

ટિકિટસંગ્રહ

આજનો એ સંસારવ્યાપી શોખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ

Bom–Topex: બૉમ-ટૉપેક્સ


ટિકિટસંગ્રહને હાલ દુનિયાના લગભગ બધા જ દેશોમાં ઘણી જ લોકચાહના મળી છે. આજે જ્યારે દુનિયાના બધા દેશોની મળીને ટિકિટોની જાતો કુલ દોઢ લાખથી પણ વધુ સંખ્યાએ પહોંચી છે અને રોજબરોજ તે સંખ્યામાં વધારો થતો જાય છે, ત્યારે તે બધી જ એકઠી કરવાનો મોહ રાખવો અને તેમાં સફળ થવું એ લગભગ અશક્ય વાત છે. આથી છેલ્લાં કેટલાંક વર્ષોથી, કોઈ એકાદ ચોક્કસ દેશ, કે દેશોના સમૂહ, કે કોઈ ચોક્કસ પ્રવૃત્તિ, કે વિષયની ટિકિટોનો સંગ્રહ કરવાનું વધુ લોકપ્રિય બન્યું છે. એને 'thematic' કે 'topical' સંગ્રહ કહે છે. એમાં અમુક એકાદ ચોક્કસ વિષયની ટિકિટોનો સંગ્રહ કરવાનું વધુ સુગમ પડે છે, કારણ કે તેનો ખર્ચ લગભગ બધાને પરવડી શકે તેવો હોય છે અને મુખ્ય વાત તો એ કે 'પોતાનો સંગ્રહ હજુ ઘણો જ અપૂર્ણ છે' એવો સંગ્રાહકનો અસંતોષ પણ ઘણો ઓછો થઈ જાય છે અને સંગ્રાહક પોતાના વિષયની ટિકિટો સારા પ્રમાણમાં મેળવી તેની પાછળ સારો સમય ગાળીને તેને વ્યવસ્થિત અને અદ્યતન બનાવી શકે છે, તેમજ તેનો પૂરતો અભ્યાસ પણ કરી શકે છે. આવા 'થીમેટિક' કે 'ટૉપિકલ' સંગ્રહોનું એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન ગયા (ફેબ્રુઆરી) માસની ૨૦થી ૨૪મી તારીખોમાં ભરાયું હતું. દરમિયાન મુંબાઇમાં જેને Bom-Topex (Bombay Topical Exhibitionનું ટૂંકું રૂપ) નામ અપાએલું.

પ્રદર્શન માટે જુદાજુદા પંદર વિષયો (Themes) નક્કી કરવામાં આવ્યા હતા અને તેમાંથી ગમે તે ત્રણ વિષયમાં, દરેક વિષયનાં, આલ્બમ સાઈઝનાં ૨૪ પાનાં મોકલવાની છૂટ હતી. વિષયોમાં વાયુયાન, પ્રાણીઓ, ચિત્રકારો અને ચિત્રો, ફૂલો, ફળો, સરોવરો અને નિસર્ગદૃશ્યો, રેલવેઓ, વહાણો, સંગીત, વૈદક અને શુશ્રૂષા (નર્સિંગ), પંખીઓ, રમતગમતો, બાળકલ્યાણ, સ્થાપત્ય અને માછલીઓ, એટલા હતા. દુનિય ના જુદાજુદા દેશોમાંથી લગભગ ૬૦ જેટલા સંગ્રહો આવ્યા હતા, જેમાંના ૩૫ એકલા અમેરિકામાંથી અને ૧૨ તો હિંદમાંથી હતા.

પ્રદર્શનને કુલ ૧૨ વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. પહેલો વિભાગ પ્રાણીઓનો હતો, જેમાં રજૂ થએલા પાંચ સંગ્રહોમાંની ટિકિટો પર ધરતીના પડ પર હસ્તી ધરાવતા એકેએક પ્રાણીનું આલેખન હતું! એમાં પણ યુગોસ્લાવિયા, એન્ગોલા, હંગેરી, ઈજીપ્ત, સાઉથ આફ્રિકા અને આફ્રિકાની ફ્રેન્ચ વસાહતોની ટિકિટો ખરેખર ખૂબ આકર્ષક હતી. ડેવન



બૉમ ટૉપેક્સના કેટલાક વિભાગો દર્શાવતી ટિકિટો: ઉપર ડાબી બાજુથી પહેલી હારમાં સંગીત-નિસર્ગદૃશ્યો ને ઇન્જેક્શન તૈયાર કરતા ડૉક્ટરના આલેખન વડે વૈદકનો વિષય દર્શાવતી ટિકિટો. તેની નીચે પંખી અને પ્રાણી. ત્રીજી હારમાં અનુક્રમે બાળકલ્યાણ, સ્થાપત્ય, St. Devote દ્વારા ધર્મ અને બેલ્જિયમના પ્રખ્યાત કલાકાર વાન ડાઈકની એક કલાકૃતિ દ્વારા કલા અને કલાકારના વિષયો દર્શાવ્યા છે. છેલ્લી હારમાં ડાબી બાજુ ફૂલ પછી જમણી તરફ ફળ, તેની બાજુમાં રેડિયો-ટેલિગ્રાફનાં પ્રતીકો સાથે રશિયન વિજ્ઞાની પૉપૉવ તથા છેલ્લે ઘાયલ સૈનિકના ચિત્રણ સાથે રેડક્રૉસનો વિષય દર્શાવતી ટિકિટ છે. વચ્ચે મૉનેકોની ત્રિકોણ ટિકિટોનાં ત્રણ જોડકાંમાં ઉપર અર્વાચીન એરોપ્લેન, સ્ટીમર અને રેલ-એંજિન એ ત્રણ વાહનો સાથે તે દરેકની નીચે ઊંધા ત્રિકોણમાં એ ત્રણે વાહનો પ્રાથમિક અવસ્થામાં કેવાં હતાં તે બતાવવામાં આવ્યું છે. છેલ્લે એ ત્રણેની નીચેની ટિકિટમાં એક ખેલાડીના ચિત્રણ વડે રમત-ગમતનો વિષય દર્શાવ્યો છે.





આગામી બુદ્ધ જયંતી નિમિત્તે બહાર પડનારી ટિકિટો માટે યોજાએલી હરીફાઇમાં આવેલી ૨૫૦ કૃતિઓમાંથી પસંદ કરાએલી બે કૃતિઓ: ડાબી બાજુ ચાંદનીમાં બોધિવૃક્ષ, ઉપર બોધિવૃક્ષ અને પીપળપાન વચ્ચે છત્ર.

પાર્કના કૅપ્ટન રીડનો સંગ્રહ તેમાં શ્રેષ્ઠ હતો; જેમાં એમણે પ્રાણીઓને A થી Z ના અક્ષરાનુક્રમે ગોઠવી તેની સાથે તેને લગતાં સુંદર રમૂજભર્યા લખાણ વડે પોતાના આલ્બમને વિશિષ્ટ બનાવ્યું હતું.

કલા અને કલાકારોના વિભાગમાં સંગ્રહો જોકે ઓછા હતા પણ ટિકિટો બહુ આકર્ષક હતી. દુનિયામાં કલારત્નોનો કેવો મોટો ભંડાર પડ્યો છે તેનું દર્શન કરાવતી બેલ્જિયમ, પોર્ટુગાલ, ઑસ્ટ્રિયા વગેરે દેશોની ટિકિટો મુખ્ય હતી.

પંખીનો વિષય તો દુનિયાના નાના મોટા બધા જ સંગ્રાહકો માટે ખૂબ રસભર્યો રહ્યો છે. આમાં પણ કૅપ્ટન રીડનો સંગ્રહ અતિ સુંદર હતો.

બાળકલ્યાણના વિષયમાં ફક્ત એક જ સંગ્રાહકે ભાગ લીધો હતો છતાં તે સંગ્રહ એટલો ઉચ્ચ પ્રકારનો હતો કે હરીફાઈ ન હોવા છતાં તેને પદક મળ્યો હતો!

પ્રદર્શનનો સૌથી વધુ ઝમકદાર અને રંગસુંદર વિભાગ ફૂલો અને ફળોની ટિકિટોનો હતો. પ્રદર્શિત થએલા પાંચ સંગ્રહોમાંથી મુંબાઈનાં શ્રીમતી મોદેરાને પદક મળ્યો હતો.

વૈદક અને શુશ્રૂષાના વિષયમાં તો દુનિયાના લગભગ બધા જ દેશોની ટિકિટો પર દાક્તરો ને નર્સોને સ્થાન મળ્યું છે અને રેડક્રૉસ, ક્ષયનિવારણ તથા કૅન્સર-નિવાર વગેરે ફંડોની ટિકિટો પણ નીકળી છે. આ વિષયમાં વૉશિંગ્ટનના મિ. ઍન્ડ્રૂઝનો સંગ્રહ ટિકિટોની સુંદર રજૂઆત તથા તેની સાથેનાં લખાણની દૃષ્ટિએ ખાસ ધ્યાન ખેંચે તેવો હતો.

સંગીત અને ખ્યાતનામ સંગીતકારોને ઑસ્ટ્રિયા, બેલ્જિયમ, જર્મની, ઇટાલી, હંગેરી અને ચેકોસ્લોવાકિયાની ટિકિટો પર અનોખું સ્થાન મળ્યું છે. આ વિષયમાં રૌપ્ય પદક મેળવનાર સંગ્રહની રજૂઆત ખરેખર સુંદર હતી. તેમાં લખાણ સાથે દરેક પાના પર તે તે સંગીતકારોનાં વિખ્યાત ગીતોની સ્વરલિપિ (નોટેશન) પણ દર્શાવવામાં આવી હતી.

રેલવેનું સ્થાન આપણા જીવનમાં આટલું મહત્ત્વનું હોવા છતાં સ્વિટ્ઝરલૅન્ડ, હંગેરી, બેલ્જિયમ વગેરે ગણતરીના દેશો બાદ કરતાં બીજા દેશોની માત્ર રેલવે-શતાબ્દી નિમિત્તે બહાર પડેલી ટિકિટો જ હતી.

ધાર્મિક ટિકિટો એ પણ પ્રદર્શનનો એક મહત્ત્વનો વિભાગ હતો. બેલ્જિયમ, મૉનાકો, ફ્રાન્સ, પોર્ટુગાલ, ઇઝરાએલ, ક્રોએશિયા અને સર્બિયા એ દેશોની ઘણી વિવિધતાભરી અનેક ટિકિટો એમાં બહાર પડી છે. ખાસ નોંધપાત્ર અને ઉત્તમ સંગ્રહ એન્ટેરિયાના મિ. સ્પર્જનનો હતો જેમાં ભગવાન ઈસુના જીવનબોધને લગતી લગભગ બધી જ ટિકિટોને યોગ્ય લખાણ સાથે રજૂ કરવામાં આવી હતી.

વહાણોનો વિભાગ તો એટલો રસભર્યો હતો કે શક્ય હોય તો આખો 'કુમાર'માં પ્રકટ કરવાનું મન થાય.

મનુષ્યે સદીઓજૂના સમયથી વહાણવટાનો આરંભ કર્યો છે અને દુનિયાના બહુ થોડા એવા દેશો હશે કે જેમણે વહાણોને પોતાની ટિકિટ પર સ્થાન ન આપ્યું હોય. ખાસ કરીને ઇજિપ્ત, બ્રિટિશ, હૉંડુરાસ, કૉસ્ટારિકા, ગૅમ્બિયા, ફૉકલૅન્ડ ટાપુઓ, સિંગાપોર, મલાયા, રશિયા, યુગોસ્લાવિયા વગેરેએ ખૂબ આકર્ષક ટિકિટો બહાર પાડી છે. કોલંબસના જહાજથી માંડીને અત્યારના જમાનાની ભવ્ય સ્ટીમરો અને પ્રાચીન વહાણો તથા નાના મછવાથી માંડીને સાગરના તળિયે ઘૂમતી સબમરીનોનું આલેખન એની ટિકિટો પર છે. ફિલાડેલ્ફિયાના મિ. ક્રિસ્ટેન્સનની રજૂઆત સર્વમાં અનોખી છે. પાનાની એક તરફ ટિકિટ અને બીજી તરફ ટિકિટ પરના વહાણ જેવું જ ચિત્ર આલેખી તેની નીચે એ વહાણનો તથા તેને લગતો ઇતિહાસ લખીને તેમણે સંગ્રહને ખૂબ અભ્યાસપાત્ર બનાવ્યો હતો.

રમતગમતોમાં ગ્રીસ અને રોમની સંસ્કૃતિ સાથે આજની ઑલિમ્પિક રમતોના સંકલનનો ઇતિહાસ રજૂ કરતી ટિકિટો ઘણા દેશોએ બહાર પાડી છે. એમાં મિ. હાકનો સંગ્રહ ઉત્તમ હતો. મૉનાકો, જર્મની, હંગેરી, યુગોસ્લાવિયા, ચેકોસ્લોવાકિયાની ટિકિટો ઉઠાવદાર આકૃતિ, ઝમકદાર રંગો અને આકર્ષક છપાઇ માટે ખાસ ધ્યાન ખેંચે તેવી હતી.

પણ પ્રદર્શનનો સૌથી ઉત્તમ સંગ્રહ તે અમેરિકાના મિ. ફ્રાન્સિસ કાર્ડિનલ સ્પેલમાનનો 'અમેરિકા ધ બ્યૂટિફુલ' નામનો હતો. કવિત્વભર્યાં અને પ્રભુનાં ગુણગાન ગાતાં લખાણ સાથે એમણે કરેલી દરેક ટિકિટની રજૂઆત ખૂબ જ વિચારપૂર્વકની હતી. માત્ર અમેરિકાની જ ટિકિટો પર સૃષ્ટિસૌન્દર્ય ઉપરાંત અમેરિકાનાં ધાન્ય અને ફળો, શોધકો અને યાત્રીઓ, યુદ્ધ અને તેના વીરો, મહાજનો અને સંસ્કાર-સ્વામીઓ, ઐતિહાસિક સીમાસ્તંભો, તેમજ અમેરિકાના બીજા દેશો સાથેના સંબંધો સુધીના વિસ્તારની માહિતીઓ તેના દરેકના યોગ્ય લખાણ સાથે અપાઇ છે. અમેરિકાની સંસ્કારિતાનો રસભર્યો વિસ્તાર અહીં મૂર્ત બનેલો. આ સંગ્રહને સ્વાભાવિક રીતે પ્રદર્શનનું સર્વશ્રેષ્ઠ પરિતોષિક-રૌપ્ય પદક એનાયત કરવામાં આવ્યો હતો.

રેડિયો-ટેલિગ્રાફનો પણ એક વૈવિધ્યભર્યો વિભાગ હતો, જેમાં જુદા જુદા દેશોની ટિકિટ પર સૅમ્યુઅલ મૉર્સ, ઍલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ, એડિસન, માર્કોની વગેરેની છબિઓ દ્વારા એ શોધનો ઇતિહાસ રજૂ થયો હતો.

ટિકિટસંગ્રહ કેવી રીતે કરવો, તેની રજૂઆત કેવી રીતની હોવી જોઇએ તથા ટિકિટસંગ્રહમાં શાના પર વધારે ધ્યાન અપાવું જોઇએ તે આ પ્રદર્શનમાંથી સારી રીતે જાણવા મળે તેમ હતું. આલ્બમમાં ટિકિટોની સુઘડ ગોઠવણી, તેને લગતાં જરૂરી ટૂંકાં ને મુદ્દાસર પણ માહિતીપૂર્ણ લખાણ અને સમુચિત સુશોભનો કેમ યોજવાં તેનું આમાંથી જ્ઞાન મળે તેમ હતું. એ માટે આ પ્રદર્શન યોજનાર સંસ્થા 'એમ્પાયર ઑલ ઇન્ડિયા ફિલાટેલિક સોસાએટી'ને ધન્યવાદ ઘટે છે.

અજિતકુમાર સંઘવી

કાયદાશાસ્ત્રી એક એવા સજ્જન છે કે જે તમારો પૈસો તમારા દુશ્મન પાસે જતો બચાવે છે અને પોતાની પાસે જ રાખે છે.—લૉર્ડ બ્રાઉહમ

OUR FRIENDS ABROAD

જગત્‌સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

Mie-Ken, Taki-gun, (Japan)

પ્રિય મિત્ર,

ઘણા વખતે આપનો પત્ર મળ્યો. આપે મોકલેલી નવી ટિકિટોથી મને પુષ્કળ સંતોષ થયો છે. અને તાજમહાલના ફોટાનો તો આભાર કેમ ભૂલી શકું? મને એ પુષ્કળ મદદકર્તા બનશે; કેમકે જગતના ઇતિહાસનો હમણાં હું અભ્યાસ કરી રહ્યો છું, તેમાં અમારે ૧૬-૧૮મી સદીના ભારતનો અભ્યાસ કરવાનો છે. નિરીક્ષણ કરતાં તો લાગે છે કે દુનિયાની આ એક અમૂલ્ય, સુંદર ને અદ્‌ભુત કલાકૃતિ છે.

હવે હું આપે પૂછેલા પ્રશ્નનો જવાબ આપું. હું માનું છું કે જવાહરલાલ આ જગતની શાંતિના સાચા ચાહક છે; અને એથી પણ મને વધુ ગમે છે એમની પ્રામાણિક નિખાલસતા. જગતને શાંતિમય રાખવાનું પોતાનું શાંતિના દૂતનું કાર્ય એઓ પૂરું કરે.

ભારત વિષે કહું તો તે એક અદ્યતન અને ઔદ્યોગિક રાષ્ટ્ર બની રહેશે. તમે આશાવાદી રાષ્ટ્રજનો છો અને તમારી પાસેનાં કુદરતી સાધનો જોતાં તો તમારા દેશનું ભાવિ આશામય છે. ગોવાનો હત્યાકાંડ તો માનવજાતને એક શરમરૂપ છે; કારણ કે એનાથી વધારે ઘાતકીપણાનાં પગલાં તો લડાઈના મેદાનમાં પણ જોવા મળશે નહિ. આ સંહાર ખમવાની શક્તિ ઈશ્વર તમને અર્પો એવી જ અપેક્ષા. પરંતુ અંતે તો સત્ય અને સચ્ચાઇનો જ વિજય થાય છે. હું મહેચ્છા રાખું છું કે ગોવાના પ્રશ્નનો શાંતિથી ઉકેલ આવે. ગોવા જેવો જાપાનમાં પણ એક પ્રદેશ છે જે અમારો હોવા છતાં પણ પરરાષ્ટ્રીય બેડી તળે રહે છે.

હું તમારી કૃપા માટે ખરેખર આભારી છું કે તમે દર વખતે મને ઘણી ટિકિટો મોકલો છો. હવાઈ જહાજથી અમે ટિકિટો મોકલી શકતા નથી, એટલે સ્ટીમરથી મોકલીશ.

પ્રેમ અને શુભેચ્છા સહ તમારો દોસ્ત

(મોકલનાર દિનેશ દેસાઇ) સ્યુન ઈથી ઇટો

પરદેશી પત્રમિત્રો

(1) Mr. Göte Andersson, Age 25, Kalvshaga, Kalvsvik (Sweden), Stamps; (2) Miss Inger Nystrom, Age 16, O lengatan 52 B., Sandviken (Sweden), General; (3) Mr. Harald V. Andersson, Age 31, Skaldevägen 59, Växjö (Sweden), Stamps; (4) Mr. Tage Andersson, Age 30, Hagsgärde, Kalvsvik (Sweden), Stamps; (5) Miss Ingeborg Gross, Age 17, Moosburg, Burgermühlstr 14, Oberbay (Germany), Music, photography, Stamps, Sports; (6) Miss Gladys McLaren, Age 19, Box 4, Milton, Otago, South Island (New Zealand), General; (7) Miss Coral Utting, Age 17, 28 Wairoa Avenue, Birkenhead, Auckland No.5 (New Zealand), Stamps, Sports, Music, Art; (8) Mr. L. W. J. Smith, Age 18, C/o Post Office, Mossman, North Queensland (Australia), General, Stamps; (9) Mr. Rifâat Mushtaha, Age 17, Shajâiya district, Gaza (Palestine) Via Egypt, Sports, Correspondence, Stamps, View Cards; (10) Mr. Abdel Azeez Taha, Age 15, Medina Monawara Hijaz, (Saudi Arabiya), Stamps; (11) Miss Ben Sookia, Age 20, 30 Goa Street, Port Louis, (Mauritius), Stamps, Photos, Cycling, Swimming, Reading, Dancing; (12) Mr. K. Valaydon Mootien, Age 18, 45 Jummah Mosque Street, Port Louis, (Mauritius), General; (13) Mr. V. S. Kennedy, Age 17, Royal Road, Burepipe (Mauritius), Stamps, Photos, View Cards; (14) Mr. J. Sydney Fossine, Age 18, 42 Citerne des breōles, St., Port Louis (Mauritius), Stamps, Coins, Psychological Books; (15) Mr. Lee-Shree-Ming, Age 17, Anse-Jonchee, O. Grand-Port (Mauritius), Stamps, Reading, Basket-Ball; (16) Mr. Laval A. H. Fong, Age 18, 164 Royal Road, Beau Bassin, (Mauritius), Sports, Dancing, Reading, Cinema, Stamps, Photography; (17) Mr. Shafek Ishak Hanna, Age 15, Itledem, Upper Egypt (Egypt), Stamps; (18) Mr. Shawke Istanes Hanna, Age 16, Itledem, Upper Egypt (Egypt), Stamps; [ઉલ્લેખ: Madhur L. Bhanji, P. O. Box 134, Zanzibar (Br. E. Africa)].

હિંદી પત્રમિત્રો

(381) Chandrakant R. Thakkar-16, Near Fatepur, Anandnagar, Ellis-bridge, Ahmedabad-7, Stamps, Photos, Diwali-Cards, View-Cards, Foot-ball, Badmington, Correspondence; (382) Niranjan Haribhai Dave-19, 324 Manekpara, Amreli (Saur.), Stamps, Reading, Quotations; (383) Rishikumar Vasudev Pandya-16, C/o Vasudev Hiralal Pandya, 10 Ashwin Society, Ellis-bridge, Ahmedabad-7, Stamps, Coins, Diwali-Cards, Photography, Music; (384) Pransukray Sukhlal Trivedi-15, C/o Sukhlal Bapalal, Middle School, Visavadar (Saur.), Stamps, Swimming, Coins; (385) Bhupendra J. Ghatalia-12, C/o Vallabhdas Kalabhai, Visavadar, Stamps, Coins; (386) Taheruddin G. Kazi-18, C/o Station-Master, Sanand, Stones, Reading, Story-writing, Journey; (387) Dineshchandra Ambalal Patel-17, Risala Street, Nawa Deesa (Banaskantha), Photography, Stamps; (388) Jagdishchandra-29, C/o Vijayshankar B. Dave, Station-Master, Railway Quarters, Asarwa, Ahmedabad-11, Photogrphy, Cinema, Drawing, Reading; (389) Abhay kumar Amritlal Lalan-20, Kottuval Temple Lane, New Road, Cochin-2, Cricket, Photography, Reading, Correspondence; (390) Surendra M. Shah-24, Patelvaga, Dabhoi, Music, Literature, Travelling; (391) Sureshchandra M. Shah-16, Add. as above, Stamps, Literature, Music; (392) Nalin N. Vyas-19, T/108 Rly. Colony, Mehsana, Photography, Music, Drama, Stamps, Travelling, Drawing; (393) Jayant R. Sheth-15, C/o R. M. Sheth, Opp. Swami Mandir, Visavadar (Saur.), Stamps, Coins; (394) Ashwin L. Shah-20, Gopal Bhavan, Ellis-bridge, Ahmedabad-7, Stamps, F. D. C., View-cards, Literature, Sports;

(395) Manukumar J. Chandan-17, 208 Hira-Mahal, Blok No. 6, Wadwala, Bombay-31, Correspondence; (396) Mahendrakumar Chhotalal Thacker-21, Vokala Street, Bhuj (Kutch), Social Customs, Foreign Policies of Different Countries; (397) Nanak R. Gidwani-20, 22 Laxmi Chawl, Opposite Arts College, Station Road, Sayaji Ganj, Baroda, Stamps, Matchlables, Music, Photography; (398) Gangaram Kanjidas Patel-21, Chhamisa, Post Brahma-na-vada (Dist. Mehsana), Via Chanasma, Swimming, Travelling, Singing, Drawing; (399) Rasiklal P. Mehta-24, Dasha Shreemali Jain Boarding, Room No. 2, Out of Kalva, Near Gymkhana, Junagadh (Saur.), History, Politics, Psychology, Music, Literature, Philosophy; (400) Odhavji V. Ganatra-22, Cown Road, 28 R. R. Lalan Bldg., Mulund, Bombay, Pictures, Music, Swimming, Stamps; (401) Shirish A. Shah-16, 8/4 Kalyan Bldg., Khadilkar Rd., Bombay-4, Stamps, View Cards, Coins; (402) Chandrakant Keshavlal Chitalia-20, D. S. V. Boarding, Out of Kalva, Near Gyamkhana, Junagadh (Saur.), Religion, Sports, Politics; (403) Kantilal Amarchand Mehta-18, Sharda Sadan, Gandhi Nagar, Agra Road, Ghatkopar, Cricket, Film-pictures, Letter-writing; (404) Jaysukhlal V. Kanabar-21, Tribhu-Nivas, Near Power House, Veraval (Saur.), Travelling; (405) Nathalal Jivraj-19, Buddhadev-Nivas, Khadkhad, Veraval (Saur.), Playing, Running, Travelling, Drawing, Novels; (406) Rukshminibahen Shah-22, Post Box No. 2264, Bombay-2, Journey, Astronomy, Photography; (407) Ratilal Narayandas Kacha-18, Jagjivan Dayal Wadi, Agra Road, Ghatkopar, Bombay-39, Politics, Music, Photography; (408) Vrajlal S. Shukla-22, Near Liberty Cinema, Dhoraji (Saur.), Journey, Reading, Literature, Languages; (409) Jesukhlal S. Shukla-20, Add. as above, Journey, History, Politics, Reading, Writing; (410) Ghanshyam C. Trivedi-18, Vallabh-Chhatralaya, Room No. 10, Institute of Agriculture, Anand (Dist. Kaira), Literature, Reading, Music; (411) Talakchand Rugnath Kurani-17, Gandhi Chowk, Manavadar (Saur.), Stamps; (412) Champaklal M. Gurjar-17, C/o Meghji D. Gurjar, Ramania (Dist. Bhuj Kutch), Drawing, Music, Hand-Crafts, Paper-Cutting; (413) Maganlal K. Shah-15, Add. as above, Reading, Hand-Crafts, Paper-Cutting; (414) Khushalchand R. Shah-14, Add. and Hobbies as above; (415) Karansinh Mohansinh Baria-19, Rajput Falia, Chhota Udepur (Baroda Dist.), Stamps, F. D. C., Sports, Hunting, Photography; (416) Mahendrakumar Lakshmishanker Bhatt-17, 53 Bora Bazaar Street, Fort, Bombay-1, Stamps, Sports, Journey, Reading, Photography; (417) Piyushkumar Ganpatishanker Bhatt-17, 21 Modi Street, Damani Bldg. No. 2, Fort, Bombay-1, Cricket, Reading, Photography, Journey; (418) Ramesh N. Mehta-20, Gujarat Vaishya Sabha, Jamalpur, Ahmedabad, Service to Humanity, Politics, Literature, Films; (419) Kiritkumar Pradyumnaray Shukla-21, Amthalal's Chawl, Block No. 5, Pilaji Ganj, Mehsana (N. G.), Stamps, F.D.C., Coins, Sports, Picnics; (420) Ramesh M. Shah-17, Shashikunj, Hariala Plot No. 38, Bhavnagar (Saur.), Stamps, F. D. C., View-Cards; (421) Jayantilal Tulsidas Gohil-16, Opp. Limbdi Utara, Talsania Bldg., Surendranagar (Saur.), Reading, Drawing, Painting; (422) Girishkumar Natvarlal Patel-17, Janta Mandal Office, Juna Bazaar, Broach, Music, Reading, Swimming, Photography, Stamps; (423) Malti Natvarlal Patel-16, C/o Girish Natvarlal Patel, Add. as above, Knitting, Dancing, Music, Reading, Gardening; (424) Shashikant Pranlal Vora-19, Shri Sayaji Mahratta Vasti-Gruha, Baroda, Drawing, Painting, Photography, Sports, Touring, Reading; (425) Jayant C. Soni-19, Soni Boarding House, Wadhwan City (Saur.), Stamps, Photography, View Cards, Swimming; (426) Suryakant D. Trivedi-19, C/o D. M. Trivedi, Police-Sub-Inspector, R.T.S.-S.R.P. Lines, Bunglow No. 20, Lalbaug, Baroda, Sports, Military-training, Reading, Facts about Modern India; (427) Shirish M. Dave-16, Gita-2 (Dawn), Bhavnagar (Saur.), Drawing, Swimming, Stamps, Literature; (428) Chandraprakash Achambelal Shah—17, 21 Dadi Sheth Agiyari Lane, First Floor, Bombay-2, Stamps, F. D. C., Drawing; (429) Kantilal Devshibhai Joshi—17, Near Girls' School, Narsanda, Via Anand, (Dist. Kaira), Stamps, Harmonium, Nature, Languages; (430) Jasvantlal Gordhandas Shah-22, Mali Vaga, Savli (Dist. Baroda), Stamps, View-Cards, Photography, Novels, Sports; (431) Kanubhai Himmatlal Shah-20, C/o Shree Dada Saheb Jain Boarding, Tribhovan Circle, Bhavnagar (Saur.), Correspondence; (432) Gunvantray Tarachand Parikh-26, L.I.B., Dhana Suthar's Pole, Lavry's Pole, Ahmedabad-1, Reading, Discussion, Information about Famous Places; (433) Janardan Narayanji Dave—24, Vithaldas Trikamji Bldg., Giga Mehta Street, Setawad, Jamnagar (Saur.), Stamps, Swimming, Music, View-Cards; (434) Jaywant M. Udani-26, 1 Old Pharmacy Hostel, Navrangpura, Ahmedabad-9, Reading, Acting (Dramas), Cinema, Indoor Games, Travelling, Music; (435) Govindji Monji Ashar-25, C/o Jain Free Pathshala, Kandagra (Kutch-Mundra), Mathematics, Literature, Collection of Good Thoughts, Teaching. (ચાલુ)



એવો હુતાશન મહા પ્રકટાવીશું કે
તેની પ્રચંડ ઊંચી જ્વાલની માંહી થાશે
અજ્ઞાન, સ્વાર્થ, વળી દુર્મતિ સર્વ ભસ્મ.
રમણભાઈ નીલકંઠ

ડૉ. મેઘનાદ સહા

ભારતના વિજ્ઞાનશિરોમણિ ડૉ. શાન્તિસ્વરૂપ ભટનાગરના અવસાનને માંડ એક વર્ષ વીતે છે, ત્યાં એવા જ એક ઉચ્ચતમ કોટિના બીજા વિજ્ઞાનવીર ડૉ. મેઘનાદ સહાનું ગઇ તા. ૧૬-૨-'૫૬ના રોજ અચાનક થએલું દુઃખદ અવસાન ઊંડો આઘાત આપી રહે છે.


૧૮૯૩ના ઑક્ટોબરની છઠ્ઠી તારીખે હાલના પૂર્વ બંગાળમાં આવેલા ઢાકા પ્રાંતના સેવરાતલી ગામમાં એમનો જન્મ થયો હતો. એમના પિતા જગન્નાથબાબુની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હતી. તેઓ પુત્રના શિક્ષણનો ખર્ચ ઉપાડી શકે તેમ ન હોઈ સિમુલિયાના એક ગૃહસ્થ ડૉ. દાસે મેઘનાદને પોતાને ત્યાં રાખ્યા અને તેમની પાસે ઘરનું નાનુંઝીણું કામ કરાવી તેના બદલામાં તેમના શિક્ષણની બધી જ જવાબદારી તેમણે પોતાને માથે લીધી. ગણિત એ તેમનો પહેલેથી જ પ્રિય વિષય રહેલો. પ્રાથમિક અભ્યાસ સિમુલિયામાં પૂરો કરી તેઓ ઢાકાની કૉલેજિયેટ સ્કૂલમાં દાખલ થયા. બંગ-ભંગની ચળવળનો એ સમય હતો, એટલે તેજસ્વી ડૉ. સહા નાની ઉમરે પણ તેમાં ખેંચાયા. સ્કૂલના વડાને આની જાણ થતાં એમની ફી માફી હતી તે તથા શિષ્યવૃત્તિ બંધ કરી અને છેવટે સ્કૂલમાંથી કમી કર્યા. આ બનાવ પછી ત્રીસ વર્ષે એ જ સ્કૂલે ડૉ. સહાને શાળાના વાર્ષિક દિવસે મુખ્ય મહેમાન તરીકે આમંત્ર્યા હતા.

૧૯૧૫માં કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાંથી ઍપ્લાઈડ મૅથમૅટિક્સ લઈ તેઓ એમ.એસ.સી થયા. કૉલેજ-શિક્ષણ પણ તેમણે બહુશઃ શિષ્યવૃત્તિથી પૂરું કરેલું. શરદ્‌બાબુ, સુભાષબાબુ વગેરે તેમના ઘનિષ્ઠ કૉલેજ-મિત્રો હતા. એ કૉલેજમાં તેઓ પ્રથમ વાર મહાસમર્થ વિજ્ઞાની સ્વ. સર પ્રફુલ્લચન્દ્ર રાયના સમાગમમાં આવેલા, જેમની પાસેથી સાદા ને ઉચ્ચતમ જીવનનો પાઠ એ શીખ્યા. ભાગ્યવશાત્ એવામાં જ ડૉ. સર જગદીશચન્દ્ર વસુ સાથે પણ એમનો સંપર્ક થયો અને એમની પાસે એક વર્ષ રહી એમણે ફિઝિક્સનો ઉચ્ચ અભ્યાસ કર્યો, જેને અંતે એમણે મૅથમૅટિકલ ફિઝિક્સના વિષયમાં ઊંડા ઊતરવાનું નક્કી કર્યું. એવામાં કલકત્તા યુનિવર્સિટીમાં એમને મૅથમૅટિક્સના લેક્ચરરની જગ્યા મળી. એ સમય દરમિયાન આ વિષયમાં એમણે કરેલા સંશોધનકાર્ય પરથી એમને ડી. એસસી.ની ઉપાધિ મળી (૧૯૧૮), અને બીજે જ વર્ષે વધુ અભ્યાસ માટે તે વિદેશ ગયા, જ્યાં લંડનમાં ઍસ્ટ્રૉફિઝિક્સ ને સ્પેક્ટ્રોસ્કૉપીના મહાનિષ્ણાત પ્રો. એ. ફાઉલરના આમંત્રણથી એમની પાસે પાંચ માસ રહ્યા. ત્યાર બાદ બર્લિન જઈ ત્યાં આઈન્સ્ટાઇન, પ્લાન્ક, નર્ન્સ્ટ, રૂબન્સ અને ફૉન લ્યૉ જેવા મહાન જર્મન ભૌતિકશાસ્ત્રીઓના નિકટ સંપર્કમાં આવ્યા અને ત્યાંથી 'ફિઝિકલ થીઅરી ઑવ સ્ટેલર સ્પેક્ટ્રા' (તારાઓના રંગપટના ભૌતિક સિદ્ધાંત) પર એક ચિંતનશીલ સંશોધનાત્મક લેખ લખી એમણે પ્રો. આર્નોલ્ડ સમરફીલ્ડ પર મોકલ્યો, જે વાંચી તેમણે ડૉ. સહાના જ્ઞાન વિષે ખૂબ ઊંચો અભિપ્રાય બાંધેલો.



આપણાં જંતુઓ : ૬

માખી



અંગ્રેજીમાં 'હાઉસ-ફ્લાય(ઘરમાખી)'ને નામે ઓળખાતા આ જંતુનું શાસ્ત્રીય નામ છે, Muska Domestica. આપણે તેના શરીરના મુખ્ય પાંચ ભાગો આ રીતે પાડી શકીએ : બે પારદર્શક પાંખો, છ પગ, મોટી–શરીરના દસમા ભાગ જેટલી–લાલ આંખોથી લાલલાલ દેખાતું મોઢું, આંખથી ગળા સુધીનું કાળું ધડ, અને પાંખ નીચેનું પીળા રંગનું જઠર. તેની આંખ અને પાંખોના ભાગ સિવાય આખે શરીરે ફેલાએલી ઝીણી પણ બરડ ભયંકર રોગોત્પાદક રુવાંટી નરી આંખે દેખી ન શકાય એટલી સૂક્ષ્મ હોય છે. તેના પગની નીચે અતિ સૂક્ષ્મ વાળવાળાં બે આવરણ કે ગાદી હોય છે. તે દરેક વાળને છેડે એક બિંબ અને તેની સાથે એક જાતનો ચીકણો પદાર્થ હોય છે, જેની મદદથી તે ઊંધે માથે પણ ચાલી શકે છે.

માખીની ઘ્રાણશક્તિ તેમજ સ્પર્શશક્તિ ઘણી તીવ્ર. એ આપણા હાથમાં આવતી નથી અને સહેજ હાથ હાલે ત્યાં ઊડી જાય છે એ તેની મોટીમોટી આંખોની દૃષ્ટિ-શક્તિને લીધે. કશું ખાવું હોય તે પહેલાં તે રેશમી સૂતરની ભૂંગળીના આકારની કાળી નાની વાટ વાળી હોય એવી પોતાની જીભમાંથી ખાવાની વસ્તુ પર લાળ કાઢી તેને પ્રવાહી બનાવે છે. ગળ્યું અને ગંદકી એ બંને તેને અત્યંત પ્રિય, ખાટા-તીખા વગેરે રસો અને સ્વચ્છતા પ્રત્યે સૂગ. સ્વભાવે સ્વાર્થી, ચતુર અને ચીકણી. એક વાર ઉડાડ્યા છતાં ફરી વાર તે ત્યાં આવીને બેસવાની. ગાયભેંસની કોઢ તથા ઘોડાઓના તબેલાની માખીઓને એક ડંખ પણ હોય છે, જે વડે લોહી ચૂસી તેટલું થૂંક તે ત્યાં મૂકતી જાય છે. દર સેકંડે લગભગ ૩૩૦ વાર પાંખો ફફડાવતી માખી ૫,૧૦૦ ફૂટ સુધીનો લાંબો પ્રવાસ ખેડે છે.

માખી ૧ મિલિમીટરની લંબાઈનાં ૧૦૦થી લઈ ૯૦૦ સુધી ઈંડાં મૂકે છે. ભેજવાળી ગરમ હવામાં ઈંડાં ૨૪ કલાકમાં સેવાઈ જાય છે. બચ્ચાને પાંચ દિવસમાં પાંખો આવી જાય છે.

૧૯૨૧માં ભારતમાં પાછા આવ્યા બાદ તેઓ કલકત્તા યુનિવર્સિટી-માં ફિઝિક્સના ખરા પ્રોફેસર તરીકે નિમાયા, જ્યારથી એમની ખરી વૈજ્ઞાનિક કારકિર્દી શરૂ થઈ. કલકત્તામાં પ્રયોગશાળાની પૂરતી સગવડ ન હોવાથી તેઓ અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં ફિઝિક્સના પ્રોફેસર તરીકે જોડાયા; અને થોડા જ સમયમાં ત્યાંથી એમનું સંશોધનકાર્ય પ્રસિદ્ધ થવા માંડ્યું. એમાં એમને 'કૉમ્પ્લેક્સ સ્પેક્ટ્રા'નું મૂળ રહસ્ય લગભગ જડી જવા આવેલું એવામાં જ ડૉ. હન્ડ તરફથી એ કાર્ય પ્રસિદ્ધ થયું! 'ગ્રહ-ભૌતિક' (Astro-phosics)નું તેમનું જ્ઞાન એટલું ઉચ્ચ કક્ષાનું હતું કે પ્રસિદ્ધ એટમ-બૉમ્બ-સંશોધક એ.એચ. કૉમ્પને નૉબેલ પારિતોષિક માટે તેમનું નામ પણ સૂચવ્યું હતું.

૧૯૩૮માં એ પાછા ફિઝિક્સના 'પાલિત પ્રોફેસર' તરીકે કલકત્તાની 'યુનિવર્સિટી કૉલેજ ઑવ સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી'માં જોડાયા. અહીં રહી એમણે એમના જીવનના એક મહાન કાર્ય સમી 'ઇન્સ્ટીટ્યૂટ ઑવ ન્યૂક્લીઅર ફિઝિક્સ'ની સ્થાપના કરી.

ડૉ. સહા દેશ-વિદેશની ઘણી વૈજ્ઞાનિક સંસ્થાઓ સાથે સંકળાએલા હતા. એઓ ૧૯૩૪ની 'ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ'ના જનરલ પ્રેસિડેન્ટ હતા. ત્યાર બાદ હિંદની 'નૅશનલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ સાયન્સીઝ' અને બંગાળની 'રૉયલ એશિયાટિક સોસાએટી'ના પ્રમુખપદે આવેલા. ૧૯૪૮-૪૯માં ડૉ. રાધાકૃષ્ણનના પ્રમુખપણા નીચે ભારત સરકારે નીમેલા 'યુનિવર્સિટી એડ્યુકેશન કમિશન'ના તથા 'નૅશનલ પ્લાનિંગ કમિટી'ના એઓ સભ્ય હતા. વળી એઓ 'ઇન્ડિયન સાયન્સ ન્યૂસ એસોસીએશન'ના સ્થાપક અને 'ઇન્ડિયન એસોસીએશન ફૉર કલ્ટિવેશન ઑવ સાયન્સ'ના ૧૯૪૭-૫૧ સુધી ડાયરેક્ટર હતા. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી લંડનની 'રૉયલ સોસાએટી'-ના એઓ ફેલો, 'બૉસ્ટન ઍકેડેમી ઑવ સાયન્સ' તથા 'ફ્રેન્ચ ઍસ્ટ્રૉનૉમિકલ સોસાએટી'ના ઑનરરી ફેલો તથા 'ઇન્ટરનૅશનલ ઍસ્ટ્રૉનૉમિકલ યૂનિયન'ના સભ્ય હતા. 'સાયન્સ ઍન્ડ કલ્ચર' નામના લોકપ્રિય વૈજ્ઞાનિક પત્રના એઓ તંત્રી પણ હતા.

ભારતના વિજ્ઞાની પ્રતિનિધિ તરીકે એઓ અનેક વાર પરદેશોની મુલાકાતે ગએલા. ૧૯૪૪માં હિંદી સરકારે ઇંગ્લંડ, યુનાઇટેડ સ્ટેટ્સ અને કૅનેડાની મુલાકાતે એક વિજ્ઞાની પ્રતિનિધિમંડળ મોકલેલું, એના એ સભ્ય હતા. ૧૯૪૫માં 'સોવિયેટ ઍકેડેમી ઑવ સાયન્સીઝ'ની ૨૪મી વાર્ષિક સભામાં ભારતના પ્રતિનિધિ તરીકે એ મૉસ્કો તથા લેનિનગ્રાડ ગએલા. ભારત સરકાર તરફથી અણુશક્તિ વિષે કેટલીક માહિતી માટે એમણે અમેરિકાની એક નોંધપાત્ર મુલાકાત લીધેલી.

ડૉ. સહાનું છેલ્લું કાર્ય ભારત સરકારે નીમેલી 'કૅલેન્ડર રીફૉર્મ કમિટી'ના ચૅરમૅન તરીકેનું છે. જગત-કૅલેન્ડરનો ભારતીય પ્લાન તૈયાર કરી 'યુનેસ્કો' કમિટીની સભામાં પેશ કરવા એઓ જીનિવા ગયા હતા.

પોતે વિજ્ઞાની હોવા છતાં ડૉ. સહા રાજકીય ક્ષેત્રમાં પણ ઊંડો રસ લેતા હતા અને જિંદગીનાં પાછલાં વર્ષોમાં એઓ વિજ્ઞાનમાંથી લગભગ રાજકીય ક્ષેત્રમાં આવી ગયા હતા. ૧૯૫૨માં એઓ 'પશ્ચિમ બંગાળ સંયુક્ત સમાજવાદ મંડળ'ની ટિકિટ પર ચૂંટાઈ આવેલા લોકસભાના સભ્ય હતા. પૂર્વ બંગાળના નિર્વાસિતોના પુનર્વસવાટના પ્રશ્નોમાં એઓ ઊંડો રસ લેતા.

જીવનનાં છેલ્લાં સત્તર વર્ષ તો એ ખૂબ જ પ્રવૃત્તિમય રહેલા, જે ગાળામાં એઓ નામાંકિત વિજ્ઞાની તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામી ચૂક્યા હતા. એમના સંશોધનકાર્યની પરદેશોમાં પણ કદર થતી અને કેટલીક બાબતોમાં તો તેમનું કથન આધારભૂત તરીકે લેખાતું. એઓ જો છેવટ સુધી વૈજ્ઞાનિક ક્ષેત્રમાં રહ્યા હોત તો એમણે વિજ્ઞાનના જગતમાં આજ કરતાં પણ ઘણું ઊંચુ સ્થાન મેળવ્યું હોત.

આજે આપણે સર જગદીશચંદ્ર વસુને એમની 'બોઝ લૅબોરેટરી', ડૉ. બીરબલ સાહનીને 'પેલિયો બોટૅનિકલ ઇન્સ્ટીટ્યૂટ', અને ડૉ. ભટનાગરને 'નૅશનલ લૅબોરેટરીઝ' માટે જેમ યાદ કરીએ છીએ, તેમ ડૉ. મેઘનાદ સહાની સ્મૃતિ પણ કલકત્તામાં એમણે સ્થાપેલી 'ઇન્સ્ટીટ્યૂટ ઑવ ન્યૂક્લીઅર ફિઝિક્સ'થી ભારતમાં તાજી રહેશે.—ગોવિંદ એસ. મેવાડા

સંખેડાની સુવર્ણવર્ણી રોગાનકળા

સંખેડા એ વડોદરા શહેરથી ત્રીસેક માઇલને અંતરે આવેલું તાલુકાગામ છે. ત્યાં ખરાદીઓનાં ૩૦ જેટલાં કુટુંબો છે જેમણે સંખેડાની વિશ્વખ્યાત સુવર્ણવર્ણી રોગાનકળામાં કુશળ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

આ ઉદ્યોગમાં વપરાતા કાચા માલમાં સાગનું-બની શકે તો કમાવેલું લાકડું, કુસુમી લાખ, કલાઇ, અકીકનો પથ્થર, મૂળ રંગો અને કેવડાનાં પાનનો સમાવેશ થાય છે. આમાંની કલાઇ સિવાયની બધી વસ્તુઓ સંખેડાની આસપાસના વિસ્તારમાંથી મળી શકે છે. ક્રિયા :


(૧) કુસુમી લાખ : છોટા ઉદેપુરનાં જંગલોમાં લાખ મોટા પ્રમાણમાં મળે છે. તેને પહેલાં સાફ કરી, તે સ્ફટિક જેવી ઊજળી બને ત્યાં સુધી સોડાના દ્રાવણમાં ધોવામાં આવે છે. ત્યાર પછી ઉત્કલનબિંદુ સુધી થોડા પાણીમાં ગરમ કરી ૫૦ અંશ રહે ત્યાં સુધી ઠરવા દેવામાં આવે છે. આ અર્ધ-ઘન લાખમાં પણ જે કેટલોક ભેજ રહેલો હોય છે એ દૂર કરવા તેને દીવાલ ઉપર લાકડાની ખીંટી ઉપર પાથરીને પાણી સંપૂર્ણપણે નીકળી જાય ત્યાં સુધી લાખના લોચાને ઝૂડવામાં આવે છે. ત્યાર બાદ લોચાને ટીપીને રોટલાના આકારનો બનાવે એટલે તે વિશુદ્ધ કુસુમી લાખ બને છે. બાદ આ રોટલાને જુદા જુદા રંગોથી રંગીને તેમાંથી લાકડીઓ બનાવે છે. લાખ જરૂર પ્રમાણે સખત કે પોચી બનાવવા તેમાં થોડો ગંધક અને રેઝીન નાખે છે.

(૨) કલાઇનું દ્રાવણ : ત્રણ ભાગ કલાઈ અને એક ભાગ ગુંદર ભેગાં કરી તે એકરૂપ થઇ જાય ત્યાં સુધી ટીપવામાં આવે છે. બાદ તેને પાણીમાં ઓગાળી નાખવામાં આવે છે. આ દ્રાવણથી સંઘાડા પર ઉતારેલા કે રંગેલા લાકડા ઉપર કલાત્મક આકૃતિઓ પાડવામાં આવે છે.

(૩) લાકડું : રોગાનકામમાં સાગનું કમાવેલું લાકડું વાપરવામાં આવે છે. સંઘાડા પર લાકડાનો જોઇતો ઘાટ ઉતારી તેને રેતિયા કાગળથી પૉલિશ કરે છે ને ખાંચખૂંચ દૂર કરવા ચાકનો હાથ મારવામાં આવે છે. બાદ લાકડાને ઘેરી પશ્ચાદ્ભૂમિકા મળે એટલા માટે તેને સાધારણરીતે જાંબૂડા રંગે રંગવામાં આવે છે ને પછી તેને ફરી પૉલિશ કરી ગુંદર તથા કલાઇના દ્રાવણથી તેના પર આકૃતિઓ પાડવામાં આવે છે.

(૪) રોગાનકામ : કલાઈની આકૃતિ સુકાઈ ગયા પછી તૈયાર વસ્તુને અકીકના પથ્થરથી પૉલિશ કરે છે. અકીકની ખૂબી એ છે કે કલાઈ સાથે ભળેલા ગુંદરને તે કલાઇની આકૃતિને જફા પહોંચાડ્યા વગર દૂર કરી શકે છે. બાદ સંઘાડાની મદદથી વસ્તુને સાગના લાકડાના હળવા દેવતાથી રંગીન કુસુમી રાખનો સુંદર હાથ આપવામાં આવે છે. આ રીતે હળવો તાપ આપવાથી લાકડા ઉપર કુસુમી લાખનો અર્ધપારદર્શક ચળકાટ આવી જાય છે. આ ચળકાટને લીધે રંગાએલું લાકડું સુવર્ણવર્ણું બની જાય છે; રોગાનકામ પૂરું થયા પછી તૈયાર વસ્તુને તલના તેલમાં બોળેલા કેવડાનાં પાનથી પૉલિશ કરવામાં આવે છે.

રોગાનનો ચળકાટ પેઢીઓ સુધી ચાલે છે, સિવાય કે વસ્તુ તડકે રહેતી હોય. વસ્તુનો ચળકાટ ટકી રહે એટલા માટે તેને મલમલના પોચા કાપડથી રોજ સાફ કરવી જોઇએ. જો તેને તલના તેલમાં બોળેલા પોતાથી વખતોવખત ફરી પૉલિશ કરતા રહેવામાં આવે તો રોગાનની અસર લગભગ કાયમી રહે છે. સંખેડાની આ રોગનકળા વિશ્વ-



સંખેડાની સુવર્ણરંગી રોગાનકળાવાળી સાંગામાંચીઓ દેશખ્યાત છે. ગયે વર્ષે ભારત આવેલા રશિયાના મહે-માન નેતાઓને આ સોફાસેટ ભેટ અપાયો હતો.

ખ્યાત છે. તેને ચીન અને બૅંગકોકના શ્રેષ્ઠ કાર્ય સાથે સરખાવી શકાય.

વિજ્ઞાન તેમ જ હાલની સસ્તાઇને કારણે મૃતઃપ્રાય બનેલી અથવા વિકસતી અટકી ગએલી હાથકારીગરીનું પુનરુત્થાન એ ભારતીય સંસ્કૃતિના નવોદયની અગત્યની બાબત છે. (લોકરાજ)

વ્યસન–વનસ્પતિ તમાકુ

અત્યંત ઠંડા મુલકો સિવાય દુનિયાના લગભગ તમામ દેશોમાં વ્યાપી રહેલા વ્યસનની આ વનસ્પતિનું ઉત્પત્તિસ્થાન અમેરિકા છે એ તો સૌ જાણે છે. છેલ્લાં ૩૦૦ વર્ષથી અમેરિકા વ્યાપારી ધોરણે તે પેદા કરે છે અને તેને રાષ્ટ્રનો એક સૌથી મોટો ઉદ્યોગ બનાવ્યો છે, એટલું જ નહિ પણ તમાકુની કેળવણીને વિજ્ઞાનનું સ્વરૂપ આપ્યું છે. આપણે ત્યાં ગુજરાત ને મુખ્યત્વે ચરોતરમાં તેની ઘણી પેદાશ છે, એ દૃષ્ટિએ એ વ્યસન–વનસ્પતિ વિષે પણ ઉપયોગી માહિતી જાણવી જોઇએ.

એમ સાબિત થયું છે કે ધૂમ્રપાન માટે પહેલવહેલી તમાકુ ઉગાડનાર મધ્ય અમેરિકાના મય ઇન્ડિયનો હતા. જોકે તે વખતે તમાકુ સાવ ઘાસ જેવી હતી. મય ઇન્ડિયનો પોલા બરુનો હોકલી તરીકે ઉપયોગ કરતા. તેમાં એક છેડે વાટેલી સૂકી તમાકુ ભરી તેને અંગારાથી સળગાવતા અને નળીમાંથી ધૂમાડો ખેંચતા. મય લોકો પાસેથી દક્ષિણ અમેરિકાના ઇન્ડિયનોમાં તથા કૅરીબિયન ટાપુઓમાં, ને પછી અત્યારના યુનાઇટેડ સ્ટેઈટ્સના પ્રદેશમાં તમાકુનું જ્ઞાન પ્રસર્યું.

ક્રિસ્ટૉફર કોલંબસે ઈ. ૧૪૯૨માં ઍટલાન્ટિકનું ઉલ્લંઘન કર્યું ત્યારે તેણે વેસ્ટ ઈન્ડીઝના ઇન્ડિયનોને તમાકુનાં પાન ફૂંકતા જોયા હતા. કોલંબસ પછીના પ્રવાસીઓ તમાકુનો છોડ અને તમાકુ પીવાનો રિવાજ પોર્ટુગલ અને સ્પેનમાં લઈ ગયા, અને ૧૫૦૦ની આસપાસ તો યુરોપ, આફ્રિકા અને એશિયા તમાકુ વાપરતા થઈ ગયા.

અમેરિકામાં પ્રારંભિક જઈ વસનારાઓનાં જીવનમાં તો તમાકુ વેપારનું જીવનતત્ત્વ હતી. એક કાળે તો એ નાણાં તરીકે પણ વપરાતી! સમય જતાં તેની લોકપ્રિયતા વધી. પહેલાં એ હોકલીમાં જ વપરાતી, પછીથી તેનાં પાંદડાંની સિગાર બનાવવામાં આવી, વાટીને છીંકણી બનાવવામાં આવી, ખાવામાં વપરાવા લાગી અને અંતે કાગળમાં વીંટાળેલી સિગારેટો બની.

તમાકુની ૪૦ થી ૫૦ જેટલી મોટી જાતો છે. પણ વર્ગીકરણને સરળ બનાવવા માટે અમેરિકાના કૃષિખાતાએ આ જાતોને ૨૬ મુખ્ય પ્રકારોમાં વહેંચી નાખી છે. સ્થળ, પદ્ધતિ, ઉપયોગ, શક્તિ, વાસ, આકાર, કદ અને પાનની ગુણવત્તાને આધારે આ પ્રકારો નક્કી થાય છે અને કેટલાક દાખલાઓમાં વપરાએલાં બીને ધોરણે પણ પ્રકાર નક્કી થાય છે.

કૉલેરાની દવા: અજમાના પાન

૧૯૫૫ સપ્ટેમ્બરના 'ઍન્ટિસેપ્ટિક'માં ડૉ. હેમેન્દ્રનાથ ચૅટરજી, કલકત્તાની ચિત્તરંજન હૉસ્પિટલના મુખ્ય કાયચિકિત્સકે, એક લેખ લખી આપણે કુંડામાં અજમાને વાવીએ છીએ તેનો કૉલેરામાં ઉપયોગ સૂચવ્યો છે. અજમાનાં પાનનાં ભજિયાં ગુજરાતમાં સૌ ખાય છે. પાન જરા જાડાં, કિનારી કાંગરીવાળી, સુગંધી, ખાઈ શકાય એવાં હોય છે, આને અજમો યા અજમોદ કહે છે. શાસ્ત્રીય નામ છે કોલિયસ ઍરોમેટિકસ. નૈસર્ગિક વર્ગ તુલસીનો છે. આ પાનને સારી રીતે ધોઈ કાઢી રોજ કલાક કલાકને આંતરે પહેલી વખત ચાર મોટા ચમચા ભરીને, બીજી વખત ૨ ચમચા ભરીને, ત્રીજી વખત પણ બે ચમચા ભરીને આપવા. જો આ દવા આપ્યા પછી પણ ઝાડા કાયમ રહેતા હોય તો રાતે પણ આ પ્રમાણે રસ ચાલુ આપ્યા કરવો. જ્યાં સુધી ઝાડો સારી પેઠે બંધાઇને ન આવે ત્યાં સુધી આ રસ ચાલુ રાખવામાં આવે છે.

દવા આપતાં વેંત જ કૉલેરાના ચોખાના ધોવણ જેવા સફેદ ઝાડાનો રંગ બદલાય છે, તે પીળા રંગના થવા લાગે છે અને થોડી જ વારમાં ઝાડા બંધાઇને ઘટ્ટ આવે છે. ૨૦૦ કેસો ઉપર આનો સ્વરસ વાપરી પ્રયોગ કરી એમાં જોવામાં આવ્યો હતો. કૉલેરાના દરદીઓને બે વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યા હતા. એક બેચને આ પાનનો રસ આપવામાં આવતો જ્યારે બીજી બેચને કેઓલીન બિસ્મથ કાર્બોનેટ આપવામાં આવતું હતું. પરંતુ પાનના રસ ઉપર રાખવામાં આવતાં દરદીઓનું મરણ પ્રમાણ ઓછું જણાયું હતું.

છેક છેલ્લી અવસ્થામાં આવનાર કૉલેરાના કેસોમાં પણ આ રસનો ઉપયોગ કરી જોવામાં આવ્યો છે અને પરિણામ ઘણું સારું આવ્યું છે.

ભલ ભલી સલ્ફા ડ્રગની બનાવટો, અને ઍન્ટિબાયોટિક્સમાં ટેરામાઇસીન વગેરે બધાં ઔષધોનો ઉપયોગ કૉલેરામાં કરવામાં આવ્યો હતો. આ બધાં કરતાં પાનના રસથી ઝાડા જલદી બંધાઈ જતા હતા એ નિર્વિવાદ છે.

(ભિષગ્ભારતી) —બાપાલાલ ગ. વૈદ્ય

ગણિત ગમ્મતના ઉકેલ

ગણિતના કોયડાના ઉકેલ એક પછી એક એમ વિચારીને લાવવા કરતાં ગણિતના સિદ્ધાંતો ઉપર રચાએલી ચાવીઓ દ્વારા ઝડપથી ને સરળતાથી મળી જાય છે તે અગાઉ આપણે જોયું. એક વધુ દાખલો જોઇએ:

પાંચ ભાઇ પાસે અમુક રૂપિયા છે. રાત્રે મોટા ભાઈ ઊઠી, તેના પાંચ ભાગ પાડી, પોતાનો ભાગ લઇ સૂઈ ગયો. થોડી વારે બીજા ભાઇએ ઊઠી પાંચ સરખા ભાગ પાડ્યા અને પોતાનો ભાગ લઈ સૂઈ ગયો. ત્રીજા ને ચોથાએ પણ તેમજ કર્યું. પરંતુ પાંચમાએ જે બાકી રહ્યા તે લઈ લીધા. આમ છતાં દરેકને સરખા રૂપિયા આવ્યા. તો તે રકમ કઇ?

આના ઉકેલ માટે નીચેની ચાવી અજમાવો: પાંચ ભાઇઓ છે. એટલે પાંચમાંથી એક બાદ કરો એટલેકે ૫—૧=૪; હવે તેને પાંચ વડે ગુણી નાખો, એટલે જવાબ મળી રહેશે: ૪×૫=૨૦ રૂપિયા.

ભાઇઓની સંખ્યા દસની અંદર ગમે તેટલી કલ્પીને આ ચાવી લગાડી શકાશે. દસથી વધારે હોય તો એ સંખ્યા માટે કોઈ બીજી રીતે જવાબ શોધવો જોઇએ. પરંતુ એવી સંખ્યાઓ માટે ઉપરની રીત કામ લાગે છે. કરી જોજો. રસિક એસ. શાહ

ગયા અંકમાં અગત્યના સુધારા

ગયા અંકની 'માધુકરી'માં જેમનું ચરિત્ર અપાયું છે તે શ્રી સરદારસિંહ રાણા હજુ વિદ્યમાન છે એમ અમને શ્રી નંદલાલ શાહ (ગાંધી આશ્રમ અમદાવાદ) લખી જણાવે છે, એ ખબર અમે ઘણા હર્ષથી પ્રકટ કરીએ છીએ. અમે શ્રી રાણાને આ વિષે આનંદ પ્રદર્શિત કરતો તથા અમે 'કાઠિયાવાડ ટાઇમ્સ' ને 'યુવક'-માંથી કરેલા ઉતારાથી અજાણતાં થએલી ભૂલ માટે દિલગીરી વ્યક્ત કરતો પત્ર લખ્યો છે, ને તેના ઉત્તરની પ્રતીક્ષા કરીએ છીએ.

ગયા અંકમાં આપેલું અરદેશ કોટવાળાના ચરિત્રનો મજકૂર તથા તેની સાથે પ્રકટ થએલું ચિત્ર, ડૉ. રતનશા રુસ્તમજી મારૌલના ગાંડિવ સાહિત્ય મંદિર તરફથી પ્રકટ થએલા સચિત્ર પુસ્તકમાંથી લીધાં હતાં તેમનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

ગયા અંકના પાછલા પૂઠામાંના 'લક્ષ્મી-નારાયણ'ના શિલ્પનો પરિચય આપતા લખાણના છેલ્લા શબ્દો 'મુખ્ય પ્રતીક છે, એ રીતે છપાયા છે તેને બદલે 'મુખર પ્રતીક છે' એમ જોઇએ.

ડાંગરની ફોતરીની ઈંટો

અમેરિકાના એક કૃષિ-ઈજનેરે માટી અને ડાંગરની ફોતરીની રાખ સરખે ભાગે લઇને તેમાં પ્રવાહી ડામર ભેળવી વજનમાં હલકી અને સસ્તી ઈંટો બનાવી છે. આ નવી ઈંટો પવન અને ગરમીનો પ્રતિકાર કરી શકે છે અને ખેડૂતોનાં મકાનો માટે ખાસ ઉપયોગી છે. અને વખત જતાં એ વધુ મજબૂત છતાં પોચી બને છે.

સાપ વિષે જાણવા જેવું:

સાપ તેની નજર સામેની વસ્તુઓ જ જોઈ શકે છે, આસપાસની નહિ. સાપ પલકારા મારી શકતો નથી. કેમકે તેને પોપચાં જ નથી હોતાં.* સાપને કાન છે જ નહિ, માત્ર જમીન પર થતો સંચાર જ તે અનુભવી શકે છે.* સાપની લબલબતી ને ભયંકર લાગતી જીભ ખરી રીતે કશી ઈજા કરી શકે એવી નથી હોતી. તેનો તો ખોરાક શોધવામાં ને ચાલતી વખતે આજુબાજુ કંઈ મુશ્કેલી ન નડે તે જોવામાં જ તે ઉપયોગ કરે છે.* સાપના દાંત ગળાની અંદર આવેલા છે; ને તેથી તેમાં ઝડપાએલો શિકાર કદી છટકી શકતો નથી.* સાપ જેટલું પહોળું મોં કોઈપણ પ્રાણી ફાડી શકતું નથી.* સાપણ બચ્ચાંને જન્મ આપતાંવેંત તેમને ખાવા લાગે છે; ને ભાગ્યજોગે જે કોઈ બચ્ચાં છટકી શકે તે જ જીવવા પામે છે. ને છેલ્લે હિંદમાં દર વર્ષે ૨૫ હજારથી વધુ માણસો સર્પદંશને પરિણામે મૃત્યુ પામે છે.

નરસિંહ (અનુસંધાન પૃષ્ઠ ૯૨થી)

રમી રહેવું તે રાસ, અને રાધાકૃષ્ણનો અથવા કૃષ્ણ ને ગોપીઓનો વિહાર તે જીવનો પરમાત્મા સાથેનો યોગ, એમ જ હશે. નરસિંહે કૃષ્ણલીલાને જ સર્વથા ગાઈ છે. તેનાં કાવ્યોને અનુક્રમ પ્રમાણે ગોઠવતાં ભાગવત દશમસ્કંધ પૂર્વાધમાંથી કૃષ્ણજન્મ, બાળલીલા, નાગદમન, દાણલીલા, માનલીલા, રાસક્રીડા, ગોવિંદગમન, આદિ છૂટાંછૂટાં પ્રકરણોમાંથી કંઈક એકતા અને સમગ્રતાનો ખયાલ આવી શકે છે; ઉત્તરાર્ધમાંથી સુદામાચરિત્ર તથા રુક્મિણીવિવાહનું પદ પ્રાપ્ત છે. આટલા ઉપરથી તેણે આખા દશમસ્કંધની કથા કદાચ ગાઇ હોય એવું અનુમાન કરવાને અવકાશ તો રહે છે.

નરસિંહનાં ભક્તિબોધ અને જ્ઞાનનાં પદો સંખ્યાની દૃષ્ટિએ ઓછાં નથી, પણ તે લોકોમાં પ્રિય અને કંઠસ્થ વિશેષ થયાં છે. એમાંનાં ઘણાં નરસિંહની ફાવટના ઝૂલણા બંધમાં છે અને તે વર્ષોથી પ્રભાતમાં ગવાતાં હોઇ પ્રભાતિયાં કહેવાય છે. જેમ નરસિંહ-મીરાંનાં પદ, અખાશામળના છપ્પા, વલ્લભના ગરબા, ધીરાની કાફીઓ, ભોજાના ચાબખા અને દયારામની ગરબીઓ, તેમ નરસિંહનાં પ્રભાતિયાં તેની લોકખ્યાત અથવા કીર્તિદા કવિતા છે. જોકે પ્રાચીન કવિઓમાં બનતું જ આવ્યું છે તેમ નરસિંહની કૃતિઓમાં યે બીજાઓએ લખેલી કૃતિઓ નરસિંહને નામે ચડાવી દેવામાં આવી છે. કેટલાક કહે છે કે 'સુરત-સંગ્રામ' એ આખું નરસિંહનું લખેલું નથી; તેમજ 'વૈષ્ણવજન' પણ નરસિંહનું નથી પણ કવિ દલપતરામે લખીને તે નરસિંહને નામે ચડાવી દીધું તેમ કેટલાક માને છે. છતાં તે માટે પ્રમાણભૂત આધાર હજુ કોઈ તરફથી બતાવી શકાયો નથી. 'ભૂતળ ભક્તિપદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહીં રે' જેવો ભક્તિનો અપૂર્વ મહિમા નરસિંહે બુલંદ કંઠે ગાયો છે.

ગાંધીજીને અતિપ્રિય 'વૈષ્ણવજન તો તેને કહીએ', 'સુખદુ:ખ મનમાં ન આણીએ' અને 'જે ગમે જગતગુરુ દેવ જગદીશને' જેવી બોધવાણી સંભળાવતાં નરસિંહનાં પદ તો ઘણાં પ્રસિદ્ધ છે. પણ આથી વિશેષ આકર્ષક છે એનાં જ્ઞાનનાં પદો. 'સમરને શ્રી હરિ મેલ મમતા પરી, જોને વિચારીને મૂળ તારું'; 'ધ્યાન ધર ધ્યાન ધર નેત્રમાં નાથ છે અંતર ભાળની એક સુરતી' અને 'જ્યાં લગી આતમાતત્ત્વ ચીંત્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી' જેવી પંક્તિઓવાળાં પદોમાં આત્મતત્ત્વની ખોજ કરવાનો આદેશ આપતો નરસિંહ, 'જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે' અને 'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે' એ પંક્તિઓથી શરૂ થતાં પદોમાં ઉપનિષદોની કોટિની કાવ્યમય જ્ઞાનવાણી લલકારતો દેખાય છે. આ પદોમાં કાવ્યત્વના ઉદ્રેક સાથે સ્વાનુભૂતિનો પ્રબળ રણકાર છે. પૂર્વાવસ્થામાં જેમ 'ભાગવત' અને 'ગીતગોવિંદ'નો, તેમ ઉત્તરાવસ્થામાં નરસિંહે ઉપનિષદનો અને અદ્વૈત વેદાન્તસિદ્ધાન્તનો પરિચય કાં જાતે વાંચીને, કાં સાધુસંતો પાસેથી મેળવ્યો હોય એમ અનુમાન થાય છે. અથવા ભાગવતમાંની કૃષ્ણલીલા અને ભક્તિ પછી ભાગવતોક્ત વેદાંત ભણી નરસિંહ વળ્યો હોય. તેની કવિતા લાલિત્ય (જેમ ભક્તિશૃંગારની કવિતામાં) તેમ ભવ્યતા (જેમ જ્ઞાનનાં 'નીરખને ગગનમાં' જેવાં પદોમાં) ઉભયનું દર્શન કરાવે છે. એની કવિતા પ્રયત્નસિદ્ધ કે લખવા ખાતર લખાએલી કવિતા નથી. એ તો એક ભક્તની સાહજિક હૃદયવાણી છે, ને સાચી કવિતા છે. નરસિંહ મુખ્યત્વે ભક્ત, એનું કવિપણું આનુષંગિક જ, છતાં કવિ તરીકે ય તે મોટો છે. પંદરમા શતકનું જ નહિ, સમગ્ર ગુજરાતી સાહિત્ય એને લીધે ઊજળું છે. (મુખ્યત્વે શ્રી કે. કા. શાસ્ત્રીના 'કવિચરિત' અને શ્રી અનંતરાય રાવળના 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય' ઉપરથી સંકલિત)

ગણેશ વાસુદેવ માવલંકર (અનુ૦ પૃ. ૮૮થી) હરિજન આશ્રમ તથા બીજી પચાસેક સામાજિક તેમજ કેળવણીની સંસ્થાઓના પણ તેઓ ટ્રસ્ટી અને પ્રમુખ હતા. છેલ્લે છેલ્લે તો એમણે રાજકીય જીવનમાંથી નિવૃત્ત થઈને આવાં સેવા-કાર્યમાં જ શેષ જીવન વ્યતીત કરવાનો નિરધાર પણ કર્યો હતો.

શિક્ષણના ક્ષેત્રમાં એમણે કરેલું કામ પણ એટલું જ ઊજળું ને અજોડ છે. ઈ. ૧૯૨૯માં સાઈમન કમિશનના બહિષ્કાર માટે ગુજરાત કૉલેજના વિદ્યાર્થીઓએ હડતાલ પાડેલી ત્યારે તેની આગેવાની લઈ એમણે જે માનભર્યું પરિણામ ઉતાર્યું હતું ને વિદ્યાર્થીઓને યશ અપાવ્યો હતો તે દિવસથી તેમના મનમાં એક સંકલ્પ બંધાઇ ગયો હતો કે અમદાવાદમાં સરકારી અંકુશ વગરની કૉલેજ હોવી જોઇએ. રત્નાગિરિની નજરકેદમાં પુરાયા ત્યાં એ વિચારે જોર કર્યું અને ત્યાંથી પત્રો દ્વારા મિત્રોને એ બાબત યાદ દેવડાવીને, અહીં પણ પૂનાની ઢબે મેમ્બરશિપથી સંસ્થા શરૂ કરીને જનતાનો આગળપડતો હિસ્સો લઈ પછીથી શ્રીમંતોને તેમાં ખેંચવાની યોજના એમણે જણાવી. તે ઉપરથી ૧૦૦ રૂપિયાના સભ્યો કરીને અમદાવાદ એજ્યુકેશન સોસાએટી સ્થપાઈ,ને છેવટે શેઠ કસ્તૂરભાઈ વગેરે પાસેથી શાહી સખાવત મેળવવામાં અગ્રભાગ લઈ એમણે એ ખયાલને મૂર્ત કર્યો. આજે અમદાવાદમાં આઠ કૉલેજો ચલાવી રહેલી એ અમદાવાદ એજ્યુકેશન સોસાએટીના અનુસંધાનમાં 'ગુજરાત વિશ્વવિદ્યાલય મંડળ' યોજીને તે દ્વારા 'ગુજરાત યુનિવર્સિટી'નો પાયો પણ એમણે જ નાખ્યો. આમ, મહારાષ્ટ્રના વિદ્યાપ્રેમ ને ગુજરાતની કુનેહનો એમના જીવનમાં સંગમ થયો હતો.

પાર્લામેન્ટના અંતરંગમાં જેવી લોકશાહી માટે એવી જ તેના બહિરંગમાં તેની આકર્ષકતા અને પ્રેરકતા માટે પણ તેઓ ચિંતા કરતા. આંતરરાષ્ટ્રીય પાર્લામેન્ટરી સંમેલનો વખતે યુરોપનાં કેટલાંક પાર્લામેન્ટગૃહોમાં રાષ્ટ્રીય ઇતિહાસનાં ભવ્ય ભીંતચિત્રો જોઇને એમનું મન પણ પ્રસન્ન થએલું, અને આપણી પાર્લામેન્ટની ભીંતો પર પણ ભારતના ઇતિહાસનાં એવાં ચિત્રો આલેખાવવાનો પ્રયત્ન કરવાની પોતાની મનીષા વ્યક્ત કરતાં એમણે કહેલું કે 'દેશને ખૂણેખૂણેથી વિદ્યાર્થીઓ પાર્લામેન્ટની કામગીરી જોવા આવે ત્યારે આ ભીંતચિત્રોમાંથી પણ દેશને વિષેની ઉચ્ચ ભાવના લઈ જાય એવી મારી ઇચ્છા છે.'

અંગ્રેજીમાં જેને 'મૅન ઑવ વિઝડમ' કહે છે એવા અનુભવડાહ્યા એ પુરુષ હતા. કોઈ જાહેરકામ વિષે એમને પૂછે કે 'તમારું પેલું કામ કેટલે આવ્યું?' તો તેઓ તરત જવાબ દેતા કે 'તમારા સુધી.' એ ઉત્તરમાં એ બે હેતુ સારતા. એક તો એમ સૂચવીને કે મિથ્યા કુતૂહલથી નહિ પણ સહૃદય વૃત્તિથી સૌ માણસોએ જાહેર કામોમાં રસ લેવો જોઇએ; અને બીજો એ કે 'તમે એમાં રસ લીધો માટે તમારા સુધી તો આવ્યું જ છે.' ને રસ લેનારા માણસોની સંખ્યા જેટલી મોટી તેટલી તે કામની પ્રગતિ વધારે. 'એક માણસ પાસેથી લાખ રૂપિયા લેવા કરતાં લાખ માણસ પાસેથી એકએક રૂપિયો મળવાથી જે કામ થાય તે વધારે સંગીન છે. એમાં લાખ રૂપિયા કરતાં લાખ માણસોને એક જાહેર કામ અંગે પ્રત્યક્ષ કેળવણી મળી એ જ મોટી વાત છે.' આવાં એમનાં વ્યવહારસૂત્રો હતાં.

સાહિત્યનું સીધું સર્જન કરવાની વૃત્તિ કે દાવો એમનો કદી હતો નહિ, પણ વિદ્યાપ્રેમ એમનામાં તીવ્ર હતો, અને એ પ્રેમને પરિણામે જ અમદાવાદની 'ગુજરાત વિદ્યાસભા' જેવી શિક્ષણ અને સાહિત્યપ્રચારની ૧૦૮ વર્ષ જૂની પીઢ સંસ્થાના પ્રમુખપદેથી એમણે વિદ્યાવિસ્તાર, ઉચ્ચ અભ્યાસ અને સંશોધનના ક્ષેત્ર માટે જે અમોલ કાર્ય કર્યું છે તે અજોડ છે.

ઈ. ૧૯૨૭ના ડિસેમ્બરની ૨૬મી તારીખથી એમણે નિયમિત ડાયરી લખવી શરૂ કરી હતી અને તે ચુસ્ત આગ્રહથી ચાલુ રાખી હતી, જેનો કેટલોક ભાગ અમદાવાદના મહારાષ્ટ્ર સમાજની પત્રિકામાં બહાર પડ્યા બાદ 'કાહીં પાઉલે' નામથી મરાઠીમાં પ્રસિદ્ધ થયો છે. એ ઉપરાંત, અંગ્રેજીમાં પોતાના વકીલજીવનનાં સંસ્મરણો આલેખતું પુસ્તક 'માઈ લાઈફ ઍટ ધ બાર', ગાંધીજી સાથે વીતેલા જીવનખંડના 'સંસ્મરણો' અને રાષ્ટ્રીય લડત વખતે ભોગવેલા જેલવાસ દરમ્યાન સમાજના ભયંકર ગણાતા ગુનેગારો ને ખૂનીઓના સંપર્કમાં આવતાં તેમનો પરિચય સાધી નિઃસ્વાર્થભાવે તેમની સેવા કરવાની બુદ્ધિથી તેમના જીવનમાં જે ડોકિયું કર્યું તેને પરિણામે થએલું દર્શન આલેખતાં હૃદયની અનુકંપાયુક્ત 'માનવતાનાં ઝરણાં'–એ તેમનાં અન્ય પુસ્તકો છે. તેમણે એક સાહિત્યકાર તરીકે આ સર્જન નથી કર્યાં, છતાં જે તેમણે લખ્યું છે તે અનાયાસે સાહિત્યની કોટિમાં આવે છે. વાચક સાથે સહજમાં આત્મીયતા સાધવાની અને અનુભવોને સાદી, સરલ, પ્રાસાદિક તથા રસમય શૈલીમાં રજૂ કરવાની એવી ઉભયવિધ સાહિત્યિક એમની શક્તિનાં એમાં દર્શન થાય છે.

શારીરિક શિક્ષણમાં તેઓ દૃઢપણે માનતા અને દરરોજ અમુક સમય નિયમિત કસરત કરતા. પ્રજામાં દૃઢ શરીર અને દૃઢ મનોબળ બંને કેળવાવાં જોઇએ એમ તેઓ માનતા, અને નાગરિકોમાં સ્વરક્ષણનો ઉત્સાહ પ્રેરવામાં સહાયભૂત થવાના આશયથી જ તેઓ 'નૅશનલ રાઇફલ એસોસીએશન' જેવી સંસ્થાના સરનશીન થયા હતા.

દાદાસાહેબના પૂર્વજો તો જોકે આજથી સોએક વર્ષ પર ગુજરાતમાં આવીને વસ્યા હતા; તોપણ સામાન્યતઃ મહારાષ્ટ્રીઓ ધંધારોજગાર કે નોકરી અર્થે પરપ્રાંતમાં પેઢીઓ વીત્યા છતાં પોતાના પ્રાંત ને સંસ્કારની અસ્મિતા વિષે સંકુચિત લાગે એટલા ચુસ્ત હોય છે. દાદાસાહેબ એમાં વિરલ અપવાદ હતા. ગુજરાતમાં આવીને પોતાની જાતને ગુજરાતની સેવા અને ગુજરાતના સંસ્કાર સાથે એકરૂપ કરી નાખનારા એવા બે સુભગ અપવાદ આપણે અનુભવ્યા છે: દાદાસાહેબ માવળંકર અને કાકાસાહેબ કાલેલકર. તેમાંયે પરિવ્રાજક કાકાસાહેબ કરતાં ક્ષેત્રસ્થ દાદાસાહેબની સેવાનાં સાતત્ય અને હૂંફ ગુજરાતે વધારે અનુભવ્યાં છે. અમદાવાદની જનતા, અમદાવાદના નગરજીવન, અમદાવાદની મ્યુનિસિપાલિટી અને અમદાવાદના શિક્ષણ–સંસ્કાર અર્થે સ્થાપેલી અમદાવાદ એજ્યુકેશન સોસાએટી–જેમાંથી ગુજરાત યુનિવર્સિટીનું વૃક્ષ ફાલ્યુંફૂલ્યું–એ સર્વે કાજે વીતેલું એમનું સેવાસમૃદ્ધ જીવન જોતાં એ નર્યા અમદાવાદી—ગુજરાતી જ હતા.

એકાદ વરસ પહેલાં એમના પર હૃદયરોગનો હુમલો થએલો. એનું હમણાં ફરી આક્રમણ થએલું, પણ એમાંથી તબિયત નિશ્ચિતપણે સુધરતી ચાલેલી. પરંતુ વિધિનું નિર્માણ અન્યથા હતું. "એમની તબિયત હવે સુધરતી રહી હોવાથી તે અંગેનો રોજિંદો દાક્તરી અહેવાલ હવેથી બહાર પાડવામાં નહિ આવે" એવા સમાચાર જે દિવસે સવારે છાપાંઓએ આપ્યા, બરાબર તે જ દિવસે, એક જ કલાક બાદ, મૃત્યુએ પ્રજામાં ફેલાએલું એ શાતાનું વાતાવરણ એકાએક શોકમાં ફેરવી નાખ્યું.

અણીશુદ્ધ પ્રામાણિકતા, નિર્મળ ન્યાયનિષ્ઠા, નિર્વ્યાજ સેવાવૃત્તિ, અનુભવી દીર્ઘદૃષ્ટિ, સંસ્કારશુદ્ધ ચારિત્ર્ય ને સહૃદય સૌજન્યથી મંડિત વ્યક્તિત્વની મહોર પોતાના સંપર્કની એકેએક વ્યક્તિ અને સંસ્થા પર મૂકી જનાર દાદાસાહેબના જવાથી દેશે એક સમર્થ સપૂત ગુમાવ્યો છે, પણ ગુજરાતે તો પોતાના સાંસ્કારિક ઉત્થાનનો એક અનન્ય ઘડવૈયો ગુમાવ્યો છે.

(વિવિધ સામયિકો તથા લેખકોનાં લખાણો ઉપરથી સંકલિત)

શ્રી ચંદ્રવદનની આપકથામાં પ્રવાસ કરી શકતા, પણ હવે તો એવી કોઇ તક જ મળતી નથી. 'કુમાર' વૈવિધ્ય જાળવે છે એ બદલ ઘણી જ પ્રશંસા, પરંતુ 'કુમાર'માં પ્રવાસવર્ણન તો ભાગ્યે જ જોવા મળે છે. સાહિત્યનો આ પ્રકાર પણ 'કુમાર' અવારનવાર આપે તો 'કુમાર'ના પ્રવાસી વાચકોને વિશેષ ગમશે. બકુલ ત્રિપાઠી તો 'કુમાર'માંથી (અને ભૂલતો ન હોઉં તો સાહિત્યની દુનિયામાંથી પણ) અદૃશ્ય થયા હોય એમ લાગે છે.

(ઊંઝા) —'શબનમ'

અંક ૩૮૧માં શ્રી ઉદાણી અને શ્રી ભૂપેન્દ્ર કલા વિષે ચર્ચા કરે છે. આપણા લોકો કલાના વિષયોમાં વધુ રસ નથી લેતા, મારા મત પ્રમાણે તો શ્રી ભૂપેન્દ્રની સૂચના ઉપર વધુ ધ્યાન અપાવું જોઈએ. કલા વિષે તથા કલાકારો—ખાસ કરીને હિંદના માજી કલાકારો, કલાગુરુઓ, તેમ હાલના કલાકારો—નાં જીવનચરિત્રો તેમજ તેમની કલાકૃતિઓનાં ચિત્રો સાથેના લેખો અપાય તો ઉતાવળે નહિ તો ધીરેધીરે પણ જનસમૂહમાં કલાવૃત્તિ ફેલાય.

'કુમાર' નો જન્મ આપણા પ્રખ્યાત કલાગુરુને હાથે થયો છે. તેને લઇ કલાકારો ને કલાકૃતિઓનો વધુ હક્ક આ માસિક પર કહેવાય.

(નાગપુર) —એસ. વાઇ. મલેક

૩૮૩માઅંકમાંગણિતગમ્મત(છેલ્લુંપાનું)-ના અનુસંધાનમાં ૩ (ત્રગડા)ની જેમ છગડા અને નવડાના વર્ગો પણ કાઢી શકાય, કારણ કે ૬ અને ૯ પણ ૩ની જેમ ૯નાં અવયવો છે ને આંકડાઓમાં નવડાની કરામત ઘણી જ છે.

(૬)^2=૩૬

(૬૬)^2=૪૩૫૬

(૬૬૬)^2=૪૪૩૫૫૬

(૬૬૬૬)^2=૪૪૪૩૫૫૫૬

(૬૬૬૬૬)^2=૪૪૪૪૩૫૫૫૫૬

જેટલા છગડા હોય તેમાંથી એક બાદ કરીએ એટલા ચોગડા ત્રગડાની આગળ મૂકવા અને ચોગડાની સંખ્યા જેટલા જ પાંચડા ત્રગડાની પાછળ મૂકવા.છેવટે છગડો મૂકવો.દા.ત. ૬૬૬૬૬૬૬નો વર્ગ કરવો હોય તો ૭–૧=૬ એટલે છ ચોગડા ત્રગડાની આગળ અને છ પાંચડા ત્રગડાની પછી મૂકી છેવટે છગડો મૂકવો. ૪૪૪૪૪૪૩૫૫૫૫૫૫૬.

(૯)^2=૮૧

(૯૯)^2=૯૮૦૧

(૯૯૯)^2=૯૯૮૦૦૧

(૯૯૯૯)^2=૯૯૯૮૦૦૦૧

(૯૯૯૯૯)^2=૯૯૯૯૮૦૦૦૦૧

જેટલા નવડા હોય તેમાંથી એક બાદ કરીએ એટલા નવડા મૂકવા. પછી એક આઠડો મૂકવો. પછી જેટલા નવડા મૂક્યા હોય તેટલાં મીંડા મૂકવાં ને છેવટે એકડો મૂકવો. દા. ત. ૯૯૯૯૯૯ના વર્ગ માટે ૬–૧=૫ માટે પાંચ નવડા મૂકવા એક આઠડા પછી પાંચ મીંડાં મૂકવાં અને એક એકડો મૂકવો: ૯૯૯૯૯૮૦૦૦૦૦૧.

(પોરબંદર) —શિવજી કાટબામણા

પત્રમિત્ર વિભાગમાંથી 'સંગ્રહ'ના શૉખ સિવાયના શૉખવાળા મિત્રો બહુ ઓછા મળે છે. મેં સપ્ટે. '૫૪માં 'કુમાર'માં Modern Gujarati shortstories, radio-plays and poetryની hobbies સાથે નામ આપેલું ત્યારે ફક્ત એક જ મિત્રનો પત્ર મળ્યો ને તેણે પણ થોડા વખતથી લખવું બંધ કર્યું.

તો વિનંતી કે જેમને સાહિત્ય-વાંચનમાં, લેખનમાં સમગ્ર-રીતે યા તેના એકાદ અંગમાં રસ હોય તેમનાં નામ જુદાં છપાય તો સારું.

(પાટણ) —પ્રિયવદન ર. શાહ

[જુદાં છાપવાનું તો શક્ય નથી, પણ આ ભાઈ ઇચ્છે છે તેવા શૉખવાળાને પોતાનો શૉખ દર્શાવી ખાસ લખવાની ભલામણ છે.]

ગુજરાતી માસિકોમાં 'કુમાર' એ એક જ એવું માસિક છે જે અનેક રસો ધરાવે છે. એમાં જો રાજકારણનો પ્રશ્ન છણવામાં આવે તો મને લાગે છે કે પરદેશોમાં રહેતા ગ્રાહકોને ઘણો લાભ થાય અને ગ્રાહકોની સંખ્યામાં પણ સારો એવો વધારો પણ થાય. આશા રાખું છું કે આજ નહિ તો ભવિષ્યમાં પણ 'કુમાર' રાજકારણના વિષયને આવરી લેશે.

(કંપાલા) —ચંદ્રકાન્ત સોનેજી

જાન્યુ. '૫૬ના 'કુમાર'માં આવેલી 'એક ગધેડાની વાત'ના છેલ્લા વાક્યમાં બે સ્થળે 'શ્વેતકર્ણ'નો ઉલ્લેખ છે ત્યાં 'લંબકર્ણ' જોઇએ.

(માંડવી-કચ્છ) —જગદીશ શાહ

ગુજરાતીમાં હસ્તકારીગરીની વસ્તુઓ, (handicraft) જેવી કે લાકડું, ચામડું, કાગળ, પૂઠું, પતરું કે એવી કોઈ બીજી ચીજો પરથી જે સહેલાઈથી ઘેર બનાવી શકાય, અને બહાર કરતાં સસ્તી પડે તેનાં પુસ્તકો હોય તો એમનાં નામ, કીમત અને ક્યાં મળી શકશે તેની વિગત મોકલશો તો આભારી થઈશ. જો ગુજરાતીમાં ન હોય તો અંગ્રેજીમાં આવું કોઈ પુસ્તક હોય તો તેનું નામ જણાવશો.

જેવી રીતે ફોટોગ્રાફી, ચિત્રકળા વગેરે બાબતોની માહિતી આપ 'કુમાર'માં આપો છો એવી જ રીતે કારીગરીની વસ્તુઓની માહિતી આપતા હો તો ઘણી જ ઉપયોગી થઇ પડે.

(મુંબાઇ) —રા. ભ. છાદુઆ

[એવાં ખાસ ગુજરાતી પુસ્તકો જાણમાં નથી. અંગ્રેજી પુસ્તકો વિષે કોઈ પણ બુકસેલર પાસેથી એવી ઘણી માળાઓની માહિતી મળશે.]

ગયા જાન્યુઆરીના અંકમાં 'વિશાખાપટ્ટમ' શહેરનો પરિચય આપતાં તેનું મદ્રાસ સુધીનું રેલવે-અંતર ૮૪૪ માઈલ જણાવેલું હતું, તેને બદલે ૪૮૬ માઈલ જોઇએ.

(કરાંચી) —એ. ડી. કરીમ

[ગૅઝેટીઅરમાં તે ૪૮૪ માઈલ આપેલું છે, પણ લેખકે ઉતાવળમાં ભૂલ કરી ૮૪૪ લખ્યા છે. તેની અમને દિલગીરી છે.- તંત્રી]

છેલ્લા પાના ઉપર અનેકાર્થી શબ્દ આપો છો તેવી રીતે જોડણીમાં સરખા લાગતા પણ અર્થમાં ફરક હોય તેવા શબ્દો આપતા જાઓ તો જોડણીની ગમ્મત સાથે જ્ઞાન મળશે.

(મુંબાઇ) —વરજીવનદાસ શાહ


[આવા શબ્દો અગાઉ ત્યાં આપતા જ હતા.]

અંક ૩૮૧માંછેલ્લેપાનેઆપેલ નેપોલિયનના 'Able was I ere I saw Elba' જેવું જ બંને બાજુથી એકસરખું વંચાય એવું એક ગુજરાતી વાક્ય પણ છે: 'લીમડી ગામે ગાડી મલી.'

(મુંબાઇ) —ગુણવંતરાય બલસારા

નવેમ્બરના 'કુમાર'ને છેલ્લે પાને સાંસારિક શાણપણનો બોધ આપતી કહેવત 'અન્ન આહારે ને ઘી વ્યવહારે' આપી છે. તેની જ સમોવડી કહેવત ઝાલાવાડમાં પ્રચલિત છે: 'ધાન ધરપત અને ઘી સંપત': ધાન(અન્ન) ભૂખ શમે તેટલું આપવું જ્યારે ઘી તો સંપત્તિ મુજબ.

(અમદાવાદ) —કિરીટ પ્ર. દવે



કમળપુષ્પ અને કમળપત્રની આકૃતિમાં અનુક્રમે 'કુમાર' અને 'અમદાવાદ'

માગ્યા સમી જગતમાં ચીજ એક પ્રીતિ,
માગ્યે કદી નવ મળે ચીજ તે ય પ્રીતિ.

—ઉશનસ્

સેન્ટ હેલિનાના એકાન્તવાસમાં નેપોલિયન હતો ત્યારે તેણે એક જગ્યાએ લખ્યું છે : 'એલેક્ઝાન્ડરે, સીઝરે, ચાર્લમૅગ્નેએ અને મેં સામ્રાજ્યો સ્થાપ્યાં; પણ અમારી પ્રતીતિની કૃતિઓનો આધાર શાના પર હતો? બળ પર. માત્ર જિસસે પ્રેમ પર પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું, અને આજ પણ જિસસ માટે લાખો અને કરોડો માણસ મરી જવાને તૈયાર છે.'

અનેકાર્થી શબ્દ : **વાર**=ત્રણ ફૂટની લંબાઇનું એક માપ; દિવસના નામને માટે વપરાતો શબ્દ—જેમકે સોમવાર; વખત; ખોટી ઢીલ કે મોડું; ફટકો કે ઘા; ફુરસદ; ધીરજ; ઢાંકણ; દરવાજો; દારૂનો પ્યાલો; નદીનો કાંઠો; બાણ; સમુદાય; મદદ; ખેપ કે ફેરો, લશ્કર; ઢગલો; તરત, સાથે—જેમકે જમતાં વાર.

કહેવતોના અર્થ: 'વાળાવીઆ ને વળી વાટપાડુ'—છૂપી દગલબાજી કે બે કોથળીની રમત કરનારા માણસો માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'મોઢે જીજી ને અંતરમાં બીજી'; 'જતાના જનૈયા ને વળતાના કાંધિયા'; 'ધણીને કહેશે ધા, ને ચોરને કહેશે નાસ'; 'માંહ્યના માંહ્ય ને બહારના બહાર' વગેરે.

જાણો છો? શરીરમાં ગરમમાં ગરમ ભાગ કિડની અને લીવર છે. ◘ આપણા શરીરમાં નાનામાં નાનું હાડકું કાનના પડદા નજીક રહેલું છે. ◘ આપણી બૂમ વધુમાંવધુ ૧૬૦૦૦ ફીટ જઈ શકે. ◘ માનવી એક કલાકના ચાર માઈલની ઝડપે તરી શકે. ◘ ન્યૂઝીલૅંડના વેલિંગ્ટન નામના શહેરમાં વધુમાંવધુ પવન વાય છે. ◘ દુનિયામાં કદી કોઈની સાથે યુદ્ધમાં ન ઉતરી હોય તેવી જાતિ એસ્કિમો છે. ◘ ૧૧૬૨માં સમસ્ત દુનિયામાં દુકાળ પડયો હતો! ◘ હાથ મિલાવવાનો રિવાજ ચહૂદી લોકોએ શોધેલો.

પાણીનાં જંતુથી થતા રોગો વડે ભારતમાં દર વર્ષે ૪૦૦૦ માણસો મૃત્યુ પામે છે.

ફિલ્મ-ઉદ્યોગની શરૂઆત ૧૮૯૫ની ૨૨મી માર્ચે લ્યુમિયર (જેનો અર્થ ફ્રેન્ચમાં 'પ્રકાશ' થાય છે) ભાઇઓએ પારીસની 'ફ્રેન્ચ ઍસેમ્બ્લી' નામની એક ખાનગી સભામાંથી કરી.


બીજા કરતાં દરિયાવાસીઓ અંધારામાં વધુ ભાળી શકે છે.

સહેજ ગરમ પાણીમાં બોળી રાખવાથી લીંબુનો રસ વધે છે.

દીવાના ઘાસતેલમાં કપુરનો કકડો નાખવાથી તે વધારે અજવાળું આપે છે. (૨૫)




ભયંકર તોફાનોનાં વાદળોમાં ફક્ત એક જ ભાગ પાણી અને 30,000 ભાગ વાયુ હોય છે.



આ ૨૨ ઝાડને છ સીધી લીટીઓથી એવી રીતે વહેંચી શકશો કે જેથી પડતા દરેક ભાગમાં ફક્ત એકેક ઝાડ આવે? જવાબ નીચે.



એલન ઑક્ટેવીઅન હ્યૂમ
ભારતના ઉત્કર્ષ માટે કાર્ય કરી ગએલા અંગ્રેજોમાં અગ્રગણ્ય છે. 'કૉંગ્રેસના પિતા' સમા ગણાતા તેઓ ૧૮૪૯માં ઈંડિયન સિવિલ સર્વિસ માટે હિંદમાં આવ્યા અને ૩૩ વર્ષ સુધી અણિશુદ્ધ પ્રામાણિકતાથી પોતાની ફરજ બજાવી. ૧૮૮૨માં નોકરીમાંથી નિવૃત્ત થઈ એમણે હિંદના શિક્ષિત વર્ગમાં રાષ્ટ્રીયતા અને સ્વાતંત્ર્યનો પ્રાણ ફૂંકવા માંડ્યો અને એને પરિણામે ઈ. ૧૮૮૫માં 'કૉંગ્રેસ'ની સ્થાપના થઈ. તેમની આ પ્રવૃત્તિઓ ઉપરાંત તેઓ એક પ્રખર અને અધિકૃત પક્ષીવિદ્યાવિદ્ હતા. એમણે એકઠા કરેલા પક્ષીઓ અને એમનાં ઈંડાંના ૮૦,૦૦૦ નમૂનાઓ એમણે બ્રિટિશ મ્યુઝિયમને આપ્યા છે. ૧૮૪૯માં તેઓ વતન ગયા અને ત્યાં જ ૧૯૧૨માં એમનું અવસાન થયું.



અંગ્રેજી કક્કાના બધા મૂળાક્ષરો અને આંકડાઓ આ આકૃતિમાંથી મળી આવશે.



હૉલૅન્ડની સાથે ખૂબ જ સંકળાએલી ત્યાંની પવનચક્કીઓ એ દેશની નહિ પણ પૂર્વના દેશોની શોધ છે.



ગોકળગાયને ૧૪,૦૦૦ દાંત હોય છે.

૨૬	૨૦	૧૪	૧	૪૪	૩૮	૩૨
૩૪	૨૮	૧૫	૯	૩	૪૬	૪૦
૪૨	૨૯	૨૩	૧૭	૧૧	૫	૪૮
૪૩	૩૭	૩૧	૨૫	૧૯	૧૩	૭
૨	૪૫	૩૯	૩૩	૨૭	૨૧	૮
૧૦	૪	૪૭	૪૧	૩૫	૨૨	૧૬
૧૮	૧૨	૬	૪૯	૩૬	૩૦	૨૪

↑ બધી બાજુથી ૧૭૫નો જ સરવાળો બતાવતા આ ચોરસમાં વિશિષ્ટતા એ છે કે ૧ થી ૪૯ સુધીની એકી સંખ્યા એની મધ્યમાં આવેલા ચતુષ્કોણમાં ગોઠવાઈ છે—અને તે પણ એક ક્રમમાં જ.



માનવ ખોપરીમાં કોઈ દૈવી શક્તિ હોવાનું આંદામાનના આદિવાસીઓ માને છે. રોગ અને ભૂતપ્રેતથી બચવા તેઓ તેને આભૂષણની પેઠે પહેરે છે. એટલું જ નહિ પણ અદલબદલના સોદા કે ગીરવી મૂકવા જેટલી એ કિંમતી ગણવામાં આવે છે.



બરફ વડે પણ અગ્નિ પેટાવી શકાય, જો બહિર્ગોળ કાચની પેઠે એનો ઉપયોગ કરીએ તો.



મગફળી મૂળ બ્રાઝિલની પેદાશ છે. ભારતમાં તો એ પોર્ટુગીઝ જેસ્યુઈટ પાદરીઓ લઈ આવ્યા છે.

→ ૧૭મી સદીમાં પૅરિસમાં ચા પિવાતી હતી; આપણી પેઠે નહિ, પણ તેનું ધૂમ્રપાન થતું.




વ્હેલ જળચર માછલી નહિ, પણ સ્તનપાયી પ્રાણી છે.





મોઆ નામનું શાહમૃગને મળતું આ વિશાળકાય પંખી આજે તો દુનિયા પર અસ્તિત્વ નથી ધરાવતું, પણ વર્ષો પહેલાં એ ન્યૂઝીલૅન્ડમાં જોવા મળતું હતું.



ઉપર પ્રમાણે છ લીટીઓ દોરી.



કલાકણિકા: ઈરાનની ૧૮મી સદીની કાચની કલામય ઘાટની સુરાહી

ગળું બેસી ગયું હોય કે ઉધરસ બહુ આવતી હોય તો આંબાનો મોર મોમાં રાખી ધીમે ધીમે રસ ગળે ઉતારવો. (૨૫)



કાલીયદમન

આબુ ઉપરનાં દેલવાડાના જૈન મંદિરસમૂહમાં વિમળશાહના મંદિરમાં વાયવ્ય ખૂણાની ભમતીની છતમાંનું શિલ્પ

(ફોટો · શ્રી અમૃતલાલ સોમપુરાના સૌજન્યથી)

ગુજરાતના મધ્યકાલીન શિલ્પના ભંડાર સમ આબુ ઉપરનાં દેલવાડાનાં જૈન મંદિરો ભાતગૂંથણી (ડિઝાઈન)ની વિવિધતા અને કોતરણીની બારીકી-ની દૃષ્ટિએ બેનમૂન અને બીનહરીફ છે. એની સપ્રમાણતા, ઝીણવટ અને વળાંકોનું લાસ્ય જોતાં તો જાણે કારીગરોએ આરસપહાણને માખણ સમજીને કોર્યો હોય એવું લાગે. એના સ્તંભો પરની લાવણ્યમયી પૂતળીઓ, ઘૂમટોની અંદરનાં વિકસિત કમળ આકારનાં ઝુમ્મરો, બારીક જાળી કોતરી હોય એવાં તોરણો અને ભૌમિતિક આકૃતિઓની મનોરમ લીલા દાખવતી છતો, બધું જ મુગ્ધકર છે. એવી એની અનેક છતોમાંની કેટલીકમાં વિવિધ દેવદેવીઓ તથા તજ્જન્ય કથાપ્રસંગોનાં ભાસ્કર્ય કોતરેલાં છે, જે પૈકીની બે કૃતિઓ ભાતગૂંથણીની મનોરમતા, સંયોજનની સપ્રમાણતા અને પ્રસંગની ગતિશીલતાની દૃષ્ટિએ શ્રેષ્ઠ છે: એક 'નૃસિંહાવતાર' અને બીજી 'કાલીયદમન'. નૃસિંહાવતારનું શિલ્પ અગાઉ કરેલા અંકમાં અમે પ્રકટ કરી ચૂક્યા છીએ. તેની તોલેનું એટલું જ ઉત્કૃષ્ટ બીજું શિલ્પ આ ઉપર આપ્યું છે. દેલવાડાનાં શિલ્પોના જે ગુણોનો નિર્દેશ ઉપર કર્યો છે તેની પ્રતીતિ આ કલાકૃતિ આપી રહે છે



ગ્રામકન્યા
ચિત્રકાર · યજ્ઞેશ્વર શુક્લ